શૂન્યાવકાશ

(વાર્તા સંગ્રહ)

નયન નિમ્બાર્ક

VISIT…

LANZAROTE Caliente.COM



શૂન્યાવકાશ

નયન નિમ્બાર્ક

Shoonyavkash

શૂન્યાવકાશ સમર્પિત છે

હર જીવનમાં જીવાતી વાર્તાઓને......

પ્રસ્તાવના

શબ્દોની દુનિયા ખરેખર ગજબની હોય છે .. લાગણીઓ શબ્દો સાથે અવતરે, જીવે, વિસ્તરે અને મરે પણ ખરા!! કાવ્ય રચનાઓમાં થોડા વાક્યોમાં ઘણું બધું કહેવાતું.. પણ વાર્તામાં વિસ્તૃતતા હોય છે.. કાવ્યનું મોઘમ અહી નથી ચાલતું પણ વધુ અને બધું સ્પષ્ટ તથા પ્રવાહી હોવું જોઈએ.. એ બધી બાબતો શરૂઆતમાં આશ્ચર્યકારક હતી.. પણ લખવાની શરૂઆત થઇ .. અને લખાતું ગયું..

'પ્રથમ સ્પંદન', 'અ-પૂર્ણવિરામ' તથા 'અંતિમ સ્પંદન'ને વાચકોએ આવકારી.. એ જ રીતે, 'શૂન્યાવકાશ' વાચકોના હાથમાં..

વાચકોને ગમશે, અને વાચકોનો આવકાર, પ્રેમ અને લાગણીઓ ફરીથી મળશે જ એવી આશા..

નયન નિમ્બાર્ક

nayan.nimbark@gmail.com

અનુક્રમણિકા

‘સ્વાભિમાન’

દરેક બાપની આંખમાં દીકરીના જન્મથી આંસુની એક ધાર ઉછરતી હોય છે અને વિદાયની એ ક્ષણે એ આંસુની ધારનું ઝરણું ફૂટી નીકળતું હોય છે!!

દિલીપભાઈ, તમારી આંખો પણ આજે તરબતર હતી, દીકરીને આજે સાસરે વળાવતા!! સ્વરાના જન્મથી લઈને આજ દિન સુધીની હર ક્ષણો એક સાથે નજર સામે આવી, રોકાઈ અને વિદાય થતી સ્વરાના પડછાયા પાછળ છુપાતી ચાલી!!

હજુ ગઈકાલ સુધી પરિવારની ખુશી બનીને ઉછરેલી લાડકડી હવે આ ક્ષણથી નવા સ્વજનોની ખુશીની જવાબદારી લઈને ચાલી નીકળી હતી!!

પણ,

આજ કોઈ સામાન્ય સંજોગ અને પરિસ્થિતિ નો’તી..!!

આર્થિક રીતે મધ્યમ વર્ગ હોવું, એ પોતાની રીતે જ શિવની જેમ વિષના ઘૂંટડા કાયમ કંઠમાં સ્થિર કરવા સમાન હોય છે!! વિષને ઓકી પણ નથી શકતાં કે વિષને કંઠની નીચે ઉતારી પણ નથી શકતાં!!

હર તહેવારો, હર વ્યવહારો, હર પરંપરાઓ, હર સપનાઓમાં જીવવું પડતું હોય છે!! અને સૌથી મોટી વાત સ્વમાન સાચવવું પડતું હોય છે!! આ સ્વમાન અને સ્વાભિમાન જ તો મધ્યમ વર્ગની સૌથી મહામૂલી છે ને!!

આંખોના ઊંડાણમાં પોતાના પરિવારના સુખ અને સમૃદ્ધિનું બીજ વાવીને, એ બીજને ઉછેરવા માટે પોતાના રક્તની એક એક બુંદ ક્યારે અને કેવી રીતે સીંચી દીધી હોય, એ માત્ર પરિવારના મોભીઓને ખબર હોય છે!!

એ મોભીઓની ખમીસ, પાટલુન, બંડી અને ચડ્ડીની પરિસ્થિતિ ક્યારેક પોતાના અને દીકરા-દીકરીઓના સપનાઓમાં લાગેલા થિંગડાઓનો દોરો ક્યાંથી આવ્યો, એ કદાચ કહી શકે!!

આવી હર પરિસ્થિતિમાં દીકરા અને દીકરીઓના અભ્યાસ અને લગ્ન પ્રસંગો ઉજવવાની હેમ અને નેમ દરેક બાપની જેમ દિલીપભાઈ તમને પણ હતી જ!!

પચીસીએ પહોંચેલી લગ્ન માટે યોગ્ય સંસ્કારી દીકરી પણ ભણી ગણીને પિતાનો અને ઘરનો ભાર ઓછો કરવા માટે પહેલા વિચારતી હોય. વીસીએ પહોંચેલો અભ્યાસ અને કેરિયર માટે સંઘર્ષ કરતો દીકરો પોતાના સપનાઓમાં સૌથી

પહેલું સપનું 'બાપ'ને નિરાંત અને 'માં'ને શાંતિ આપવાનું રાખતો હોય, એ માં અને બાપ ખરેખર ભાગ્યશાળી જ હોય!! મધ્યમવર્ગના લગભગ દરેક માં-બાપના નસીબમાં આવું જ ભાગ્યશાળી બનવાનું સુખ હોય છે!!

દરેક માં-બાપનું એક સપનું હોય છે કે, મારી દીકરી મોટા ઘરની વહુ બનીને રાજ કરે. એમ દિલીપભાઈ, તમે પણ સ્વરા માટે વિચાર્યું હતું. સદનસીબે એમ બન્યું પણ ખરું. શહેરના નામાંકિત વેપારી એવા મનસુખભાઇ ખાનગી રાહે પોતાના એકના એક રાજકુમાર જેવા સર્વગુણ સંપન્ન દીકરા વિનય માટે ખાનદાન ઘરની સંસ્કારી દીકરી શોધી રહ્યા હતા. સમાજમાં બહુ મોટું નામ એમનું.

ધારે તો એમના ઘરે દીકરીઓના માં-બાપની લાઇન લાગી શકે. પણ એમને જે ખાનદાન ખોરડું જોતું હતું, એની તપાસ અને તલાશ ખાનગી રાહે કરતાં હતાં. સમાજમાંથી વાત જાણવા મળી અને પોતાની રીતે તમારા વિશે, તમારા ઘર વિશે અને દીકરી સ્વરા વિશે બધી તપાસ કરાવીને સંતોષ પામીને પછી, એ દિવસે તમારા ઘરે પોતાના પત્ની જયાબેન સાથે આવ્યા હતા.

આવવાનું પ્રયોજન જાણતાં જ તમને અને તમારા પત્નીને તમારા કાન ઉપર વિશ્વાસ ન બેસવો સ્વાભાવિક હતો!! ખૂબ જ સરળ સ્વભાવના મનસુખભાઈએ એ દિવસે પહેલીવાર સ્વરાને જોઈને કહ્યું હતું કે, આ દીકરીના પગલાં જ્યાં પડશે ત્યાં ઓજસ પથરાશે!! એ સાંભળીને તમારા સંસ્કાર અને સંસ્કારી દીકરીના ચરિત્ર ઉપર તમારી છાતી ગજગજ ફૂલી રહી હતી!!

પછી સ્વરા અને વિનયની મુલાકાત ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું. વિનય અને સ્વરા એકબીજાને મળ્યા. વાતચીત થઈ. બંનેએ એકબીજાને પસંદ કર્યા. મનસુખભાઈએ ફોન કરીને તમને સહપરિવાર એમના ઘરે આવવાનું તમને આમંત્રણ આપેલું.

પહેલીવાર તમે એ મહેલમાં પ્રવેશેલા. એ વિશાળ મહેલની જાહોજલાલી જોઈ તમે ખરેખર અંજાઇ ગયા હતા. મનમાં શંકાનો એક કીડો સળવળ્યો કે, મેં મારા ગજા કરતા મોટું પગલું તો નથી ભરી લીધું ને!! ક્યાં રાજા ભોજ અને ક્યાં હું!! પણ મનસુખભાઇના પરિવારજનોની સહજ નમ્રતાએ એ શંકાને ધીમી અને ઢીલી કરી નાખી હતી!! આમ છતાં, સ્વરા અને વિનયના લગ્નની વાત આગળ વધે એ પહેલાં તમે તમારી પરિસ્થિતિ વિશે વેવાઈને વાકેફ કરવા માંગતા હતા.

થોડા સંકોચ સાથે મનસુખભાઈને એક ખૂણામાં બોલાવીને તમે કહ્યું હતું, મનસુખભાઇ, તમે મારુ ઘર અને પરિવાર જોયો છે. મારી પરિસ્થિતિથી પણ તમે વાકેફ છો. આપણી વાત આગળ વધે, એ પહેલાં હું એ સ્પષ્ટ કરવા માગું છું કે,

હું બહુ નાની હેસિયતનો માણસ છું. મારી પાસેના સંસ્કારો સિવાય હું મારા દીકરા-દીકરીને કાંઈ વધુ આપી નથી શક્યો ને ભવિષ્યમાં પણ કદાચ નહિ આપી શકું!! માફ કરજો, પણ આજે એમ લાગી રહ્યું છે કે ક્યાંક હું મારી દીકરી માટે બહુ મોટું સપનું જોવાની ભૂલ તો નથી કરી રહ્યો ને!!

મનસુખભાઈએ તમારા જોડેલા હાથ પકડી લીધા હતા અને કહ્યું હતું કે, દિલીપભાઈ, આ જે પણ છે એ કોઈક કર્મોના ફળ હશે!! અને જો આ બધું જળવાઈ રહેશે, તો એ પણ કોઈ કર્મોના ફળ હશે!! પણ મારું કુટુંબ પ્રેમ અને લાગણીના તાંતણે બંધાઈ અને જળવાઈ રહે, એ તાંતણો મને તમારી દીકરીના સંસ્કારમાં દેખાયો છે!! હું તમારી ઉપર કોઈ ઉપકાર નથી કરવાનો. તમારી દીકરી આપીને પણ તમે માં-બાપ ઉપકાર કરવાના છો આવી ગુણવાન કન્યા અમને આપીને!! અને ઘણો બોજો હળવો થઈ ગયો હતો તમારો!!

ત્યારે જ પુરોહિતજીને બોલાવીને બંને કુટુંબની સહમતીથી લગ્નની તારીખ નક્કી થઈ ચાર મહિના પછીની એટલે કે 'મે' માં.

મનસુખભાઈએ કહ્યું કે, વેવાઈ કોઈ જ વાતની ચિંતા ના કરતા અને કોઈ જ વાતે મૂંઝાતા નહિ!!

મનસુખભાઈએ ત્યારે તમારી સામે જ ફોન કર્યો અને હાલ બાંધકામ હેઠળ રહેલ સમાજની વાડી 'મે' મહિનાના લગ્નના દિવસ માટે બુક કરીને જ ઉદ્દઘાટન કરવાનું નક્કી કરી લીધું. મનસુખભાઈએ ખૂબ કુનેહપૂર્વક વાડી તમારા નામે બુક કરીને તમારું 'સ્વમાન' સહજ રીતે સાચવી લીધેલું.

મનસુખભાઈના મનમાં જાણે આખોય કાર્યક્રમ નક્કી જ હતો, એમ કહી નાખ્યું કે, બપોરે લગ્ન અને સાંજે એ જ જગ્યાએ વિશાળ રિસેપ્શન સમારોહ રાખીએ તો કેમ!!

તમારી પત્ની સામે તમે ક્ષણિક જોઈ લીધું, અને કહ્યું, હા, ચોક્કસ એમ જ કરીશું આપણે!!

આમ તો ખૂબ જ ઓછો સમય કહેવાય, પણ એક હૈયાધારણા હતી મનમાં કે, થઈ પડશે બધું!!

ઘરે જઈને પોતાના સ્વજનોને એ વાતની વધામણી આપી તમે!! તમારી ખુશી સમાતી નો'તી!!

આવડું મોટું કુટુંબ!! આટલી મોટી પ્રતિષ્ઠા!! સમાજમાં નામના!! છતાંય એટલા જ નમ્ર અને વિવેકી લોકો!! બધું જ સ્વપ્નવત લાગી રહ્યું હતું!!

પણ આપના ધર્મપત્ની વિમળાબેન ચિંતામાં હતા!! એમની ચિંતા આપનાથી છુપાઈ નહી!! તમે પૂછ્યું. વિમળાબેને કહેલી વાત એકદમ સાચી અને વ્યાજબી જ હતી.

આપણે આપણી દીકરીના સુખને જોઈને ખુશ તો છીએ પણ આપણે આવડો મોટો પ્રસંગ ઉજવીશું કેવી રીતે?? વેવાઈની પ્રતિષ્ઠાને કારણે શહેરના મોટા અને પ્રતિષ્ઠિત માણસો લગ્નમાં આવશે અને એ બધાંયને આપણે સાચવવાના, વેવાઈની પ્રતિષ્ઠાને અનુરૂપ એમની આગતા-સ્વાગતા કરવાની!! આપણે કરી શકીશું ખરા??

શું આપણાં સ્વમાનને સાચવીને આ બધું થઈ શકશે??

વાત અને શંકા શબ્દશ:સાચી હતી!!

હવે એ ચિંતા માત્ર વિમળાબેનની જ નહતી પણ તમારી અને વિમળાબેન બંનેની હતી. આ ચિંતાને તમારે તમારા દીકરા-દિકરીથી છુપાવીને રાખવાની હતી!! એમને ખબર પડે તો એ બંને આ બોજો દૂર કરવા માટે સંબંધ જ અટકાવી દેવાના પગલાં ભરતા પણ ન અચકાય!!

બીજી બાજુ વિનય અને સ્વરા એકબીજા સાથે ફોનમાં સંપર્કમાં રહેવા લાગ્યા હતાં. સ્વરા ખૂબ જ સમજદાર દીકરી હતી. જાણતી હતી પોતાની કૌટુંબિક પરિસ્થિતિ. શરૂઆતમાં જ વિનયને બધું જ પારદર્શક રીતે જણાવી દીધું અને પોતાના પિતા પોતાને માટે જે પણ કાંઈ કરશે, એ માત્ર એમની મર્યાદામાં રહીને જ કરી શકશે, એ બાબતે પણ સ્પષ્ટપણે જણાવ્યું હતું. વિનય મનસુખભાઈનો સુપુત્ર હતો અને મનસુખભાઈના બધા જ ગુણો અને સંસ્કાર એનામાં બખૂબી ઉતર્યા હતાં!! એને પોતાને પણ એના ‘સાસરિયા’ તરફથી શું અને કેટલું મળશે, એમાં કોઈ રસ નહતો. જીવનસાથી વિશેની એની પરિકલ્પનામાં સ્વરા બિલકુલ યોગ્ય હતી, એ જ એના માટે પૂરતું હતું. અને આ બધું જ એણે સ્વરાને કહી જ નાખ્યું!!

લગ્નની તારીખ નજીક આવી રહી હતી, એમ તમારી ચિંતા પણ વધી રહી હતી!! વેવાઈ થોડા-થોડા દિવસના અંતરે તમને ફોન કરીને પૃચ્છા કરતાં હતાં, અને કોઈ વાતે ન મૂંઝાવા તમને આશ્વાસન આપતા હતાં. તમારું સ્વમાન અને સ્વાભિમાન તમને એ આશ્વાસન પાછળના શબ્દોનો મર્મ સમજવા છતાંય અવગણવા કહેતું રહ્યું!!

ઘર ગીરવે મૂકીને આખીયે વ્યવસ્થા કરવાનું તમે પત્ની સાથે બેસીને નક્કી કરી ચૂક્યા હતા!! અને એના માટે દીકરા અને દિકરીથી વાત છુપાવવાનું પણ નક્કી

જ હતું, નહિ તો બંનેમાંથી કોઈ પણ તમને એ માટે સહયોગ આપે એ શક્ય નો'તું. બીજી બાજુ એ માટેની તૈયારી તમે આરંભી દીધી હતી!!

ત્યાં એક દિવસ વડાપ્રધાનશ્રીનો રાષ્ટ્રજોગ સંદેશ પ્રસારિત થયો અને કોરોનાને કારણે લોકડાઉન લાગું થઈ ગયું!!

ઘર ગીરવે મુકવાની આખીયે પ્રક્રિયા અટકી ગઈ!!

લોકડાઉન લંબાતું ચાલ્યું!! તમારી અને તમારા પત્નીની મનોદશા ખૂબ જ અઘરી થઈ પડી હતી!!

વેવાઈ મનસુખભાઈ પણ મૂંઝવણમાં હતા!!

લોકડાઉન જે રીતે લંબાઈ રહ્યું હતું એ જોતાં જલ્દી ખોલવાના કોઈ એંધાણ નો'તા અને લગ્નની આખીયે તૈયારીઓમાં ઘણું બધું બાકી હતું. લગ્નની તારીખ બદલવા માટે તમે પૂછવાનું વિચાર્યું અને એ માટે તમે વેવાઈને ફોન કરો, એ પહેલાં જ વેવાઈ મનસુખભાઈનો ફોન તમારી ઉપર આવ્યો.

મનસુખભાઈએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, દિલીપભાઈ, હાલની પરિસ્થિતિમાં ધામધૂમથી લગ્ન ઉજવવાનું શક્ય બને એમ લાગતું નથી. અને લગ્ન પાછા ઠેલાવા પડે, એ અમને યોગ્ય નથી લાગતું. આથી, અમે સૌ કુટુંબીજનોએ નક્કી કર્યું છે કે, જે આપ રાજી હોવ તો આપણે આ પ્રસંગને આપણાં બંને કુટુંબની ઉપસ્થિત પૂરતો રાખીને જ ઉજવીએ!!

તમે સ્તબ્ધતા. શું જવાબ આપવો એ કાંઈ સૂઝતું નહતું.

થોડી ક્ષણોના મૌન પછી આપે ઉત્તર આપ્યો કે, આપને જેમ યોગ્ય લાગે એમ. આમ છતાં, મનસુખભાઈનો આગ્રહ હતો કે તમારા કુટુંબીજનોની સહમતીથી નિર્ણય લેવામાં આવે.

તમારા પત્ની અને દીકરા-દીકરીને બોલાવીને વાત કરવામાં આવી. થોડી ચર્ચા-વિચારણાને અંતે આખું કુટુંબ સહમત હતું. તમે ફોન કરીને મનસુખભાઈને ખુશીના સમાચાર આપ્યા!!

આખરે નક્કી કરેલી તારીખ માટે 'મહારાજ'ને નક્કી કરવામાં આવ્યા. દિલીપભાઈના ફ્લેટના ધાબા ઉપર માત્ર બંને પક્ષના કુટુંબીજનોની હાજરી કુલ દસ જણોની હાજરીમાં પૂર્ણ વિધિપૂર્વક આખોય પ્રસંગ સચવાયો!!

દીકરીના લગ્નની વિદાયવેળા આખરે કોઈપણ બાપ માટે વસમી હોય છે!!

વિદાય થતી દીકરીને ખોબલે ખોબલે આશીર્વાદ આપતી વેળાએ એકવાર આકાશમાં જોઈને ઇશ્વરનો પણ આભાર માનવાનું તમે ચૂક્યા નહિ!!

આખીયે માનવજાત માટે જે કાળ બનીને આવ્યો, એ કોરોનાકાળ કોઈ સ્વાભિમાની બાપને મદદ પણ કરી શકે છે, એ માટે!!

અને આકાશમાં બેઠા બેઠા ઈશ્વર મલકાયો હોય, એમ દિલીપભાઈ તમે અનુભવી શક્યા!!

8.04 pm

22.07.20

“વરસાદ”

આકાશમાં ઉમટી પડતાં વાદળોની સેના..

ચારેઓર વાદળોનો ગળગળાટ..

સૂરજ સામે યુદ્ધ જીતી ચૂક્યા હોય એમ, ઢળતી સાંજને કાળા ડિબાંગ અંધારામાં ફેરવી નાખતું વાતાવરણ..

તાપમાનનો પારો પર્વતની ટોચથી કૂદીને ખીણમાં અચાનક નીચે આવી ગયો હોય એમ વાતાવરણમાં નાટ્યાત્મક બદલાવ હતો. જોરશોરથી પવન વાઈ રહ્યો હતો..

ગરમીના અસહ્ય ત્રાસથી કંટાળેલી આ મહાનગરની પ્રજાને તો જાણે અવસર જેવું થઇ પડ્યું..

લોકોના ચહેરા ઉપર થોડી નિરાંતની રેખાઓ અને વરસાદના આગમનનો હરખ ઉપસી આવતો હતો..

પણ..

આ શહેરમાં એવા પણ કોઈ હતા, જેને આવું વાતાવરણ ચહેરો કાળો કરી નાખતું.

શહેરના છેવાડે આવેલી વસ્તી.

ગંદી ગોબરી વસ્તી.

એ વસ્તીમાં રહેતા લોકો!!

સગવડના નામે ગમાણ જેવો આવાસ.

જેમાં કાં તો કોથળાની દીવાલો હતી અને એમાં પણ જે થોડા સમૃદ્ધ હતા એને જૂના તૂટેલા ફૂટેલા પતરાની દીવાલો અને છત હતી. છ બાય છ કે આઠ બાય આઠનો રજવાડી મહેલ!!

અને એ મહેલની અંદર જ સુખ સગવડની દરેક સુવિધા, છ-સાત જણને રહેવાનું, રસોઈ બનાવવાની, જમવાનું, સૂવાનું.. હા, અહી જ જીવવાનું અને અહી જ ......!!

ઉનાળાની તપતી અને લુ ઝરતી શહેરી સાંજો અને રાતો સહી ચૂકેલાં જીવતે જીવત નર્ક ભોગવતા એ લોક માટે સમી સાંજનો બદલાયેલો વરતારો ખુશનુમા

અને મદમસ્ત નથી.

ગાજવીજ અને તોફાની પવન સાથે તૂટી પડતો મેઘો કોઈના બાપની સાડાબારી નથી રાખતો ને..!!

શહેરની ચકાચૌન્ધમાં વધારો કરતા હોર્ડિંગ્સ જમીનદોસ્ત હતા અને ઘણા ઝાડો પડયાના કોલ ફાયરબ્રિગેડને દોડતા કરી ચૂક્યા હતાં.

ત્યારે છાપરાઓ અને કોથળાઓના તો શું હાલ હવાલ હોય!!

આશરો લેવા આમ તેમ દોડી રહેલા એ વસ્તીના દોડાદોડી અને ચહેલ પહેલ થમી પછી કોને ખબર ત્યાં શુંય થયું હોય!!

વરસતા વરસાદમાં જ્યાં મળ્યો ત્યાં આશરો લઈ આખાય એક યુગ જેવડી લાંબી રાત કાઢીને, આકાશના પૂર્વ ખૂણે બદલાતા આકાશી સવારે અને ઘટતાં જતાં મેઘતાંડવ પછી એક આછો હાશકારો એ વસ્તીના લોકને જરૂર અનુભવાયો હશે..!!

પછી તો કીચડ બની ગયેલી ધરતીમાં, પુરાતત્વ ખાતાના માણસો કોઈ અવશેષ અને માનવ વસાહતના પુરાવાઓ શોધી રહ્યા, એ જ પાત્ર અદાયગી એ વસ્તીના લોક કરી રહ્યા હતા..

પણ,

આ ઘટના કોઈ યુગોમાં બનતી ઘટના નો'તી. વર્ષના હર ચોમાસે અને ગાજવીજ સાથે તૂટી પડતા હર મેઘ આડંબર પછીની હકીકત હતી, જે એ મહાનગરની હયાતીના ઓછાયાથી પણ દૂર કોઈ એક અજાણ છેવાડે જીવાતી રહી છે..!!

-©નયન નિમ્બાર્ક

9.22 pm

25/6/20

“મોબાઈલ”

પંદર દિવસ..!!

એક ક્ષણ જ લાગતી હોય છે સમયને બદલાતાં ને!!

અને એ બસ એક ક્ષણ પછીની આખીયે જિંદગી જડમૂળથી બદલી નાખે છે!!

અઢારેક વર્ષ પહેલાંની એ ક્ષણ નજર સામે હતી કે જ્યારે ‘મનોજ’ આવ્યો હતો જોવા માટે. એવો ગમતીલો હતો કે, તમને તો જોતાં જ ગમી ગયો હતો ને!! ને સોનામાં તો સુગંધ એ ભળી કે, તમે પણ પહેલી નજરમાં એને ગમી ગયા હતા!!

પછી તો એ પરસ પ્રસંગોની વણઝારમાં સગાઈ, લગ્ન અને તમારું મનનાં માણીગર સાથે એ ઘરમાં આવવું..!!

સમયની રેત તો મુઠ્ઠીમાંથી લસરતી ચાલી..!!

એમાં પા-પા પગલી પાડનાર ‘સાહિલ’ જન્મ્યો અને એક પૂર્ણ પરિવાર બન્યો.

મનોજ પણ પરિવારની સુખ સુવિધા માટેના સપનાઓ આંખોમાં આંજીને દોડતો હતો. એની મહેનતનું જ પરિણામ હતું કે, આજે તમારો પરિવાર સુખી અને સંપન્ન જીવન જીવી રહ્યો હતો. પણ એ સમયની અને જીવનની ભાગાદોડીમાં તમને એમ વારંવાર લાગતું કે, મનોજ તમારાથી દૂર થઈ રહ્યો છે.

નાના નાના પ્રસંગોમાં એની ગેરહાજરી અને care ની ઊણપ તમને વર્તાતી હતી. સંબંધ હતો, પણ હૂંફનો અભાવ વર્તાતો હતો. એક જ ઘરમાં ક્યારેક શરીરો ટકરાતાં પણ એમાં ઊર્મિઓ પોતાની ગેરહાજરી નોંધાવતી હતી.

સાહિલના જન્મ પછી એક ઉછળતા કૂદતા દરિયામાં ધીરે ધીરે ઓટ આવવાની શરૂ થઈ પણ એનો અણસાર આવતા પણ વર્ષો નીકળી ગયાં.

છેલ્લા ઘણાં સમયથી ‘દિવ્યા’ તમારા ધ્યાનમાં એ આવ્યું કે, મનોજ હંમેશા વ્હોટ્સએપ અને ફેસબુકમાં ઓનલાઈન જ જોવા મળતો. ઘરે આવવાનો સમય પણ બદલાઈ ગયો હતો. અને ઘરે આવ્યા પછી પણ મનોજ સતત મોબાઈલમાં જ લાગ્યો રહેતો. મોબાઈલમાં જ જોતા જોતા એ ક્યારેક મુસ્કુરાઈ લેતો, તો ક્યારેક ઉદાસ પણ થઈ જતો.

વિશ્વાસના પાયા ઉપર રચાયેલા એક સંબંધમાં અજાણતાં પ્રવેશી ચૂકેલા શૂન્યવકાશનું સ્થાન ક્યારે શંકાએ લઈ લીધું એ પણ ખબર નો’તી રહી તમને

દિવ્યા.

અને એ શંકાને કારણે ટોન્ટથી શરૂ થયેલી વાતો ક્યારે ઉગ્ર સ્વરૂપ લેવા લાગેલી એની પણ ખબર ના પડી.

ઘરના આવા તંગ વાતાવરણને કારણે મનોજની દશા વધુને વધુ વ્યગ્ર થવા લાગેલી પણ તમે કોઈ વાત સમજવા તૈયાર જ નો'તા. એ રીતે હવે અણગમો, ગુસ્સો અને ધૃણા પોતાનું સ્થાન તમારી વચ્ચે લઈ ચૂકી હતી.

તમને એ વાતનો વિશ્વાસ બેસી ગયો હતો કે, મનોજનું કોઈની સાથે 'કાંઈક' છે અને એટલે જ મનોજ હંમેશા ફોનમાં જ લાગેલો રહે છે. એનો ફોન હંમેશા લોક રહે છે અને એના ફોનને અડવાની અને ઉપાડવાની ઘરમાં બધાને મનાઈ છે. એની સામે તમે ઘણીવાર જીદ કરી બેસતા કે મનોજ તારો ફોન લોક ખોલીને મને જોવા દે.

મનોજ લાપરવાહી અને ગુસ્સાથી પોતાનો ફોન તમારી સામે ધરી દેતો. પણ મનોજનો એ લોક થયેલો ફોન ખોલવો તમારાથી શક્ય નો'તું. આખીયે વાત ઝઘડા પછીના સન્નાટા ઉપર આવીને બંધ થતી.

એ ક્ષણ આવી ચૂકી હતી કે હવે મનોજ પણ હવે કોઈ વાતની સફાઈ અને ખુલાસા નો'તો આપતો.

હવે એક ઘર હતું.

ઘરમાં ત્રણ જણા હતા.

જેમાં બે વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ એક ત્રીજી વ્યક્તિના કારણે અટકેલો રહ્યો હતો.

બાકી એ સંબંધમાં એ બે જણાને જાણે કોઈ જ રસ રહ્યો નો'તો.

અને પંદર દિવસ પહેલાં બપોરે લગભગ સાડા બારે મનોજની ઓફિસમાંથી ફોન આવ્યો કે, મનોજને હોસ્પિટલમાં દાખલ કર્યો છે, જલ્દી આવો.

તમે હોસ્પિટલ પહોંચ્યા ત્યારે તમને સમાચાર મળ્યા કે, સીવીયર હાર્ટ એટેક હતો અને મનોજ હવે આ દુનિયામાં નથી.

તમે સાવ જ શૂન્ય થઈ ગયા હતા.

પણ આ પંદર દિવસમાં ..

મનોજનું ના હોવું તમને ઘણું કઠતું હતું.

અઢાર વર્ષથી લઈને એ પંદરમાં દિવસ પહેલાની વાતો વારંવાર નજર સામે આવી.

એ વ્યક્તિની હયાતી જેટલી ખૂંચતી હતી, એનું ના હોવું એનાથી વધારે ચૂભી રહ્યું હતું.

આંસુઓની તો ખાસિયત છે ને કે, અનરાધાર વહે છે અને પછી..

પછી સાવ અટકી જાય છે.

બહુ જ ઈચ્છા હોય વહાવવાની,

જોરથી ચીસ પાડીને રડી લેવાની,

પણ આંસુઓનો બંધ સાવ કોરોધાકોર થઈ ચૂક્યો હોય છે.

'દિવ્યા' તમારા મનમાં ઉપસી ગયેલી મનોજની નવી છબી અને તમે માની લીધેલા મનોજના કરતૂતો ઉપર તમને ગુસ્સો હતો. તમારી હકીકત બની ચૂકેલા એના છૂપા લફડાઓ માટે તમને ભારોભાર રોષ હતો.

એના મોબાઈલને જોવા માટે તમે ઘણીવાર એની સાથે ઝઘડી ચૂક્યા હતા.

હા..

મોબાઈલ...!!

એ મોબાઈલ ક્યાં ગયો???

અને સદભાગ્યે એ જ દિવસે સાંજે ઓફિસનો સ્ટાફ મનોજનો મોબાઈલ તમને આપવા માટે ઘરે આવ્યો હતો.

એમણે કહ્યું કે, મનોજભાઈ એ દિવસે મોબાઈલમાં કાંઈક ટાઈપ કરતા હતા, અને અચાનક એમના હાથમાંથી મોબાઈલ પડી ગયો. એકાદ સેકન્ડમાં મનોજભાઈ પોતે ખુરશીમાંથી ઉથલીને નીચે પડી ગયા. અમે ઓફિસવાળાઓ તરત 108ને બોલાવીને એમને હોસ્પિટલ લઈ ગયા..

ઉતાવળમાં એમનો મોબાઈલ ઓફિસમાં જ રહી ગયો હતો. પણ પછી બધી ઉત્તરક્રિયા અને સામાજિક પ્રસંગોમાં ઓફિસના સ્ટાફને આવવાનું ઉચિત ના લાગ્યું એટલે આજે તેઓ મનોજનો મોબાઈલ આપવા આવ્યા હતા.

તેઓના ગયા પછી તમારું મન ચકડોળે ચઢ્યું હતું.

તમારી સામે તમારી શંકાનું કારણ અને મારણ હતું.

મોડી રાત સુધી હાથમાં મોબાઈલ લઈને શૂન્યમનસ્ક થઈને બેસી રહ્યા.

એમ જ બેઠા બેઠા ક્યારે ઊંઘ આવી ખબર ના રહી.

સવારે ઉઠતા જ મોબાઈલ હાથમાં હતો.

ચાલુ કરવાની કોશિશ કરી પણ ચાલુ ના થયો.

બેટરી ખતમ થઈ ગઈ હશે ને!!

મોબાઈલ ચાર્જ થવા મૂક્યો.

પછી મોબાઈલ ચાલુ કરવાની કોશિશ કરી.

પણ

મોબાઈલ લોક હતો.

તમારા મનમાં કશ્મકશ વધતી જતી હતી.

મોબાઈલમાં, મોબાઈલની ગેલેરીમાં કે મોબાઇલની સોશિયલ એપ્લિકેશનોમાં મનોજ તમારાથી શું છુપાવતો હતો, એ જોવાની ઉત્કંઠતા, શંકા, ઉતાવળ, અધીરાઈ અપાર હતી.

તમે સાહિલને બૂમ પાડી.

સાહિલ આવ્યો.

એને મોબાઈલ આપ્યો અને લોક ખોલવાનું કહ્યું.

એણે પણ પ્રયત્ન કર્યો.

ના ખુલ્યું.

એણે કહ્યું કે, એને બહાર દુકાનમાં આપીને અનલોક કરાવવો છે??

બસ,

તમારો એક નિર્ણય અને તમારી શંકાનું નિવારણ અને કારણ બંને હાથવેંત દૂર હતું.

ના, લાવ. તને પછી કહીશ..!!

કહીને તમે સાહિલના હાથમાંથી મોબાઈલ લઈ લીધો..!!

-©નયન નિમ્બાર્ક

3.23 pm

21.5.20

"સાથ"

રુમઝુમ કરતી એ કંકુ પગલાં કરતી ઘરમાં આવી હતી.

કેવો સોહામણો પ્રસંગ હતો, નહી..!!

લગ્નની ચોરીમાં એનું આગમન. એનું એ ક્ષણિક નજર ઊંચી કરીને મારી સામે જોવું અને મલકાઈને શરમાઈને નીચે જોઈ લેવું. અને પછી હસ્તમેળાપ, સપ્તપદી, વિદાય અને એનું મારા ઘરમાં આવવું.

રૂમમાં સેજ સજી હતી. હું જ્યારે રૂમમાં પ્રવેશ્યો ત્યારે એ હાંફળી ફાંફળી હતી અને એની સાથે આવેલી બેગમાં કાંઈક શોધવાની કોશિશ કરી રહી હતી. બહુ જ ગભરાયેલી લાગતી હતી એ. હું ક્યારે રૂમમાં પ્રવેશ્યો એની પણ એને ખબર નો'તી. એના ખભે હાથ મૂક્યો ત્યારે ડરી ગઈ હતી. ચહેરા ઉપર પરાણે સ્મિત લાવવાની કોશિશ કરતી એ ઉભી થઇ ગઇ અને પોતાનો ડર છુપાવવાની નિષ્કામ કોશિશ કરતી હતી. પરસેવે રેબઝેબ થઈ ગઈ હતી. એને ખભા પકડીને પલંગ ઉપર બેસાડી. પણ એના ચહેરા ઉપર ડર તરી આવતો હતો. મારા મનમાં પહેલી રાતના ઉમંગો કરતાં એનો વિશ્વાસ કેળવવો જરૂરી હતો. એ સાથે અને બાજુમાં હોવા છતાંય જાણે ત્યાં હતી જ નહી. કાંઈક હતું જે છુપાવવા મથતી હતી.

રાત નીકળી ગઈ.

સવારે મારી મમ્મીની ચીસથી મારી ઊંઘ ઊડી ગઈ. એ બેડમાં નો'તી. કાંઈક અમંગળના અહેસાસથી દોડ્યો. એ નાના રસોડામાં હાથમાં ચાકુ લઈને ઉભી હતી અને ચાકુને વિચિત્ર રીતે જોતી કાંઈક અજીબ રીતે હસી રહી હતી અને આંખો પણ ફરી રહી હતી. મારી મમ્મી અને હજુ રોકાયેલા મહેમાનો આવું દ્રશ્ય જોઈને રસોડામાં પ્રવેશવાની હિંમત નો'તા કરી શકતા.

હું રસોડામાં પ્રવેશ્યો એનો હાથ પકડ્યો. એ ડઘાઈ ગઈ અને દરુસ્કેને દરુસ્કે રડવા માંડી. ત્યારે મારી મમ્મી આવી અને એને આગળ રૂમમાં લઈ ગઈ. કોઈને સમજાતું નો'તું કે શું થઈ રહ્યું છે.

બપોરે મમ્મી અને અમારા સગાઓની સામે જ્યારે એણે પોતાની સૂટકેસ ખોલી ત્યારે એક સૂટકેસમાંથી માત્ર કાગળના દૂચાઓ નીકળ્યા. પણ કોઈ કાંઈ બોલ્યું નહી.

સાંજે એ એનાં બધા જ ઘરેણાંઓ પહેરીને ઘરમાં ફરી રહી હતી. મારી મમ્મીએ એને કહ્યું હતું કે,બેટા જે પહેરવા હોય, એ કોઈ એક જ સેટ પહેરી લે. ત્યારે ફરી મારી મમ્મીની સામે ગુસ્સાથી જોવા લાગી હતી. જાણે એની આંખોમાં ખૂન ઉતરી આવ્યું હતું.

રાતે મારા પપ્પાએ એના પપ્પાને ફોન ઉપર વાત કરીને આખા દિવસના ઘટનાક્રમની જાણ કરી ત્યારે એનાં પપ્પા પૂરી નફ્ફટાઈથી બોલ્યા હતાં કે, ચિંતા ના કરો. એને ક્યારેક આવું થાય છે. બે-ચાર ધોલ-ધપાટ મારશો એટલે બરાબર થઈ જશે. મારા પપ્પાએ ત્યારે કહ્યું કે, તમે લગ્ન પહેલા તો આવી કોઈ જાણ ના કરી કે તમારી દીકરીને આવો કોઈ પ્રોબ્લેમ છે. ત્યારે એના પપ્પા વધુ નફ્ફટ થતાં બોલ્યા કે, એમાં કહેવાનું શું હોય, આ કાંઈ એવી મોટી વાત નથી.ક્યારેક દવા ખાવાની રહી જાય કે ટેંશનમાં હોય ત્યારે એને ક્યારેક આવું થઈ જાય છે. મારા પપ્પા સમસમી ગયાં. સામે જ હું ઉભો હતો. છેતરાઈ ગયાનાં ભાવ અને મારા ભવિષ્યની ચિંતા એમના ચહેરા ઉપર ફરી વળી સ્પષ્ટ જોઈ શકાતી હતી. એમણે એના પપ્પાને કહ્યું કે, કાલે સવારે જ આવીને તમારી દીકરીને લઈ જાઓ. અને સામેથી ફોન કપાઈ ગયો.

મારા પપ્પાની આંખો છલકાઈ ગઈ. મને ભેટીને રડી પડ્યા. બોલ્યા, દીકરા, મેં તારી જિંદગી ખરાબ કરી નાખી.

એ પણ ઉભી ઉભી આ બધું જ જોઈ રહી હતી. એ પણ રડતાં રડતા અંદર રૂમમાં ચાલી ગઈ. હું અંદર ગયો. એ બોલી કે, કાલે તમે રૂમમાં આવ્યા ત્યારે હું મારી દવા જ શોધી રહી હતી. મારે તમારી સાથે લગ્ન કરીને તમને છેતરવા નો'તા પણ મારા માં-બાપે મારી કોઈ વાત ના સાંભળી અને આપણાં લગ્ન પહેલાં તમને મળીને કંઈપણ કહી શકું એવો કોઈ પ્રસંગ પણ મારા માં-બાપે બનવા નથી દીધો.

કાલે મારા માં-બાપ ચોક્કસ આવશે. મને લઈ જશે. અને પછી હંમેશની જેમ મને રોજ મારશે. અને ફરી એ ધ્રુસ્કે રહી પડી. હું એના વાંસામાં હાથ ફેરવતો રહ્યો અને એ મારી પાસે ટૂંટીયું વાળીને નાના બાળકની જેમ રડતાં રડતાં જ સૂઈ ગઈ. અમે બંને રૂમમાં હતા એટલે મારાં માં-બાપે મને કાંઈ કહ્યું નહિ, પણ રૂમની બહાર બધાના મનમાં મચેલું ઘમસાણ હું દીવાલો અને દરવાજાની આરપાર અનુભવી શકતો હતો.

સવાર પડી. અગિયારેક વાગે એના માં-બાપ અને સગાઓ આવ્યાં. ઘરમાં ખાસી બોલાચાલી થઈ. પણ નફ્ફટાઈની અને બેશરમીની હદ ત્યારે જોવામાં આવી. એને લઈને ગયા.

કસાઈવાડેથી ભાગેલી ગાયને કસાઈઓ પકડીને ફરી કસાઈવાડે લઈ જતાં હોય અને એની આંખોમાં જે દર્દ, દુખ આજે ચિત્કાર હોય, કાંઈક એવા જ દર્દ, દુખ અને ચિત્કાર એની આંખોમાં એનાં જતી વખતે મેં જોયા.

-©નયન નિમ્બાર્ક

5.10 PM

28.02.2020

“પાપ”

અને કોર્ટે હુકમ કર્યો કે પુરાવાના અભાવમાં આરોપીને નિર્દોષ જાહેર કરવામાં આવે છે.

પણ એના ચહેરા ઉપર ખુશીની કોઈ લકીર ના આવી.

સાવ નિર્લેપતા..!!

કદાચ સજા થઈ હોત તો પણ ચહેરા ઉપર આ જ નિર્લેપતા હોત..!!

કોર્ટમાંથી એકલો બહાર આવી રહ્યો હતો એ..

કોર્ટના એ દરવાજાની બહાર એક આખી દુનિયા ખુલીને ઉભી હતી એ જ પુરાણા એને આવકારવા..!!

પણ હવે નદીમાં ઘણું પાણી વહી ચૂક્યું હતું.

ઘણું બધું બદલાઈ ચૂક્યું હતું.

આંખોમાં કાંઈ પાણી જેવું તરી રહ્યું હતું અને એમાં ભીતરમાં ભરાયેલો ભૂતકાળ પેટાળમાંથી સપાટી ઉપર આવી રહ્યો હતો..!!

રાજસ્થાનના કોઈ એક નાનકડા ગામથી વર્ષો પહેલાં આ મોટા શહેરના રાજરસ્તાઓ ઉપર ઉતર્યો ત્યારે એને જાણનાર કોઈ નો’તું.

કોઈ પુણ્યના પ્રતાપે એને સરકારી નોકરી તો મળી ગઈ. પણ ગામમાં વિધવા માઁને ઝૂંપડીમાં એકલી મૂકીને આ નગરમાં આવવાનો નિર્ણય સહેલો નો’તો. ગામમાંથી જ્યાં ને ત્યાંથી ઉછીના લઈને એની માઁ એ એને શહેરમાં મોકલ્યો.

સાથે એક કાપડની થેલી અને એમાં બે જોડી કપડાં.

પણ હૈયામાં હામ અને નજરોમા કાંઈક સપનાઓ હતાં. જે શહેરના રાજ રસ્તાઓ ઉપરની બિલ્ડીગોની ઊંચાઈઓને જોઈને વધુ દ્રઢ બન્યા હતાં.

નોકરીનો પહેલો દિવસ.

અજાણી જગ્યા. અજાણ્યા માણસો. અજાણી ભાષા. બધું જ અજાણ્યું.

રહેવાની કોઈ જગ્યા હતી નહિ.

ઓફિસના કોઈ દયાવાને પોતાના ઘરની પાછળના ગેરેજમાં બીજી કોઈ રહેવાની જગ્યા ના મળે ત્યાં સુધી રહેવાની સગવડ કરી આપી..!!

ધીરે ધીરે એ ગોઠવાતો ગયો.

પગાર આવતા જ એણે નાનું એવું ભાડાનું મકાન રાખી લીધું. અને થોડી ઘરવખરીની ચીજો લઈ લીધી.

તકલીફો તો ઘણી હતી.

પણ એની આંખોમાં ઘણાં સપનાઓ હતાં અને આ શહેર પાસેથી એણે ઘણું બધુ મેળવવાનું પણ હતું.

થોડા મહિનાઓ પછી માઁ ને ગામથી બોલાવી લીધી.

ધીરે ધીરે એનામાં પણ સરકારી લોહી ચઢવા માંડ્યું હતું. સરકારી રિવાજો અને વ્યવહારો ઊંડાણથી સમજવા લાગ્યો હતો. એની ભૂખ આવડત બનીને ઉઘડી રહી હતી. અને અધિકારીઓમાં એ માનીતો બનતો જતો હતો. અને પ્રમોશન મળતું જતું હતું. આગળ વધતો જતો હતો.

પહેલા ફ્લેટ, પછી ટેનામેન્ટ, પછી નાનો બંગલો અને પછી મોટો બંગલો ક્યારે થઈ ગયો, કાંઈ ખબર ના પડી.

એમ જ સાઈકલમાંથી સ્કૂટર, બાઇક, ગાડી અને મોટી ગાડી ક્યારે આવી એ પણ ખબર ના પડી.

લગ્ન પણ થઈ ગયા.

સુંદર મજાની સન્નારી ઘર શોભાવતી હતી. બે દીકરાઓના કલબલાટથી બંગલો ગૂંજી રહ્યો હતો.

બાળપણમાં જે 'વસ્તુઓનો' અભાવ હતો, ન માત્ર એ બધી વસ્તુઓ જ, પણ હવે સપનામાં પણ આવે એ બધી વસ્તુઓ મેળવતા વાર ના લાગતી.

હવે એની ગતિને કોઈ અવરોધી શકે એમ નો'તું.

એના નામના સિક્કા પડતાં.

એનું નામ પડતાં જ ફાઇલ ક્લિયર થઈ જતી.

રાજકારણીઓ, બિલ્ડરો, બીજા ડિપાર્ટમેન્ટવાળાઓ એમ ક્યાં ક્યાંથી લોકો એનો નંબર મેળવીને ફોન કરતાં, આજીજી કરતાં પોતાનું કામ કરાવવા અને કઢાવવા માટે.

એણે પોતાનું એક આખુંય સમાંતર તંત્ર ગોઠવી કાઢ્યું હતું.

પણ આટલી 'પ્રગતિ' કરવામાં જાણે-અજાણે શત્રુઓ બની જતાં હોય છે.

સીબીઆઈની ઝપટમાં એ આવી ગયો.

એનો દબદબો હતો, એ જ ઓફિસમાંથી એને ઉઠાવી ગયા.

હાજર રહેલા બધાને આઘાત લાગ્યો કે એને કેવી રીતે લઈ જઈ શકે!!

ઓફિસરો પોતાની ગરદન બચાવવા માટે દોડાદોડીમાં લાગી ગયા.

એણે બનાવેલું અને ગોઠવેલું આખુંય તંત્ર ખળભળી ઉઠ્યું. અને એને બચાવવાના કામે લાગી ગયું!!

ચારેક દિવસ પછી એને જામીન તો મળી ગયા પણ સસ્પેન્શન લાગી ગયું હતું.

આખોય દિવસ ઘરની બહાર રહેનારો એ શખ્સ હવે ઘરે હતો અને એસીબીની ઓફીસ અને વકીલોના ચક્કર કાપવામાં લાગી ગયો હતો. કાલ સુધી જેનો માનીતો હતો, એ બધાય મીઠી નજરોવાળા ઓફિસરો કોઈની સામે મોઢું ના ખોલવા માટે એને ધમકીના મેસેજ મોકલવા લાગ્યા હતા. કામ કરવા માટે એડવાન્સ લીધું હતું એ બધા એને દબાણ કરવા લાગ્યા હતાં. બધી બાજુથી એ જાણે ભીંસાઈ રહ્યો હતો.

સીબીઆઈમાં વારંવાર એને બોલાવીને એને માનસિક ટોર્ચર કરી રહ્યા હતાં. નવો આવેલો ઓફિસર માનસિક ગેમ રમીને આરોપીને તોડવામાં ઉસ્તાદ હતો.

એકવાર એણે એને સવાલ કર્યો હતો કે, કોના માટે કરતો હતો આ બધા કાળા કામ?? તારા માઁ માટે?? પત્ની માટે?? બાળકો માટે?? તારા સગાવહાલાઓ માટે??? મિત્રો માટે??

ઘરે પૂછજે તારી માઁને, પત્નીને, બાળકોને અને તારી ઉપર નભતા તારા સગાંવહાલાં અને મિત્રોને કે આ પાપમાં અને સજામાં એ લોકો તારા સમાન ભાગીદાર બનવા તૈયાર છે ખરાં??

સવાલ સાંભળીને ધ્રુજી ઉઠ્યો હતો એ..!!

ઇન્કવાયરીમાંથી ઘરે આવ્યો ત્યારે એણે ઘરમાં પોતાની માઁ, પત્ની, બાળકો ઉપર નજર કરી!!

અઘરું હતું એના માટે, એ કામ કરવા એ જઈ રહ્યો હતો..!!

ડાઇનિંગ ટેબલ ઉપર બેસાડીને પૂછ્યું કે, મેં ખરેખર બહુ મોટા પાપ કર્યાં છે. ઘણાં લોકોને જાણે-અજાણે લૂંટયા છે. પણ મેં માત્ર મારા માટે તો કર્યું નથી ને..!!

તો શું તમે બધા પણ મારા આ પાપમાં ભાગીદાર છો??

અને પાંપણો ઉપર આખાય બ્રહ્માંડનો ભાર અનુભવતો એણે નજરો ઊંચી કરી. પણ એની માઁ, પત્ની અને બાળકો નીચી નજરો રાખીને બેઠા હતાં. એક વજનદાર સન્નાટો અનુભવાતો હતો ઘરના એ વાતાવરણમાં...!!

કાંઈક અદ્રશ્ય એવું પીગળી રહ્યું હતું!!

કંઈપણ બોલ્યા વગર એ ઉભો થયો. એના રૂમમાં ગયો. ધીરે ધીરે માઁ, પત્ની અને બાળકો પણ ભારે પગે ઉભા થયાં અને વિખેરાયાં.

પણ એ પછી એને પોતાના બનેલા સગાઓ-સ્વજનો અને મિત્રોને કંઇપણ પૂછવાની જરૂર ના રહી.

એનામાં શૂન્યતા જન્મી ચૂકી હતી. જે ક્ષણે ક્ષણે વિસ્તરતી જતી હતી.

સમય વીતતો ગયો.

કોર્ટની તારીખો આવતી ગઈ. વકીલો અને સમય પોતાનું કામ કરતાં ગયાં. ચુકાદાનો દિવસ આવ્યો.

અને કોર્ટે હુકમ કર્યો કે પુરાવાના અભાવમાં આરોપીને નિર્દોષ જાહેર કરવામાં આવે છે.

માઁ, પત્ની અને બાળકોના આજીવન નિર્વાહ માટે પૂરતી જોગવાઈઓ કરી નાખવામાં આવી હતી.

નોકરીમાં એનું રાજીનામુ જઈ ચૂક્યું હતું.

હવે કોઈ અદ્રશ્ય પથ એની રાહ જોઈ રહ્યો હતો!!

-©નયન નિમ્બાર્ક

4.01pm

24/1/2020

****

"નિષ્ફળતા"

ઉંમર ઝાઝી કહી શકાય એવી તો નથી.

કેટલાક પચીસીની ઉંમરને હજુ ઉગતી ઉંમર કહે છે.

જવાબદારીમાં માતા-પિતા અને બે વર્ષ નાના હજુ થોડાં મહિનાઓ પહેલા કમાતા થયેલા ભાઈની ખરી.

પોતે નોકરીમાં પણ ઠીક ઠીક સ્થાઈ થઈ ગયો છે. એક સામાન્ય મધ્યમવર્ગીય હસતું રમતું કુટુંબ.

એ જ્યારે અંદરોઅંદર ગૂંગળાઈ જતો ત્યારે રાતે એકલો નીકળી પડતો ચાલતો ચાલતો બસ એમ જ શહેરની અંધારી- લાઇટોથી ઝળહળતી સડકો ઉપર ટહેલવા.

એની નજર પડી દોડ્યો.

હાંફ્યો.

બસ એક જ ફુટ દૂર રહી ગયેલ સીટી બસની આગળથી એણે વૃદ્ધને ખેંચી લીધા.

બ્રેક અને ટાયરના ઘસારાથી ચિત્કારીને ઉભી રહી ગયેલી બસનો ડ્રાઈવર પાછળ જોઈને હજુ બબડતો બબડતો હંકારી ગયો.

અને પાછું શહેર એના પ્રવાહમાં વહેવા લાગ્યું.

જરાકમાં બચી ગયાં એ વૃદ્ધ.

બચવાનો હાશકારો નો'તો એ વૃદ્ધને પણ અફસોસ આંસુઓમાં વહી રહ્યો હતો.

બંને બહુ ભાર અનુભવતા હતા.

સડકના કિનારે આવેલી વસ્તી કરવાની તૈયારી કરી રહેલ કીટલીના સ્ટૂલ ઉપર બંને બેઠા.

ટેણી ચા આપી ગયો.

ચા પતાવીને એણે ચા ના પૈસા આપી દીધા.

રસ્તા ઉપરનો ઘોંઘાટ હતો એના કરતાં બંનેની અંદરનો ઘોંઘાટ ખૂબ હતો. છતાંય મૌન વિસ્તરેલું હતું.

બંને ઉઠ્યા.

અને પાછા અલગ અલગ દિશામાં ધીમા ધીમા પગલે ચાલવા લાગ્યા.

પાછા આવીને ઘરે એ પલંગમાં સૂતો.

છતમાં લટકીને ફરતા પંખાને તાકી રહ્યો.

આજે ફરી એકવાર પોતાની જાતને ખતમ કરવાનો નિશ્ચય કરીને નીકળ્યો હતો અને એમાં નિષ્ફળ થઈને પાછો આવ્યો હતો.

માથું ફર્યું અને નજરો પલંગ પાસેની ટીપોઇ ઉપર પડેલ એની કેન્સરની દવાઓ ઉપર સ્થિર થઈ રહી.

૨.૨૯ PM

૨૭.૧૨.૨૦૧૯

-©નયન નિમ્બાર્ક

"પીડા"

આજે ફરી 'માહી'ને આંચકી આવી રહી હતી. અને એ બેહોશ થઈ ગઈ.

મનોજ એની દીકરી માહીને ઊંચકીને દોડ્યો. કોઈ ગાંડો પોતાનું વ્હાલસોયું ઢીંગલું કોઈ છીનવી ન લે, એ માટે દોડે એમ એ દોડ્યો.

એકદમ બહાવરો થઈ ગયો હતો.

રસ્તા ઉપર ફરી રહેલી હરેક રીક્ષા એને આજે 'પવનહંસ' લાગી રહી હતી. હર એક રિક્ષાને બૂમો પાડીને ઉભી રાખવાની અથાક કોશિશો...

અને એક રીક્ષા ઉભી રહી.

એમાં માહીને લઈને બેઠો. માહી હજુ બેહોશ હતી.

પૂજા ક્યારે આવીને એની પાસે ઉભી રહી ગઈ હતી, એનું પણ એને ભાન ન હતું. પૂજા પણ ઝડપથી રિક્ષામાં ગોઠવાઈ.

સડસડાટ કરતી રિક્ષા એ મહાનગરના ટ્રાફિક ભરેલા રસ્તાને બને એટલી શક્યતાથી કાપતી દોડી રહી હતી મનોજે કહેલી હોસ્પિટલ તરફ.

જેવી હોસ્પિટલ આવી કે તરત જ મનોજ અંદર દોડ્યો માહીને તેડીને. પાછળ પૂજા પણ ભાડું ચૂકવીને દોડતી આવી ગઈ.

ડોક્ટર માટે માહીને લઈને આ રીતે આવતો મનોજ, એ કોઈ પહેલીવારની ઘટના નો'તી. માહીને જોતાં જ ડોક્ટરે તરત જ એની ઇમરજન્સી ટ્રીટમેન્ટ ચાલુ કરી દીધી. રૂમની બહાર હજુ પણ મનોજ વ્યગ્ર અવસ્થામાં આમ-તેમ આંટા મારી રહ્યો હતો. પૂજા પ્રમાણમાં થોડી શાંત હતી.

માહીની ટ્રીટમેન્ટ કરનાર ડો. પટેલએ મનોજને ચેમ્બરમાં બોલાવીને શાંત થવા કહ્યું. અત્યાર સુધી રોકાઈ રહેલા આંસુઓ હવે વહી રહ્યાં હતાં.

ડો. પટેલએ મનોજ અને પૂજાને કહ્યું, "જુઓ, દવાઓને સહારે માહી આજે આવી હાલતમાં પણ છેલ્લા બે વર્ષથી જીવી રહી છે અને તમે ખુવાર થઈને પણ એની સારવાર કરી રહ્યાં છો. પણ આજે મારે તમને કહેવું જોઈએ કે, હવે કદાચ માહી પાસે ઘણો ઓછો સમય રહ્યો છે.

એનું શરીર ધીરે ધીરે એનો સાથ છોડી રહ્યું છે. અને હવે ગમે ત્યારે...." અને ડોક્ટરે વાક્ય અધૂરું છોડી દીધું. અને એક તૂટતા પિતા અને આંતરિક સંઘર્ષ

કરીને મજબૂતીથી પોતાને ટકાવી રહેલી માઁને જોઈ રહ્યા. પણ એમનાં હાથમાં હતું એ બધું જ કરી છૂટવા છતાં ડોક્ટર પાસે પણ કદાચ બધી જ બાબતોના જવાબો નથી હોતાં.

વાત એક એવા હસતા રમતા પરિવારની છે કે, જ્યાં એરેન્જ મેરેજ કરીને આવેલી પૂજા મનોજના ઘરમાં ગૃહલક્ષ્મીની જેમ વસી ગઈ. નાનપણથી સંઘર્ષ જોઈ રહેલાં મનોજ ઉપર ઈશ્વરની કૃપા વરસી. ગામડેથી આ મહાનગરમાં આવીને વસ્યો. પ્રાઇવેટ પણ સારી કંપનીમાં નોકરી હતી. આ મહાનગરમાં પોતાનું ઘર હોવાનું એક સ્વપ્ન સાકાર થયું. એ જ ઘરમાં એક જ વર્ષમાં નાનકડા કાનુડા જેવો 'નક્ષત્ર' જન્મ્યો. ત્રણ જણનો સુખી પરિવાર. મનોજ એટલું તો સારી રીતે કમાઈ લેતો કે, ત્રણેય જણાં આરામથી રહી શકે. નક્ષત્ર ભણવામાં પણ તેજસ્વી હતો અને બીજી પ્રવૃત્તિમાં પણ અગ્રેસર. મનોજ અને પૂજાને ગર્વ થતો. દીકરાને ડોક્ટર બનાવવાનું એક સ્વપ્ન એ માઁ-બાપની આંખોમાં અંજાયેલું હતું.

નક્ષત્ર હવે બાર વર્ષનો હતો, એવામાં શરમાતા શરમાતા પૂજાએ મનોજને ખુશીનાં સમાચાર આપ્યાં. મનોજની તોફાની આંખો મુસ્કુરાઈ ઉઠી. અને માહીનો જન્મ થયો. કેટલી વ્હાલી અને કોઈ ઢીંગલી જેવી રૂપાળી હતી માહી. અને ત્યારથી માહી એ મનોજનો હૃદયનો ટુકડો બની ગઈ.

માહી ચાર વર્ષની થઈ અને અચાનક એને ખેંચ આવી અને પડી ગઈ. રવિવારની એ સવારે આરામના મૂડમાં રહેલો મનોજ ગભરાઈ ગયો, પૂજા મૂંઝાઈ ગઈ. ગમેતેમ કરીને એને હોસ્પિટલ લઈ ગયાં. અને ત્યારથી ડો.પટેલ અને મનોજ અને પૂજા ડોક્ટર પટેલ પરસ્પરને ઓળખે.

અલગ અલગ મેડીકલ રિપોર્ટ ઉપરથી માહીને ગંભીર રોગનું નિદાન થયું. સારવાર માટે મનોજે પોતાની સમગ્ર મૂડી અને ઘર પણ વેચી નાખ્યું. નક્ષત્રને ડોક્ટર બનાવવાનું સ્વપ્ન ખબર નહી ક્યારે ખોવાઈ ગયું, એ પણ યાદ ન રહ્યું.

આજે આઇ.સી.યુ.ના બિછાને સૂતેલી માહીનો હાથ પકડીને આંખો બંધ કરીને મનોજ ઇશ્વરને પ્રાર્થના કરી રહ્યો હતો અને ઈશ્વરને રીતસર કરગરી રહ્યો હતો, માહીને મૃત્યુ આપીને આવી અનહદ પીડાથી મુક્ત કરવાં માટે...

-©નયન નિમ્બાર્ક

19/11/2019

4.21 PM

“ચોર...!!”

Microfriction Story

“સાહેબ, એ છોટુ તો હવે નથી આવતો.”

“કેમ?”

“શું સાહેબ, તમે જાણતાં નથી?”

“સરકારમાંથી સાહેબો આવેલા અને નાના છોકરાઓને કામે રાખેલા હતાં, એના નિયમો બતાવીને મોટો તોડ કરી ગયાં.

હવે સાહેબ, હું રહ્યો ગરીબ માણસ. સાહેબો રોજરોજ આવીને આવા કારણોથી હેરાન કરે તો સાહેબ, મારા બાલ-બચ્ચાઓને પણ ભૂખે મરવાનો વારો આવે.

એટલે એ છોટુ બિચારો જરૂરિયાતવાળો અને ઈમાનદાર હોવા છતાં એને ના પાડવી પડેલી.”

“તો ક્યાં છે એ આજકાલ?”

“બિચારો, થોડાં દિવસ અહીયા આવતો રહ્યો એ આશામાં કે પાછો કામ ઉપર આવી શકશે.

પણ પછી એણે પણ આવવાનું બંધ કરી દીધું.

એટલે એ છોરો બિચારો ક્યાં છે, એ હવે ખબર નથી.”

અને એ વાત ત્યાં પૂરી થઈ ગઈ..!!

થોડા દિવસ પછી સાંજે ઘરના સોફામાં આડા પડીને હાથમાં ટી. વી.નું રિમોટ લઈને સમાચારની ચેનલો ફેરવતાં ફેરવતાં એક સમાચાર ઉપર નજર અટકી ગઈ, કાન સરવા થઈ ગયા.

લગ્નમાં એક બારેક વર્ષના બાળક દ્વારા પાકિટ ચોરવામાં આવ્યાનો રિપોર્ટ બતાવવામાં આવી રહ્યો હતો.

એ બાળકનો નિર્દોષ અને માસૂમ ચહેરો ટી. વી. ની સ્કરીન ઉપર ચમક્યો.

અરે! આ તો એ જ છોટુ..!!

એક ઈમાનદાર છોકરો ચોર બની ગયો હતો.

-©નયન નિમ્બાર્ક

“બાળપણ”

Micro friction story

રવિવારની એ સવારે ઉઘાડા પગે સોસાયટીના મેદાનમાંથી રમીને ધૂળવાળો થઈને હજુ હમણાં જ ઘરે પહોંચેલા ‘ધર્મ’નો મસ્ત કલાસ લેવાઈ રહ્યો હતો.

બિચારો પાંચેક વર્ષનો ‘ધર્મ’ ન જાણે કેવોય મોટો અપરાધ કરીને આવ્યો હોય, એમ મૂંઝાઈને વિચારી રહ્યો હશે..!!

માં તરીકે કીર્તિ પોતાના બાળકના સ્વાસ્થ્ય માટે ચિંતિત હોય એ સ્વાભાવિક હતું!!

ત્યાં જ ઘંટડી વાગી.

કચરો લેવા માટે ગાડી આવી હતી.

કીર્તિ કચરાનો ભરેલો ડબ્બો લઈને કચરો આપવા ગઈ. પાછળ પાછળ ‘ધર્મ’ ગયો.

ભરેલા કચરાની એ ગાડી ઉપર કચરવાળાની ઘરવાળીના ખોળામાં બેસેલ ત્રણ-ચાર વર્ષનાં બાળકને કીર્તિએ રોજની જેમ નજરઅંદાજ કર્યું.

કીર્તિની પાછળ પાછળ ઘરનાં દરવાજા સુધી આવીને અટકી ગયેલ ‘ધર્મ’ની નજર એ ગંધાગોબરા અને અર્ધનગ્ન બાળક ઉપર ચોંટી રહી, જે હાથમાં કોઈ તૂટેલું રમકડું મોંમાં નાખી ચૂસી રહ્યો હતો!!

-©નયન નિમ્બાર્ક

8.16 રાતે

18/07/2019

“એકલતા”

આજે ફરી એકવાર હાથમાં પેન એમ જ રહી ગઈ.

ઘણીવાર આવું જ બનતું રહ્યું છે, જે આજે પણ બન્યું!!

સાંભળવા માટે ‘એ’ નથી. ત્યારે હૃદયમાં ઉઠતાં હર સ્પન્દનો કાગળ ઉપર ઢોળાઈને તરબતર લાગણીઓને એક આકાર આપે એવી થઈ આવતી ઈચ્છા આજે ફરી એકવાર અધૂરી જ રહી ગઈ!!

એ હતી ત્યારે એનાં એના ખોળામાં માથું મૂકીને એનો દુપટ્ટો ઓઢીને સૂઈ રહેતો અને ધીમા હાથે એ માથામાં હાથ પસરાવતી. ત્યારે જે અદભૂત લાગણીઓ ઉમટતી એ લાગણીઓ હવે માત્ર છલકાય છે, આંખોથી.

ત્યારે ખૂબ ધીમા સ્વરે એની સાથે જે વાતો થતી એ સાંભળવા કાનની જરૂર નો’તી, બસ જાણે બે હૃદય આપસમાં વાતો કરી લેતાં.

પણ એ ગઈ.

પછી સાવ જ શૂન્યાવકાશ છવાઈ ગયો.

નર્યો અવકાશ. અને એ અવકાશમાં વિસ્તરેલું અફાટ અંધારું.

હવે રહી ગઈ છે માત્ર એની યાદો, એની વાતો, એનું સ્મરણ, એણે સ્પર્શેલાં આ હાથ, એણે એની નાજુક આંગળીઓથી જે પસરવેલા પણ હવે આછા થઈને રહી ગયેલા વાળ.

એ જઈ રહી હતી ત્યારે એનો હાથ મારા હાથમાં હતો.

છૂટા પડવાનું દુખ એને કદાચ વધારે હતું.

પણ એ છતાંય એ ગઈ.

આજે એને કેટલું બધું કહેવા ધારું છું. એને સાંભળવા ઈચ્છું છું. સાથે જ મારા હૃદયમાં ઉમળતા શબ્દોને છેવટે કાગળ ઉપર ઉતારવા માંગુ છું. પણ ન જાણે કેમ એ શક્ય બનતું નથી.

એક તસ્વીર બનીને લટકી રહી છે ‘એ’.

અને તસ્વીર બનીને લટકવાની રાહમાં એકલો અટૂલો એણે સજાવેલા આ ઘરમાં હું !!

-©નયન નિમ્બાર્ક

14/6/2019

“લત”

રોજની જેમ બાઇક પાન-મસાલાની દુકાન તરફ વળી ગઈ. દોઢ વર્ષનો આખોય ગાળો વીતી ગયો, એ ઘટનાને પણ હજુય જાણે સાવ તાજો જ ઘા મનમાં - હૃદયમાં પડ્યો હોય, એટલો જ તાજો અને લોહી નીતરતો અનુભવી શકાતો હતો.

એ દિવસની સાંજથી લગભગ રોજ અંધારાની પથરાયેલી ચાદરતળે ઝળહળી ઉઠતાં આ શહેરનાં રસ્તાઓ અને ગલીઓમાં દોડી રહેલાં વાહનોના ઘોંઘાટમાં રસ્તાની બાજુમાં વાહનોના અસ્તવ્યસ્ત પાર્કિંગ વચ્ચેથી રસ્તો કરીને જઇ શકાતા આ પાન-મસાલાની દુકાનેથી સિગારેટની એક આખુંય પેકેટ માચીસ સાથે લેવાનું અને પોતાના બાઇક ઉપર બેસીને એ સિગારેટના ધુમાળાઓને ફેફસામાં કેદ કરવાનું મિશન પૂરું કરીને ઘર ભણી બાઇક દોડાવી દેવાનું એક નિશ્ચિત શિડયુલ બની ચૂક્યું હતું.

તરવરાટભરી ઉંમર હતી. ઘરે જવાબદારી સંભાળી શકે એવા સક્ષમ માં-બાપ હતાં.

પણ વાત પ્રેમની હતી.

પ્રેમ કરવાની ઉંમર હતી.

ત્યારે પ્રેમ થયો.

થયો તો થયો પાછો અભિવ્યક્ત થયો.

ચાલો, ભલે અભિવ્યક્ત થયો, પણ એણે ખીલેલાં ગાલે અને હસેલા હોઠે એનો સ્વીકાર પણ કર્યો.

અને પછી ચાલી એક અલ્પકાલીન લવસ્ટોરી, કહો કે પ્રેમ કથા.

આ પાન-મસાલાની દુકાનની પાછળનાં જ બગીચામાં જ મળતાં હતાં ને!!

ચાલ, આપણે લગ્ન કરી લઈએ.

નજર નીચી કરીને એણે કહ્યું કે, મારા મમ્મી-પપ્પા કહેશે ત્યાં જ હું લગ્ન કરીશ અને મને ખબર છે મારા મમ્મી-પપ્પા તારા માટે ‘હા’ નહી પાડે.

અને બંનેની વચ્ચે એક સન્નાટો છવાઈ ગયો.

એ પછી બે-ત્રણ વાર મળ્યા. પણ એક અદ્રશ્ય દૂરી હતી બંનેની વચ્ચે.

એ દિવસે સાંજે તમે એની રાહ જોઇને આ જ ગાર્ડનમાં બેઠા હતાં ત્યારે એનો ફોન આવ્યો. એણે કહ્યું કે, આજ પછી તને નહી મળી શકું. મારા માટે મારા મમ્મી-પપ્પાએ એક છોકરો જોઈ લીધો છે. લગભગ બધું નક્કી જ છે.

એક અદ્રશ્ય આઘાતનો થડકો અનુભવાયો.

ધ્રુજતા અવાજે એક પ્રશ્ન નીકળી શક્યો - તારી શું ઈચ્છા છે??

લાગણીવિહીન એક જવાબ આવ્યો - ચાલ, હવે મૂકું છું. તારું ધ્યાન રાખજે.

બાય.

અને ફોન મૂકાઇ ગયો.

યુદ્ધ હારીને રણમેદાનમાં પડેલા ઘાયલ સેનાપતિ જેવી ફીલિંગ આવી રહી ત્યારે.

બસ ત્યારે.

બસ ત્યારથી.

આ જ પાન-મસાલાની દુકાનેથી સિગારેટનું આખુંય પેકેટ લીધું, એક માચીસ લીધી. પાછા ફરીને એ જ બેન્ચ ઉપર જઈને બેસીને જિંદગીની એ પહેલી સિગારેટ મોઢામાં મુકાઈ. એ પહેલી સિગારેટ જલી ઉઠી.

એનો પહેલો કસ.

ફેફસામાં ખેંચાયેલો ધુમાડો ઉધરસ બનીને તરત બહાર આવી ગયો. ઉધરસ ચાલુ જ રહી.

પણ બીજો કસ.

વળી પાછી ઉધરસ.

આંખો લાલ થઈ ગઈ હતી.

પણ એમ કરતાં એ પહેલી સિગારેટ પૂરી થઈ. પછી બીજી, પછી ત્રીજી ને એમ કરતાં બધી સિગારેટ પૂરી થઈ.

ત્યારથી એક નિત્યક્રમ બની ગયો, રોજ એક પેકેટ સિગારેટ ફૂંકી નાખવાનો.

આ શહેરના લોકો રસ્તાઓ ઉપર દોડતાં વાહનોના ધુમાડાથી બચવા માટે માસ્ક પહેરીને રસ્તા ઉપર ઉતરતાં પણ અહી આવીને સિગારેટના આખાય પેકેટનાં ધુમાળાને ફેફસામાં ભરી દેતાં.

ખબર નહી શું આનંદ આવતો.

પણ એક લાગણી થઈ આવતી કે, આ સિગારેટની જેમ હું બળી રહ્યો છું.

ધુમાડો મોંથી ફેફસામાં ખેંચાતા જ જાણે મગજમાં ભરાઈ જતો, અને મગજ સાવ શૂન્ય થઈ જાતું.

રોજ આ જ રીતે સિગારેટ લેવાતી, ફૂકાતી અને ધુમાડો અને રાખ બનાવીને ભૂલી જવાતી એ સિગારેટને અને એ તીવ્ર રીતે ઉઠતી એના માટેની લાગણીઓને.

પણ આજે સિગારેટના પેક ઉપર છપાયેલા ફોટા ઉપર નજર ગઈ. ગળાના પાછળનાં ભાગમાં ફૂટી નીકળેલી કેન્સરની ગાંઠો.

બસ જોવાઈ રહી એ તસ્વીર.

એ વિચાર આવ્યો કે, ધારો કે મને પણ આવું જ થયું તો કોને ફેર પડશે??

એને કે જે મારી લાગણીઓની પરવા કર્યા વિનાં ચાલી નીકળી છે "મારા મમ્મી-પપ્પા કહેશે એમ કહીને" !!

કે મારાં મમ્મી-પપ્પાને…!!

નજરની સામે એ માં-બાપ આવી ગયાં.

એમની લાગણી, એમનું વ્હાલ, એમનું સ્મિત.

ફરી એક નજર સિગારેટના પેક ઉપરના એ ફોટો ઉપર ગઈ.

ઉભા થઈને ડસ્ટબીન પાસે જઈને સિગારેટનું એ પેક કે જેમાં હજુ પણ સિગારેટ હતી અને સાથે માચીસ - અંદર નાખી.

હાથમાંથી એ બંનેને છોડતી વખતે મનમાં શબ્દો ઘૂમી રહ્યાં હતાં, હવે ક્યારેય નહી…!!!

-©નયન નિમ્બાર્ક

3.57 PM

04/04/2019

'વાચક'

Microfriction Story..

મોબાઈલમાં નોટિફિકેશન ટોન વાગી.

એણે સહજ રીતે મોબાઈલ ઉપાડ્યો.

એની બહેનપણીઓ દ્વારા વોટ્સએપમાં રોજ મોકલવામાં આવતા સેંકડો મેસેજની જેમ એ મેસેજ હતો.

મેસેજ ખોલ્યો.

વાંચ્યું.

વંચાતું જ જવાયું.

કોણ જાણે કેમ જાણીતી લાગણી લાગી હતી.

રોજ આવતા સેંકડો ફોરવર્ડ કરતાં ખબર નહી કેમ, એ શબ્દોમાં કંઈક અલગ ભીનાશ અનુભવાતી હતી.

એ લખાણની નીચે લેખકનું નામ વાંચ્યું.

આંખોમાં એક ચમકારો આવી ગયો.

એક આંખ ખીલી ગઈ.

અને બીજી આંખ ભીની થઇ ગઇ.

એક ચહેરો નજર સામે આવી ગયો.

કદાચ એ જ હતો આ લેખકડો.

ના. કદાચ નહી.

એ જ હતો આ લેખકડો.

શબ્દોમાં લાગણી, ભીનાશ, તલસાટ, અતૃપ્તતા, ચાહત, વેદના, સ્મરણ, સંભારણું અને કાંઈ કેટકેટલું..!!

એ જ હતો..

અને કદાચ જે વાંચી રહી હતી એ શબ્દો 'એ'નાં માટે જ લખાયા હતા..

તડપતી-ઉકળતી લાગણીઓને શબ્દોનાં બીબામાં ઢાળીને જે આકાર આપવામાં આવ્યો હતો. એ આકારની પાછળ લાવરસ જેવાં ધગધગતા આંસુઓનો આખોય સમુદ્ર એણે અનુભવ્યો.

પણ હવે શું??

હવે એ માત્ર અદ્રશ્ય સ્વરૂપે 'પ્રેરણા' અને 'વાચક' જ બની રહી શકશે..!!!

-© નયન નિમ્બાર્ક

4.11 pm

20/9/2018

‘ભૂતાવળ’

ઓલ્યો નાથો ક્યાંકથી સમાચાર લઈ આવ્યો હતો કે હવે થોડા દિવસોમાં આ આખોય વડ જડમૂળથી વાઢીને કાઢી નાખવામાં આવશે.

અને એટલે આજે બધાય સૂનમૂન થઈ બેઠા હતા.

કદાચ એ પ્રશ્ન દરેકના મનમાં રમી રહ્યો હતો કે, જો સાચે જ આવું થાશે તો …?

તો આપણે બધા……!!

પણ પશા પટેલ આ બધીય મૂંઝવણથી નિરલિપ્ત થઈને બેઠા હતા.

એ વડ અત્યાર સુધી ભૂતિયા વડ તરીકે ઓળખાતો હતો. અને એને કાપવાની વાત તો ઠીક, એક જમાનામાં આ વડ પાસેથી નીકળવાનો પણ કોઈ ભલા આદમીને ધોળા દિવસે પણ વિચાર શુદ્ધા આવી શકે તેમ નો’તું..

અને આજે એમ સમાચાર મળી રહ્યા હતા કે, આ વડ હવે થોડા દિવસમાં કપાઈ જશે..!!

અને જો નાથો સમાચાર લાવ્યો છે, તો એમાં કાંઈક તથ્ય તો જરૂર હોવાનું..

લગભગ સો જણા માટે આ વડ એમનું ઘર જેવો આજ દિવસ સુધી રહ્યો છે..!!

હા, ભૂતિયા વડ હોવાની વાત સાવ ખોટી તો નથી જ..!!

લગભગ 500 વર્ષ જૂનો હતો એ વડલો.

આજે તો એની ઘટાટોપ શાખાઓ વિસ્તરીને આખાએ વડલાને ઘેઘુર સ્વરૂપ આપી ચૂકી હતી.

પશા પટેલ કોઈ’દિ ખુશ મિજાજીમાં આવીને પોતાની વાત કહેવાની શરૂઆત કરતા ત્યારે બાકીના બધા એમની આસપાસ અને ઉપર ઘેરાઈને એ વાતોમાં તલ્લીન થઈ જતાં..!!

બધાયને એ શબ્દોમાં પોતાની કહાની લાગતી..!!

હા, વાત સાચી હતી.

એ વડલો ભટકતી આત્માઓનું આશ્રય સ્થાન બનીને જીવી રહ્યો હતો. ભૂતાવળની જાહોજલાલીનો સાક્ષી રહ્યો છે આ વડલો.

ખુદ પશા પટેલ લગભગ 200 વર્ષોથી અહી છે. ((અને જ્યારે એ પોતાની વાત માંડતાં ત્યારે ભૂતાવળમાં નવા ભળેલા ભૂતળાઓ આસપાસ ભેગા થઈને ધ્યાન દઈને પશા પટેલને સાંભળતાં.))

પશા પટેલની બોલવાની કાઠિયાવાળી પટેલ લઢણની ગામઠી ભાષાનો લહેકો સૌને સાચે જ ગમતો.

પશા પટેલ કહેતા કે લગભગ અઢી સો વર્ષ પહેલાં અહી ટેકરા ઉપર ગામ હતું. અને પશા પટેલના બાપા એ ગામના મુખી-પટેલ હતાં.

એયને વાડો ભરીને ગાયું ને ભેસ્યું બોઘેણાં ભરી ભરીને દૂધ્યું દેતી. એયને સો વિઘાની ખેતી હતી. પણ ઇ રાતે લૂંટારાઓ ગામ ઉપર ત્રાટક્યા અને ગામમાં નાસભાગ થાવા લાગી. ગામતરેથી આવેલાં પશા પટેલ પરશાળમાં બેસીને પોતાની પટલાણી ભેગા બેસીને વાળું પાણી કરી રહ્યા હતાં અને દેકારો સાંભળીને એમનો બચુડો ઘોડિયામાં ડરીને રોઈ ઉઠ્યો હતો. ત્યારે પશા પટેલનાં હાથમાં લીધેલ રોટલાનું બટકું એમ જ હવામાં રહી ગયું. આંખો વાંકાઈ ગઈ. આંખના પલકારામાં પશા પટેલ ઘરમાં જઈને ઉઘાળી તલવાર સાથે ગામનાં ચોકમાં દોડી ગયાં અને લૂંટારુઓને પડકાર્યા.

દસ લૂંટારુઓનું ઢીમ ઢાળી ચૂક્યાં હતાં ત્યારે જ એક લૂંટારાએ પાછળથી તલવારનો ઘા કરીને પશા પટેલનું માથું શરીર ઉપરથી ઉતારી લીધું. પણ પશા પટેલથએ ન જાણે કયા આવેગમાં એ લૂંટારાને વળતા ઘાએ બે ભાગમાં ઉભો ચીરી નાખ્યો અને પછી પોતે ગામનાં ચોકમાં પડ્યાં.

થોડીવાર પછી પશા પટેલ ઉભા થયા. પણ એકદમ હલકું અનુભવતા હતાં. એમનાં ઘરવાળા દોડી આવ્યા હતા અને નીચે કોઈનાં શરીર ઉપર માથું પછાડીને રોઈ રહ્યાં હતાં. પશા પટેલ બૂમો પડતા હતાં પણ એ કોઈને સંભળાતું નો'તું. પશા પટેલનો હાથ એ બધાંનાં શરીરની આરપાર નીકળી જાતો. પશા પટેલને ખબર નો'તી પડતી કે શું થઈ રહ્યું હતું!!

આજુ બાજુ પડેલાં લૂંટારુઓના શરીરમાં કાંઈક ચમકારા થઈ રહ્યાં હતાં અને એમની લાશમાંથી ઇ ઉભા થઈને એકબાજુ જઈને બેસતાં હતા.

પશા પટેલ ઘણીવાર એ જગ્યાએ ઉભા રહ્યા. પસાર થતાં વ્યક્તિઓ પશા પટેલના એ અદ્રશ્ય શરીરમાંથી પશા પટેલ સમજે નહી એ રીતે પસાર થતા હતા.

આખી રાત રોકકળ ચાલી.

સવારે આખુંય ગામ ઉભરાયું હતું નારણ મુખીના એકના એક દીકરા પશા પટેલની અંતિમ યાત્રામાં. ગામને લૂંટારુઓથી બચાવનાર એ પશા પટેલના માનમાં આખુંય ગામ હિબકે ચડ્યું હતું. ને પછી પશા પટેલનું એ શરીર આગને સુપરદ કરી દેવામાં આવ્યું.

એ લૂંટારુઓને પણ જલાવી દેવામાં આવ્યા.

એ લૂંટારુઓ પણ પશા પટેલની આસપાસ ઉભા ઉભા આખોય નજારો જોઈ રહ્યા હતા. ને પછી એક એક કરીને હાલી નીકળ્યા, ખબર નહી ક્યાં!!

પશા પટેલે પોતાનું બારમું જોયું.

અને એ પણ જોયું કે ગામને પાદર એમનાં નામનો પાળિયો ખોડાયો. પણ એ બધાથી હવે શું ફરક પડવાનો.

એક જીવતો માણસ હવે પથ્થર બનીને જ યાદ કરાવાનો હતો.

એ પછી પશા પટેલ પણ હાલી નીકળ્યા.

ખબર નો'તી ક્યાં જાવાનું..!!

એ અંધારી રાતે એ ચાલી રહ્યા હતા ને એમને લાગ્યું કે કોઈ 'પટેલ' કહીને એમને બોલાવી રહ્યું છે.

અજાણ્યો અવાજ હતો.

પણ નવાઈ એ લાગી કે એમને જોવાવાળું કોણ?

ધીરે ધીરે એક ઓછાયો નજીક આવ્યો.

ચહેરો તો ઓળખાયો.

પશા પટેલની આશ્ચર્યભરી નજરોને પારખતા એ ઓછાયો હળવા સ્મિત સાથે બોલ્યો,

પટેલ, હું તમારા મોતનું કારણ.

અને તમે મારા મોતનાં.

હવે એ ખોળિયું નથી અને હવે આ વડલામાં રહું છું.

તમને જોયા. ઓળખી ગયો.

એટલે તમને બોલાવ્યા.

આવો.

પટેલ એ ભૂતાવળમાં આવ્યા.

અને એ ઘડીને પળથી પટેલ આ ભૂતાવળનો એક અભિન્ન ભાગ છે.

એ વખતે દસેક ઓછાયાઓ એ વડમાં આશ્રિત હતા.

અને આજે વડલો ઘટાટોપ છે અને જાણે એની ડાળીએ-ડાળીએ ઇચ્છાઓનો કોઈ અજાણ્યો બોજો લઈને જીવતો ઇચ્છાઓનો ઓછાયો વસે છે.

હર ઓછાયાની પોતાની એક કહાની છે.

બાજુનાં ગામમાં કોમી દંગલમાં હોમાઈ ગયેલ બંને કોમનાં થઈને પાંચેક લબરમુછીયા આજે આ વડલામાં ભાઈબંધીથી રહે છે.

પ્રેમની નિષ્ફળતામાં એ દૂર દેખાતા લીમડાની ડાળીએ લટકી ગયેલ એ પ્રેમી પંખીડાં આજે અહી માળો વસાવીને રહે છે.

દુકાળના માર અને શાહુકારના કરજ નીચે દબાયેલો એ ખેડુ કપાસની દવા પીને ખેતરની વચ્ચે જઈને સૂઈ ગયો'તો એય હવે આયાં આવી ગયો છે.

દિવાળીઓ આવતી ગઈ ને જાતી ગઈ.

ખોળિયા ઓઢીને જનમતાં માણસો વધતા ગયાં. જીવનની મૂંઝવણોમાં અટવાતા ગયાં. મરતાં ગયા અને એ વડલામાં આવતા ગયા.

એ વડલો દિવસે ને દિવસે ભૂતાવળ બનતો ગયો.

કાળી ચૌદસે તાંત્રિકવિધી માટે ઘણાં તાંત્રિકો આવતાં. પણ ભૂતાવળ પ્રગટ થતાં જ ... ગાયબ થઈ જાતાં.

અરે, એક તાંત્રિક તો એટલો ડરી ગયો હતો કે આજે આ વડલામાં આવીને રહે છે.

એ જમાનો હતો કે જયારે આ વડલો જંગલની વચ્ચોવચ ઉભો હતો. દરેક પ્રકારની વસ્તીથી દૂર.

હવે શહેર આવી રહ્યું હતું આ વડલાને આખોય ગળી જવા માટે.

રાત થતી.

વડલો જાગતો.

ભૂતાવળ રચાતું.

આખી દુનિયા સર્જાતી.

અને સવાર થતાં જ..

એ આખીયે દુનિયા સંકેલાઈ જાતી.

એ વડલો હવે નહીં રહે.

પશા પટેલે ભેગા થઈને એમની સામે જોતાં એ ઓછાયાઓ સામે નજર કરી.

થોડું હસી પડ્યા.

બોલ્યા, આપણે શરીર છોડ્યું ત્યારે પણ આટલું નથી ઉદાસ થયાં.

આપણાઓએ આપણને જલાવ્યાં ત્યારે પણ આટલાં નથી ઉદાસ થયાં.

આપણાંઓ આપણને ભૂલીને જીવવા લાગ્યાં ત્યારે પણ આટલા ઉદાસ નથી થયાં.

તો આ તો એક વડલો જ છે ને..!!

એવું પણ બને કે, આપણે એ અજ્ઞાત ઇચ્છાઓના બોજથી મુક્ત થઈએ અને વડલો જ નહીં પણ આ ઓછાયો બની રહેવાનું પણ છોડીએ..

તો??

ન જાણે પશા પટેલ આટલું સહજતાથી કેવી રીતે બોલી રહ્યાં હતાં..!!

પણ દરેકના મનમાં હવે ઉચાટને બદલે શાંતિ હતી.

એ વડ પાછો જાણે હસવા લાગ્યો.

જાણે એની પણ ઉદાસી ચાલી ગઈ.

અને બિલકુલ એ જ ક્ષણે..

પ્રકાશનો એક પુંજ પ્રગટ્યો, પશા પટેલ ઉભા હતાં બિલકુલ એમની ઉપર.

અને પશા પટેલ એમાં ઓઝલ થવા લાગ્યાં...

-©નયન નિમ્બાર્ક

5.41 PM

30/8/18

“સ્ટ્રોબેરી”

Microfriction Story

સવારની છેક સાંજ થઈ ગઈ.

પણ આખો દિવસ વ્યગ્રતા લાગતી રહી એને.

બોક્ષમાં પેક કરેલ સ્ટ્રોબેરી વેચીને જે કાંઈ રળતો એ ઘરે લઈ જતો. એ એક માત્ર એની આજીવિકાનું સાધન હતું.

પણ છેલ્લા ત્રણ દિવસથી એનો અઢી વર્ષનો દીકરો સ્ટ્રોબેરીના આખાય બોક્ષને લેવા-ખાવા માટે કજિયા કરતો હતો અને એ રોજ એ એને સમજાવાની નાકામિયાબ કોશિશ કરીને રોજી રળવા નીકળી પડતો, એની રોજની ધંધાની જગ્યા એવી શહેરનાં એ પોશ એરિયાના બગીચાની બહારના એ ઝાડ નીચે જવા માટે..

એની ઝુંપડીએ એ ડુસકા ભરતા બાળકને મૂકીને!!

પણ આજે...

એ બાળક ખૂબ જીદે ભરાયો હતો!!

ખૂબ રડ્યો હતો સ્ટ્રોબેરીના બોક્ષ માટે..

એને બહુ સમજાવવાની કોશિશ કરી એણે પણ એ ન માન્યો!!

એને ગુસ્સો આવી ગયો!!

બે-ચાર તમાચા મારી દીધા એના ગાલ ઉપર આંગળા ઉપસી આવે એ રીતે!!

એ બાળક કદાચ સમજતો નો’તો કે એના બાપ માટે એક બોક્ષ વેચવાથી મળતા પાંચ-દસ રૂપિયા પણ કેટલા મહત્વના હતાં!!

એ ઘરેથી નીકળીને આવી તો ગયો એનાં ધંધાની જગ્યા ઉપર પણ એનું મન આજે ધંધામાં ચોટતું નો’તું!!

ઢળતી શિયાળવી સાંજની ગુલાબી ઠંડીમાં એણે નક્કી કર્યું કે આજે એ એક સ્ટ્રોબેરીનું એક બોક્ષ પોતાના દીકરા માટે લઈ જ જશે!!

બસ હવે છેલ્લા ત્રણમાંથી બે બોક્ષ વેચાઈ જાય એટલી વાર!!

થોડીવારમાં બે બોક્ષ વેચાઈ પણ ગયા..!!

હવે એક બોક્ષને પોતાના ગમછાથી વીટીને એક મોટા સ્મિત સાથે ઘરે જવાની તૈયારી કરતો જ હતો,

ત્યાં..

એક મોટી ગાડી આવીને એની પાસે ઉભી રહી!!

ગાડીનો કાચ ખૂલ્યો..

એમાંથી એક બસો રૂપિયાની નોટ સાથે હાથ બહાર નીકળ્યો..

ગાડીના આછા અંધારામાં અસ્પષ્ટ દેખાતા એ ચહેરામાંથી સ્ટ્રોબેરીના એક બોક્ષ માટે હુકમ છૂટ્યો..

એકવાર તો એણે કહી દીધું કે, સાહેબ ખલાસ થઈ ગયા!!

એ અસ્પષ્ટ ચહેરાએ ગાડીમાં પાછળની સીટ ઉપર જોયું..

એક નાનકડા બાળકનો રડવાનો અવાજ થોડો મોટો થયો..

એ સાહેબે તમારી સામે જોઇને કહ્યું, આ બસો પૂરા રાખ પણ જો તારી પાસેથી એકાદ બોક્ષ નીકળે તો..!!

-©નયન નિમ્બાર્ક

21/12/18

2.21 PM

‘સ્ત્રી’

Micro Friction Story

પાંચ દિવસની સાવ નાજુક દીકરી મારી નજર સામે હાથપગ ઉછાળી ઉછાળીને રોઈ રહી હતી.

એ રુદન મારા કાન જ નહી પણ મારા અંતરને ચીરી રહ્યું હતું.

મારા બંને દીકરાઓ પણ થોડીવાર એ દીકરી સામે અને થોડીવાર મારી સામે નજર નાખી રહ્યાં હતાં. કદાચ એમને પણ નો'તું સમજાતું કે એમણે શું કરવું જોઈએ.

મારા પતિ સોફા ઉપર સાવ શૂન્યમનસ્ક બનીને અપરાધભાવ ધરીને અપરાધીની જેમ બેઠા હતા.

એ બાળકીનું રુદન કદાચ એમનું પણ અકળાવી રહ્યું હતું.

એ બાળકીના રડવાના અવાજ સિવાય કોઈ અવાજ જ રૂમમાં નો'તો પડઘાઈ રહ્યો. વાતાવરણમાં ગંભીરતા હતી. અને એ ગંભીરતાનો અસહ્ય બોજ એ ક્ષણે હાજર રહેલાં દરેક જીવંત શરીરો અનુભવી રહ્યાં હતાં, કદાચ એ બાળકી પણ.

કોઈ રીતે એ બાળકી રડવાનું બંધ કરે એમ લાગતું નહોતું. એક સ્ત્રી તરીકે સહજ સમજી શકાય એમ હતું કે એને ભૂખ લાગી હતી.

પણ એની માં??

આ આખીયે ઘટનાનું એકમાત્ર કારણ જ એ હતી.

અને એ જ અહીંયા ન હતી.

એનું સ્મરણ માત્ર મારા આખાય અસ્તિત્વને જલાવી મૂકે છે. એનો ચહેરો નજર સામે આવતાં જ હું કાળઝાળ થઈ ઉઠું છું. એનું નામ માત્ર મારાથી સહન નથી થતું.

અને એની જણેલી આ બાળકી મારી સામે છે, રોઈ રહી છે. અને હું જોઈ રહી છું.

એક તુમુલ યુદ્ધ ચાલી રહ્યું છે મારા રૂંવેરૂંવે!!

મારી આખીએ જાત આજ, આ ક્ષણે મારી ખુદની વિરુદ્ધ ઉભી હતી.

હું સાક્ષીભાવે જોઈ રહી હતી, પણ મારે જ નિર્ણય લેવાનો હતો.

જ્યારે મારી નજર ઉઠીને મારા પતિ તરફ જતી ત્યારે ત્યારે ધિક્કાર, પ્રેમ, મમત, મોહ જેવી કાંઈ કેટલીયે લાગણીઓ એકસાથે ડોકાઈ જતી હતી મારી આંખોમાંથી.

કાંઈ જ સમજાતું અને સ્વીકારતું નથી અને છતાંય મારે જ નિર્ણય લેવાનો છે.

આ મારો પતિ - એ પુરુષ, જે મને આ જ રીતે ઘણીવાર ધર્મસંકટમાં મૂકી ચૂક્યો છે.

એણે મને એટલો પ્રેમ કર્યો કે હું મારા માં-બાપને છોડીને એની સાથે ચાલી નીકળી હતી. મારા માં-બાપને છોડવાનો નિર્ણય કરવો એ પણ કાંઈક આવી જ ક્ષણ હતી.

એ મને ખુશ અને સુખી રાખવા માટે બધું જ કરી છૂટ્યો. પોતાનાં માં-બાપ, ભાઈઓ અને સંબંધીઓ સાથે પણ એ લડી ગયો હતો.

પણ મારા બે સંતાનો થયા પછી આ જ વ્યક્તિ મને છોડી ગયો હતો, કોઇ બીજીને પ્રેમ કરવા લાગ્યો હતો.

મારા માટે અને મારા દીકરાઓ માટે આર્થિક રીતે એણે બધી વ્યવસ્થા કરી હતી. પણ એ મને અને મારા -અમારા- દીકરાઓને છોડી ચૂક્યો હતો. સાવ ભાંગી ગઈ હતી હું. શરીરમાંથી આત્મા ખેંચાઈ ગયો હોય એવી એ ક્ષણ હતી. અંતરનાં ઊંડાણમાંથી નિસાસા, શાપ નીકળી રહ્યાં હતાં.

મારું આખુંય હોવાપણું દિવસો સુધી વહેતા રહેલા આંસુઓમાં વહી ગયું હતું.

આજે ત્રણ વર્ષ પછી એ આ દીકરીને લઈને પાછો આવ્યો હતો એ ઘરમાં કે જે ઘર એણે છોડી દીધું હતું.

એ સ્ત્રી કે જેનાં કારણે મારા આ પતિએ મને છોડી હતી, એ મારી નજર સામે રોઈ રહેલી દિકરીને જન્મ આપતી વખતે જ કોઈ કારણથી મૃત્યુ પામી હતી.

અને આજે મારા પતિ એ દીકરીને લઈને આ ઘરમાં આવ્યા હતાં.

હું એમની અને એમની સ્ત્રી સામે પણ જોવા તૈયાર નથી, એ સ્ત્રીનું બાળક મારી સામે અફાટ રુદન કરી રહ્યું છે!!

હું વલોવાઈ રહી છું મારી અંદર..

એક સ્ત્રી, એક પત્ની, એક માં,

બધાં જ મારી અંદર રહીને એકબીજા સામે જોઈ રહ્યાં હતાં, ઘોંઘાટ કરી રહ્યાં હતાં..!!

અંદરના આ ઘોઘાયમાં કોનું સાંભળવું..!!

-©નયન નિમ્બાર્ક

4.22 PM

06/10/2018

"મોદક"

Micro friction story

મોદક બનવાની સુગંધ કામવાળા બેનનાં એ પાંચેક વર્ષના નાનકાને રસોડામાં ખેંચી લાવી હતી. હવે એનું ધ્યાન તળાઈને મોટા વાસણમાં મુકવામાં આવેલા મોદકની ઉપર કેન્દ્રિત હતું.

નાનકાને જોઈને શેઠાણીએ એને ચેતવણીની સરેઆમ જાહેરાત કરી દીધી કે, ભગવાનને ધરાવ્યાં પછી જ તને પ્રસાદી મળવાની છે. એટલે અત્યારે જા હોં!!

પણ નાનકો રસોડાના દરવાજાને પકડીને એમ જ ઉભો રહી ગયો.

શેઠાણી આરતીની તૈયારીમાં લાગ્યા.

પૂજાની થાળી તૈયાર કરવા માટે રસોડામાં આવ્યા.

નાનકાને હજુ એમ જ દરવાજાને પકડીને ઉભેલો જોયો.

આરતીની થાળી તૈયાર કરીને રસોડાની બહાર નીકળતાં શેઠાણીની આંખો ફરી નાનકા ઉપર પડતાં, એ ખૂંચ્યો નજરમાં એ વખતે.

થોડીવારે મોદકને થાળીમાં ઢાંકીને લઈને બહાર જતાં શેઠાણીની જાણ બહાર એ થાળીમાંથી એક મોદક નીચે સરી પડ્યો.

બિલકુલ નાનકાનાં પગ પાસે આવી પહોંચ્યો.

શેઠાણી મોદકનો પ્રસાદ લઈને આગળ વધી ચૂક્યા હતા.

નાનકાએ એ મોદક ઉપાડ્યો.

હાથ અને મોં વચ્ચેનું અંતર કાપીને મોદક મોં સુધી પહોંચી ગયો.

ટુકડો મોઢામાં ગયો.

શેઠાણી કોઈ કામથી રસોડા તરફ આવ્યા.

નાનકાના હાથમાં અડધો મોદક જોઈને કોઈ વિચાર વગર એમનો હાથ ઉઠ્યો.

નાનકાનો ગાલ લાલ થઈ ગયો. આંખોમાંથી કાંઈક મૌન ચિત્કાર સાથે આંસુઓથી છલકાઈ ગયા. એ સાથે જ હાથમાં રહી ગયેલો અને મોઢામાં ગયેલો મોદકનો ટુકડો જમીન ઉપર જઈ પડ્યો.

નાનકો એક હાથે ગાલ પંપાળતો રહી ગયો.

શું ગુનો કર્યો એની પણ એને કોઈ ખબર ના પડી.

બંને આંખોમાંથી વહી રહેલાં આંસુઓથી ચહેરો ભીનો થઈ ગયો.

પણ એ કશાની પરવા કર્યા વગર શેઠાણી ગણપતિની પૂજામાં લાગ્યા.

મોદક ગણપતિની મૂર્તિ પાસે મોદક મૂકતાં જ ગણપતિની એ માટીની ઇકો ફ્રેન્ડલી મૂર્તિની આંખો ઉપર કાંઈક ભીનાશ જેવું ઉપસી આવેલું લાગ્યું.

શેઠાણી સહિત ત્યાં હાજર દરેક મહેમાનો જે શેઠાણીનાં હાથનો પ્રખ્યાત મોદકનો પ્રસાદ લેવાની ઈચ્છાથી આવ્યા હતા, એ દરેકને ચમત્કાર જેવું લાગી રહ્યું હતું.

અને એ ચમત્કારનાં સાક્ષાત્કારથી સૌ પોતાને અહોભાવીત અનુભવતાં હતાં.

-©નયન નિમ્બાર્ક

"સંવેદના"

નેહાની આંખો પથરાઈ ચૂકી હતી!!

સગાઓ, સ્વજનો, એનાં સાસરિયાઓ અને પિયરીયાઓ પણ કહી રહ્યા હતાં,

નેહા, રોઈ લે...!!

આમ, આંસુઓને ન ભરી રાખ તારી અંદર..!!

પણ નેહાની આંખો એ જિદ્દી વરસાદની જેમ જાણે જીદ કરીને બેઠી હતી કે આજે તો વરસવુ જ નથી!!

અને નેહા શૂન્યમનસ્ક રીતે એની નજરો સામે પડેલી એ લાશ, હા, હવે તો લાશ જ, ને અનિમેષ નજરે તાકી રહી હતી..!!

એનાં પતિ યશની લાશ..!!

જો કે પતિ અને પત્ની વચ્ચેના સંબંધો દસેક વર્ષ પહેલાં ખતમ થઈ ચૂક્યાં હતાં..!!

એક જ ઘરમાં બે શરીરો નામે યશ અને નેહા બાળકો સાથે રહી રહ્યાં હતાં અને જવાબદારીઓનું વહન કરી રહ્યાં હતાં..!!

પણ એ જવાબદારીઓમાં ક્યાંય પરસ્પર માટે ઉર્જા અને ઉષ્મા નો'તી રહી..!!

સંબંધ માત્ર અને માત્ર નામ પૂરતો, કદાચ બાળકોનાં કારણે ટકી - ખરી રીતે કહો તો અટકી રહ્યો હતો..!!

એ નામ પૂરતોય અટકી રહેલો સંબંધ આજે પૂરો થયો હતો અને છૂટનાર હતાં બંને..!!

પરસ્પરનાં સંબંધમાં રહેલાં અદ્રશ્ય બોજથી..!!

એનો દુનિયાની નજરોથી દૂર બંનેને કદાચ હાશકારો હશે..!!

વાતની શરૂઆત તો લગભગ પચ્ચીસેક વર્ષ પહેલાં થઈ હતી જ્યારે અરમાનો ભરેલી નવોઢા બનીને નેહા યશ સાથે પરણીને એનાં ઘરમાં આવી હતી..!!

નવોઢા તરીકે નેહાના આવવાથી ઘરમાં વાતાવરણ બદલાઈ ગયું હતું...!!

ઘરમાં આનંદ મંગલ, પ્રફુલ્લિતતા અને ખુશી છવાઈ ગયાં હતાં..!!

વર્ષોથી ઘર જાણે એક નવવધૂની રાહ જોઈ રહ્યું હતું, અને એ નવવધૂ શમણાંઓનો માળો લઈને કુમકુમ પગલે ઘરમાં આવી હતી..!!

નેહાનો ઘરમાં સ્વીકાર થઇ ચૂક્યો હતો અને ઘર સંસાર પણ આનંદરૂપ શરૂ થઈ ચૂક્યો હતો..!!

પણ

નેહાને હંમેશા યશ સાથેનાં એનાં સંબંધમાં કાંઈક ખૂટતું હોય એમ લાગતું રહેતું..!!

એ હંમેશા અનુભવતી કે યશ પૂર્ણપણે એનો નથી થઈ રહ્યો..!!

એક અદ્દ્રશ્ય દીવાલ ઉભી હતી,

જેની આરપાર તો જોઈ શકાય,

પણ આરપાર જઈ ન શકાય..!!

એ સંસારની ગાડીમાં સમયાંતરે નવા મુસાફરો રૂપે બે દીકરાઓ અવતરી ચૂક્યાં હતાં..!!

પરસ્પરની લાગણી જે પણ હતી, એ હવે વધુ વહેંચાઈ ચૂકી હતી..!!

કદાચ યશને નેહાથી દૂર જવા માટે કે દૂર રહેવા માટે કારણો જોઈતાં હતાં..!!

સંસારમાં ગૂંથાયેલી અને ગૂંચવાયેલી નેહા યશને પોતાનાથી દૂર અને વધુ દૂર થતો અનુભવી રહી હતી,

પણ એનાં માટે એ સમય અને સંજોગોની બાબત હતી..!!પોતાનું 'સર્વસ્વ' અર્પી ચૂકેલી નેહા માટે આ-જીવન માટે યશ જ એનો શ્વાસ હતો, પણ એ શ્વાસમાં કોઈ અધૂરપ હમેંશા માટે લાગતી રહી હતી. એ અધૂરપ હવે ગૂંગણામણ લાગી રહી હતી..!!

નેહા કદી ન ભૂલી શકી એ લગ્નની પંદરમી એનિવર્સરી!

નેહાએ સવારમાં જ યશને વિશ કરીને કહ્યું હતું કે,

આજે આપણા લગ્નની આજની પંદરમી એનિવર્સરી ઉપર હું તમારી પાસે જે કાંઈ પણ માંગીશ એ તમારે આપવું પડશે. આપશોને?

યશ નેહાની હર પ્રકારે કાળજી લેતો.

બહુ ઓછીવાર બન્યું હતું કે નેહાએ યશ પાસે કંઈપણ માંગ્યું હોય.

ચહેરા ઉપર હળવા સ્મિત સાથે યશ બોલ્યો,

મેં તને કદી ના પાડી છે!!

અને વર્ષોથી મનમાં સંઘરેલી એ વાત આજે નેહાના હોઠો ઉપર હતી!!

યશ, મને હમેંશા લાગતું રહ્યું છે કે તમે મને પ્રેમ નથી કરતાં અને નથી જ કરતાં. જ્યારે પણ તમારી સાથે હોઉં છું ત્યારે મને તમારામાં કાંઈક ખૂટતું હોવાનો, તમારી સંપૂર્ણતાના અભાવનો અનુભવ થાય છે..!!

તમારી પ્રથમ નજર હો કે પ્રથમ સ્પર્શ હો કે પ્રથમ અભિવ્યક્તિ હો, મને ક્યારેય એમ નથી લાગ્યું કે તમેં પૂર્ણપણે મારા માટે વ્યક્ત થઈ રહ્યા છો..!!

આવું કેમ છે યશ?

એવું તો શું છે યશ કે જે આજે લગ્નનાં દસ વર્ષોમાં આપણી વચ્ચે આવતું રહ્યું છે?

જો તમારી લાગણી અન્ય કોઈની સાથે જોડાયેલી હોય, તો હું તમારી એ લાગણી વહેંચવા નથી માંગતી!

તમે ખુશીથી તમારી એ લાગણીને પૂર્ણ ન્યાય આપવા સંમત છો..

પણ જે પણ હોય, એ આજે મને સ્પષ્ટ કહો..!!

નેહાનાં ગળે ડૂમો બાઝી ગયો.. એ વધુ કાઈ બોલી ના શકી..

એની આંખો ગંગા-જમના થઈને વહી રહી હતી..!!

યશનો ચહેરો મૂંઝાયેલો લગતો હતો.

કદાચ શબ્દો શોધી રહ્યો હતો..!!

થોડીવાર રૂમમાં સન્નાટો પથરાયેલો રહ્યો!

યશ ધીરેથી નેહાનો હાથ પોતાનાં હાથમાં લઈ પસરાવતો બોલ્યો,

નેહા, જ્યારથી તારી સાથે લગ્ન થયાં છે, ત્યારથી મારું જીવન કેવી રીતે બદલાયેલું છે, શું તું એ નથી જાણતી?

હું હમેંશા તને ખુશ રાખવાનો અને જોવાનો પ્રયત્ન કરતો રહ્યો છું, એવું તને નથી લાગતું?

કોઈપણ એવું કારણ નથી જ કે જેનાં કારણે તને એમ લાગવું જોઈએ કે મારા જીવનમાં હું લાગણીઓ કોઈની સાથે વહેંચી રહ્યો છું!!

તું દસ વર્ષથી મારી સાથે છે અને છતાંય દસ વર્ષથી હમેંશા શંકામાં જીવી છો, એ હું જાણું છું..!

તારી આ શંકાને કારણે હું કોઈ દિવસ ખૂલીને નથી જીવી શક્યો, શું તું એ જાણે છે?

મારા સ્કુલ-કોલેજનાં મિત્રો, મારા ઓફિસના મિત્રો, મારા સગાં સંબંધીઓ આ દરેકની સાથે હળવા ભળવામાં હું સંકોચતો રહ્યો છું, તારા કારણે - તારી શંકાના કારણે..!!

સતત ગૂંગળાતો રહ્યો છું, અને સહેતો રહ્યો છું..!!

કોઈ બાબતોના મારે તને કોઇ ખુલાસાઓ ન આપવા પડે, એટલે એવી દરેક બાબતો, ભલે મારા માટે- મારા કેરિયર માટે સારી હોય- છતાંય એમાં પાછી પાની કરતો રહ્યો છું..!!

તને આ દસ વર્ષમાં કદાચ એ જાણ તો થઈ જ ગઈ હશે કે મોઢામાં ચાંદીની ચમચી લઈને નથી જન્મ્યો હું!! અને બાળપણથી ઘણો સંઘર્ષ કર્યો છે!! કોઈપણ વસ્તુ માંગવાની આદત મારી ખુદારી વિરુદ્ધમાં રહી છે, એટલે હર પરિસ્થિતિમાં ચલાવી લેતાં શીખ્યો છું.. પણ તારાં મારા જીવનમાં આવવાનાં એ દિવસથી લઈને મેં હંમેશા તને ખુશ અને વધુ ખુશ કરવાનો જ પ્રયત્ન કર્યો છે!!

પણ તારી મારા પ્રત્યેની અપેક્ષાઓ વધુ જ રહી, જે હું કદી પૂરી ના કરી શક્યો..!!

આજે જો આ વાત ન આવી હોત, તો કદાચ મારા અંતિમ શ્વાસ સુધી હું તને કોઈ શબ્દ નો'તો કહેવાનો!!

શંકાનાં વાદળોને વરસીને પ્રેમનું આકાશ ચોખ્ખુ થવાનું ઉત્તમ વાતાવરણ સર્જાઈ ચૂક્યું હતું અને હવે બસ એ આકાશમાં નવા રંગ ભરવાનું કામ હવે નેહાએ કરવાનું હતું..!!

પણ...

હા, પણ...

નેહાની આંખો હજુ વરસી રહી હતી..!!

નેહા બોલી,

યશ, તમારી લાગણી છુપાવવા માટે તમે મારા ઉપર શંકાનો આરોપ લગાવી રહ્યા છો, અને એ રીતે હકીકત છૂપાવી રહ્યા છો, એ હું જાણું છું..!!

હજુ તમે મને જે પણ કાંઈ હોય એ સ્પષ્ટ નથી જ કહી રહ્યા..!!

નેહા.. નેહા.. હું કઈ ભાષામાં તને સમજાવું તો તું સમજીશ?

જે પણ કીધું એ જ માત્ર હકીકત છે..!!

મારે કોઈની સાથે કોઈ લાગણી નથી, કોઈ અફેર નથી..!!

અને હવે આ વાતને કાયમ માટે પૂરી કરીએ ને..!!

એ સાથે યશે નેહાનો હાથ ચૂમી લીધો!!

પણ નેહા પ્રેમના કોઈ મૂળમાં નો'તી..

ઝટકો મારીને એણે પોતાનો હાથ યશનાં હાથમાંથી છોડાવી લીધો..

અને બસ એ જ ક્ષણે યશનો મેન ઈગો જાગી ગયો..!!

નેહા, હવે થોડું વધારે થઈ રહ્યું છે..

આ વાતને કાયમ માટે પૂરી કરીએ..!!

પણ નેહા આજે તેના મનની સચ્ચાઈ જાણવાનાં મૂળમાં હતી..!!

યશ હવે આગળ કાંઈ બોલવાના મૂળમાં નો'તો..

નેહા, આ તું સારું નથી કરી રહી..

અત્યારે મારી લાગણી જે રીતે તેં તોડી છે, એ ક્યારેય માફ નહીં કરી શકું..

મારા દસ વર્ષનાં પ્રેમને તે એક ઝાટકે હડધૂત કરી નાખ્યો છે...!!

શંકાનાં ઓછાયામાં તે તારા પોતાનાં ઘર સંસારમાં આગ ચાંપી છે..!!

બાળકોના કારણે હું તને છોડીશ તો નહી પણ આપણી વચ્ચેનાં પતિ-પત્ની તરીકેના દરેક સંબંધો આજે પૂરાં થાય છે, કાયમમાટે..!!

અને માત્ર તારી શંકાના કારણે જ..!!

નેહા હજુ પણ એ જ વાત મનમાં વિચારી રહી હતી કે પોતાની ભૂલ છુપાવવા માટે જ યશ આવા નાટક કરી રહ્યો છે..

પણ એ નેહાની જિંદગીની સૌથી મોટી ભૂલ હતી..!!

એ દિવસથી નેહા અને યશ એક જ ઘરમાં રહેતાં હતાં પણ કોઈપણ સંબંધ વિના..!!

બંને બાળકો અને સંબંધીઓ પ્રત્યે પોતપોતાની જવાબદારીઓ નિભાવી રહ્યા હતાં, પણ પરસ્પર માટે તેઓનું અસ્તિત્વ ખતમ થઈ ચૂક્યું હતું, લાગણીઓ શૂન્ય થઈ ચૂકી હતી..!!

એ યશની લાશ આજે નેહાની આંખો સામે હતી અને નેહાની આંખોમાં આજે કોઈ આંસુ નો'તું આવી રહ્યું..!!

બીજા દિવસે સવારે,

બાથરૂમમાં શાવર નીચે નેહા નીચે બેઠી હતી અને કોઈને પણ ન સંભળાય એવાં ડૂસકાઓ સાથે વહેતાં પાણીમાં આંખોની ખારાશ અસ્ખલિત વહી રહી હતી ન જાણે કેટલો સમય એમ જ વીત્યો હશે..!!

આજે શંકાનાં વાદળોની પાર વિસરાઈ ગયેલો માણસ અને વિખાઈ ગયેલો સંબંધ નેહા જોઈ રહી હતી..!!!

-©નયન નિમ્બાર્ક

“જન્મદિવસ”

માઇક્રો ફિક્શન સ્ટોરી

ભારતથી ઓસ્ટ્રેલિયાની ફ્લાઇટમાં પ્રિયમ તેનાં ૮ વર્ષનાં બાળક શ્રવણ તથા પત્ની કાજલ સાથે પાંચ દિવસ અહી ભારતમાં પરદાદાની ૧૦૧મી વર્ષગાંઠ નિમિત્તે રોકાઈને પાછો જઈ રહ્યો હતો. અને મનમાંને મનમાં ભારત આવવાનો તેનો બિઝનેસ પર્પઝ પૂરો થવાથી ખુશ હતો..!!

નટખટ શ્રવણ સૂઈને ઉઠી ચૂક્યો હતો અને હવે વાતચીત કરવાનાં મૂડમાં હતો.

એણે એનાં પપ્પાને સવાલો પૂછવાની શરૂઆત કરી..!!

ડેડ, કોઈ માણસ ૧૦૦ વર્ષ જીવે ખરા?

પ્રિયમના ચહેરા ઉપર હંમેશની જેમ હળવું સ્મિત આવી ગયું..!!

હા, આપણે હમણાં જ દાદાને જોયાં ને..!!

તો હેં ડેડ, આપણે બા ને કે દાદાનાં કોઈ ફ્રેન્ડને તો એમનાં બર્થ ડે માં જોયાં તો નહી?

શ્રવણની આમ ‘તો હેં’ કહેવાની આદત એની ગુજરાતણ માં કાજલની લઢણ ઉપરથી આવી હતી. અને જ્યારે પણ શ્રવણ આમ ‘તો હેં’ કહેતો ત્યારે પ્રિયમ હમેંશા હસી પડતો..

પણ આ સવાલથી પ્રિયમ કદાચ મૂંઝાઈ ગયો હતો..!!

એનાં જીવનનું ધ્યેય હતું રૂપિયા કમાવા અને મોજ કરવી..

પણ શ્રવણનાં આ પ્રશ્નથી જાણે કોઈએ એક જોરદાર લાફો મારીને એને ભર ઊંઘમાંથી જગાડી દીધો હતો..!!

જાણે એ ટાઈમ મશીનમાં બેસીને એ ક્ષણમાં પહોંચી ગયો કે જે ક્ષણે પરદાદાનાં જન્મદિવસની ઉજવણી માટે કુટુંબમાં થતાં કાકાએ ક્યાંકથી નંબર શોધીને એને ખાસ આમંત્રણ પાઠવવા હરખભેર ફોન કર્યો હતો.

પણ પિતાનાં મૃત્યુ પછી ધંધામાં એક્કો થઈ ગયેલો પ્રિયમ એ ફોનને ભારતમાં એનાં ધંધાનાં એક્સપાનશન માટેની આવેલી તક જોઈ રહ્યો હતો.

એણે ખૂબ જ ઉમળકાભેર હા પાડી અને સહપરિવાર જરૂરથી આવશે એની ખાત્રી આપી.

એ દિવસથી જ એનાં મનમાં ભારતમાં પોતાનાં ધંધાનાં વિસ્તરણની યોજનાઓ આકાર લેવા માંડી. એણે પોતાનાં કાકા-બાપાઓ, એમનાં સંતાનોની જાણકારી મેળવવા માંડી અને એનાં ધંધાનાં પ્લાનમાં એને કોણ અને કેવી રીતે મદદ કરી શકે છે, એનાં પ્લાન બનાવવા માંડ્યો.

એનાં પ્લાન પ્રમાણે જ એનાં ભારતમાં પાંચ દિવસનાં રોકાણને એણે બિઝનેસ ટ્રીપ બનાવી દીધી હતી. જો કે એણે જેને ટાર્ગેટ કર્યા હતાં એ સગાઓ પણ પ્રિયમમાં તો તક જ જોઈ રહ્યા હતાં..!!

આ આખી બાબતમાં જે દાદાનાં જન્મદિવસની ઉજવણી માટે આવ્યા હતાં એ પ્રસંગ માત્ર એક ફોર્મલિટી જ બની ગયો. દાદાની કેક કટીંગની વિધિનાં ઉત્સાહ અને ઉમંગ કરતાં એને એનાં બિઝનેસ પ્લાનનો ઉમંગ વધુ હતો..!!

આથી, એ પ્રસંગને જેટલો શ્રવણ અને કાજલ દિલથી માણી શક્યા એ રીતે પ્રિયમ ના જ માણી શક્યો..!!

પણ જ્યારે એ ઓસ્ટ્રેલિયાનાં પ્લેનમાં બેઠો ત્યારે ખરેખર ‘હાશ’ અનુભવી રહ્યો હતો.

પણ શ્રવણનો એ સવાલ..

પ્રિયમની અંદર વાવાઝોડું ઉઠ્યું અને અત્યાર સુધી જે પણ કાંઈ એની અંદર આદત અને હકીકત બનીને ગોઠવાઈ ચૂક્યું હતું, એ બધું જ ખળભળી ગયું... બધું જ..!!

જે આંખોમાં થોડીવાર પહેલાં ધંધાનાં સપનાઓ તરવરતાં હતાં એ આંખો ક્ષણમાં શૂન્ય થઈ ગઈ.

જો ૧૦૦ વર્ષ જીવી લેવાય તો પણ શું??

એની નજર કાજલ તરફ ઉઠી. એક ક્ષણ રુકી.

શ્રવણ તરફ ગઈ. રુકી. અને બંધ થઈ.

એને એનાં દોસ્તો, સાથીઓ યાદ આવી ગયાં.

હમણાં જ જે પ્રસંગમાંથી આવ્યો હતો, એમાં ઘણાં લોકો એવાં પણ હતાં જે કોઈ સ્વાર્થ વિના પોતાનો માનીને એની ઉપર અને એના પત્ની અને બાળક ઉપર અપાર સ્નેહ વરસાવી ચૂક્યાં હતાં.

પણ..

આ બધું જ દેખાઈ શકે એવી કોઈ નજર હજુ વીતી ક્ષણ સુધી એની પાસે નો'તી.

અને કદાચ એ પ્રશ્ન ન હોત તો…??

-©નયન નિમ્બાર્ક

'પ્રાર્થના'

માઈક્રો ફિક્શન સ્ટોરી..

આજ સવારથી એ ભગવાનને પ્રાર્થના કરતો હતો, બે હાથ જોડીને આંખો બંધ કરીને. ન જાણે કયું સ્વર્ગનું સુખ માંગી રહ્યો હતો.

ને એમ કરતાં સાંજ થઈ જ ગઈ.

એનાં શેઠનાં ઘરમાં મહેમાનો ધીમે ધીમે કરીને ભેગા થવા લાગ્યા હતા. શેઠની પાંચેક વર્ષની દીકરી પરી કેવી સરસ ઢીંગલી જેવી તૈયાર થઇ હતી અને મહેમાનોની વચ્ચે આવી હતી.

સુંદર સજાવેલી ઢીંગલી આકારની કેક ટેબલ ઉપર આવી પહોંચી હતી.

એ ટાઈમ આવી ગયો હતો કે જ્યારે પરી કેક કાપે.

મહેમાનો ઉમંગ અને ઉત્સાહમાં હેપી બર્થ ડે નું ગીત ગાઈ ચૂક્યા હતા.

અને હવે એની નજર વધારે સતેજ થઈ ગઈ.

કાન સરવા થઈ ગયા.

અને એકાદ ક્ષણ પૂરતી આંખો બંધ થઈ ગઈ.

પરીને શેઠે સરસ મજાનું ગિફ્ટ પેક આપ્યું અને પરીએ ત્યારે જ ખોલ્યું.

પણ ગિફ્ટમાં આપેલ ખૂબ જ મોંઘુ રમકડું પરીને પસંદ ના આવ્યું અને પરીએ પોતાની આદત મુજબ અદ્દલ ગયા વરસની જેમ એ સમકડાનો ઘા કર્યો. અને રમકડું એની પ્રકૃતિ મુજબ તૂટી ગયું.

શેઠનાં ચહેરા પર એક ફિક્કી લાઈન આવી ગઈ કે મારી ઢીંગલીને મારી ગિફ્ટ ના ગમી. પણ તરત જ રડતી પરીને શેઠે કહ્યું કે કાંઈ વાંધો નહી, તારા માટે બીજું કાંઈક તને ગમે એવું રમકડું લઈ આવીશું.

તૂટીને વિખેરાઈ ગયેલાં એ રમકડાંને ભેગા કરવામાં એને જાણે સ્વર્ગનો આનંદ આવી રહ્યો હતો. મનોમન પોતાની પ્રાર્થના સફળ બનાવવા માટે ભગવાનનો આભાર માની રહ્યો હતો.

પાર્ટી પૂરી થાય અને કાલે જેનો જન્મદિવસ છે એ પોતાની ચાર વર્ષની દીકરીને આ તૂટેલું રમકડું આપતાં એ કેટલી ખુશ થશે, એની કલ્પનાથી એ ઝૂમી ઉઠ્યો હતો....

'અધૂરપ'

જેનાં નામે જિંદગી કરી હોય, એ વ્યક્તિને આ ધરતી ઉપરથી પોતાની આંખોની સામે ભૂસતા જોવું, એનાથી અઘરું કદાચ કાંઈ નહી હોય! એ અઘરી ઘટના મારી સામે ઘટી રહી હતી! બસ થોડી જ ક્ષણોમાં એક માનવદેહ ફક્ત નશ્વર દેહ તરીકે રહી જવાનો હતો. એ સાથે કેટ-કેટલું ખતમ થઈ જવાનું હતું!!

કદાચ ચિંતા નો'તી થઈ રહી કે આ ચાલીસીમાં મારા જેવી એકલી સ્ત્રીનું અને મારા સંતાનોનું શું થશે? પણ ઘણાં વર્ષોથી રહેલો એક ખાલીપો અત્યારે અનુભવાઈ રહ્યો હતો. હવે નરી શૂન્યતા લાગી રહી હતી!!

અત્યારે શહેરની એક ખ્યાતનામ હોસ્પિટલના આઈ. સી.યુ.માં જેને જોઈને હમણાં જ બહાર આવી, એ શરીર સંબંધથી પતિ થાય, પણ મારું સર્વસ્વ!! જે અત્યારે વેન્ટિલેટર જેવા મશીનોથી ઘેરાઈને હોસ્પિટલનાં એ બેડ ઉપર કોઈ જ હલનચલન વિના જીવિત હોવાનાં અમારા સૌનાં અહેસાસ સાથે દેખાતું હતું!!

મારું આખું શરીર બોઝલ લાગી રહ્યું હતું! આઈ. સી.યુ.ની બહારના બાંકડા સુધી પહોંચી - ના પહોંચી ત્યાં તો બાંકડા ઉપર શરીર જાણે ફસડાઈ પડ્યું. પીઠ ટેકવીને નજરો બંધ કરતાં જ નજાણે ક્યારે આંખોનાં અંધકારને પાર કરીને ભૂતકાળમાં પહોંચી ગઈ!!

મારી વિધવા માં ને બસ એક જ ચિંતા હતી! એની એક માત્ર દીકરી સુકન્યાનાં લગ્નની! બહુ ધામધૂમથી લગ્ન કરાવવાની હ્રદયરોગથી ગુજરનાર કર્તવ્યનિષ્ઠ સરકારી ઓફિસર પિતાની ઈચ્છાને અંતિમ ઈચ્છા ગણીને જીવતી મારી માં મારા માટે સારો વર અને સારું ઘર મળે, એ માટે ન જાણે કેટકેટલાં બાધા-માનતા રાખી ચૂકી હતી.

લગભગ દસ-બાર મુરતિયાઓ જોયાં. પણ કોઈમાં આંખો ઠરતી નો'તી. એ દિવસે 'એ' મને જોવા આવેલ. સારું ઘર અને મલ્ટી નેશનલ કમ્પનીમાં નોકરી કરતો એ ફૂટડો-હેન્ડસમ યુવાન આમ તો પહેલી નજરમાં જોતાં જ ગમી ગયેલો. પણ એને પસંદ કરવા પાછળનું ખરું કારણ હતું એની નિખાલસતા.

લગ્ન માટે અત્યાર સુધી જોયેલા મુરતિયાઓના અનુભવે એટલું તો શીખી હતી કે કોણ પસંદ કરે છે, અને એનો અપેક્ષિત જવાબ શું હશે!! આ યુવાન સાથે જ્યારે વાતચીત કરી રહી હતી, ત્યારે એકાદ ક્ષણ પૂરતું પણ ન લાગ્યું કે આ યુવાન લગ્નની ઈચ્છાથી મને જોવા માટે આવ્યો છે!! એની આંખોમાં કંઈક અજીબ ઉદાસી અને ખાલીપણું, કદાચ મારો આભાસ હતો, તો પણ અનુભવી રહી હતી!!

આમ છતાં, એનાં શબ્દોમાં કટુતા નો'તી. એનાં એ શબ્દો કે, "તમારા જેવું પાત્ર જીવનસાથી તરીકે મળે, એ કોઈની પણ ખુશનસીબી હોય!" એ શબ્દોમાં એનાં અસ્વીકારનો રણકો તો હતો જ, પણ સાથે કાંઈક દર્દ હતું, એ સ્પર્શી ગયું!! એમ લાગ્યું કે આ યુવાન ભલે હોઠોથી હસતો હશે, પણ ઘણુંબધું વજનદાર પોતાની અંદર છુપાવીને ફરી રહ્યો છે!!

મારા ઘરની દીવાલોની વચ્ચે થયેલી એ વાતચીત બાદ મને એ યુવક પસંદ આવ્યો! અને અપેક્ષિત રીતે એની 'ના' હતી! હવે એ મારી ઝંખના હતો! ચાહવા લાગી હતી એને! પ્રથમ નજરનો પ્રેમ!!

થોડાં મહિનાઓ પછી ફરીથી કાંઈક સંજોગો એવાં બન્યા કે મારા લગ્નની વાત ફરી એ જ યુવાન સાથે આગળ વધી! એ યુવાન હજુ ડગુમગુ હતો! એનું મન હજુ ઠરતું ન હોય એમ લાગતું હતું!! પણ આખરે એણે પણ 'હા' પાડી!

એની સાથે હું એનાં ઘરમાં, એનાં બેડરૂમમાં બેઠી હતી! એની સાથે એનો જીગરી દોસ્ત પણ સાથે હતો!

એ પૂછી રહ્યો હતો કે, શું તમને લાગી રહ્યું છે કે તમે મારી સાથે ખુશ રહી શકશો? તમે મારા વિશે જાણો છો પણ શું? મારો ભૂતકાળ, મારા વિશે જે પણ કાંઈ? મારામાં શું સારું નથી અને શું ઘણું બધું સારું નથી??

મને એમ લાગી રહ્યું હતું કે, એ હજુ પ્રયાસો કરી રહ્યો હતો કે હું એનાં વિશે પૂછું, જાણું અને હું જ 'ના' પાડી દઉં!! પણ મારી લાગણીનું કોઈ અજીબ ખેંચાણ મને એનાં જીવનમાં ખેંચી રહ્યું હતું! મેં કહ્યું હતું કે, જે પણ કાંઈ હશે; જે જાણવા જેવું હશે, એ તમે મને કહેશો! નહી જાણવા જેવું હોય, એ નહી કહો! તમારામાં સારું અને ઘણું બધું સારું પણ હશે જ! એમ મારામાં પણ સારું નહી હોય અને ઘણું બધું સારું નહી હોય, એમ હશે જ ને! એટલે મારો નિર્ણય એ છે કે, હું તમારી સાથે લગ્ન કરીશ!

કદાચ મારાં શબ્દો, ખુમારી કે અડગતા જોઈને, એ ક્ષણે એની આંખોમાં કાંઈક અજીબ ચમક વીજળીની જેમ ફરી ગઈ! એનાં હોઠો ઉપર સ્મિત રેલાઈ ગયું!

એ દિવસે અમારો સંગાથ નક્કી થયો. પછીનાં પંદર દિવસમાં સગાઈ અને પછીનાં બે-એક મહિનાનાં ટૂંકા ગાળામાં જ લગ્ન! એ લગભગ અઢી મહિનાના ગાળામાં કદાચ ક્યારેય એણે ફોન કરીને વાત કરવાની કે મળવાની કોશિશ ન કરી! પણ હું એને રોજ રાત્રે ફોન કરતી! કદાચ દસેક મિનિટથી વધારે વાતો પણ નો'તી થાતી! આમ છતાં, મને સંતોષ હતો! મળવાની જો કે મારી ઈચ્છા, બસ ઈચ્છા બનીને રહી ગઈ! છતાં, હું ખુશ હતી! લગ્નની ખરીદીની હર એક વાત હું

એની સાથે શેર કરતી! એની હર પસંદને જાણવાની કોશિશ કરતી! પણ એણે એની આસપાસ કોઈ કોચલું બનાવીને પોતાની જાતને અંદર પૂરી દીધી હતી! એની એ સીમાઓ એનાં શબ્દોમાં પણ નજરે આવી જતી!!

લગ્નનો એ દિવસ. માંડવામાં એને આવકારવા નવોઢાના શણગારમાં સજીને એને જોવા આતુર હતી!! એ આવ્યા! અને હું ખીલી ઉઠી હતી!

લગ્નની વેદીમાં પ્રગટેલ અગ્નિની સાક્ષીમાં થયેલો એનો પ્રથમ સ્પર્શ, એ હસ્તમેળાપની ક્ષણ! ચાર ફેરા! અને હું એની પત્ની બની! જીવન સંગીની!!

એનાં ઘરમાં મારી પ્રથમ રાત્રી. અને મારો ઘર-સંસાર શરૂ થયો.

લગ્નજીવનની શરૂઆતમાં વરવધૂ જ્યારે પરસ્પર પર ઓળઘોળ હોય, એ સમયમાં પણ એ મારાથી અંતર જાળવતા! મારી ખૂબ જ કાળજી રાખતા, પણ ખબર નહી, મને પ્રેમનો અનુભવ નો'તો થાતો.

એ દિવસે મમ્મીજીના અતિ આગ્રહથી જ્યારે અમે ગાર્ડનમાં ગયેલાં, ત્યારે મેં હિંમત કરીને એમને પૂછેલું કે, મને લાગે છે કે તમારી ઈચ્છા વિરુદ્ધ તમારા લગ્ન થયેલાં છે. અને એટલે આપણી વચ્ચે એક અંતર હોય, એવું મને લાગી રહ્યું છે. પણ તમારા મનમાં જે પણ કાંઈ હોય, એ તમે મને ખુલ્લા મનથી કહેશો, તો કદાચ હું તમને તમારે જે પણ કંઈ જોઈએ, એના માટે સાથ આપી શકીશ! એણે નજરો ફેરવી લીધેલી! ઝળહળીયા હતાં એની આંખોમાં! અને કહી રહ્યા હતાં કે, હું કદાચ તારો ગુનેગાર છું! મારે તારું જીવન નો'તું ખરાબ કરવા જેવું! તું પ્લીઝ એવું ના માન કે મારી જિંદગીમાં કોઈ અન્ય સ્ત્રી છે. અને એ કારણે હું તારાથી દૂર રહું છું! અને મારો હાથ એની હથેળીઓ વચ્ચે દબાવીને કહ્યું કે, હું કવિતાને પ્રેમ કરતો હતો. ખૂબ જ પ્રેમ! સાચા દિલથી થાય, એ પ્રેમ! પણ મારો એ પ્રેમ એને પામી શકવાના પરિણામમાં નિશ્ફળ નિવળ્યો! હું ભાંગી પડ્યો! અને નક્કી કર્યું કે હવે જ્યારે હું એ પ્રેમ કોઈને નહી જ આપી શકું, તો કોઈની પણ સાથે લગ્ન કરીને હું કોઈની જિંદગી ના બગાડી શકું. પણ મારાં માં-બાપની ઈચ્છા અને લાગણીથી હું મારો વિચાર બદલવા મજબૂર બન્યો! તારી સાથેનાં લગ્ન એ મારાં માં-બાપની ઈચ્છાને કારણે થયાં છે, એ વાત સાચી. પણ તું મને પણ પસંદ છો! એ કબૂલાત મારે કરવી જ રહી કે, કવિતાને હું જે પ્રેમ કરતો હતો, એ કદાચ તને નહી કરી શકું, પણ તને ક્યારેય કોઈ વાતે ઓછું ન આવે, એની પૂરી કાળજી રાખીશ! તું મારા માટે જવાબદારી છો, એમ નહિં! પણ કદાચ મારા માટે જીવન જીવી શકવાની પ્રેરણા છો!

એક તૂટી ગયેલ હ્યદય અને એમાંની સચવાયેલી લાગણીઓને હું જોઈ શકી હતી! એક દર્દ જે એની અંદર ભરીને એ જીવી રહ્યા હતા, એ આંખોમાંથી

છલકતું એ દિવસે મારી નજરે પહેલીવાર જોયું. અને ત્યારપછી છેલ્લી વાર!!

એ સિગારેટ પીતાં હતાં. એમને રોકવાની અને ટોકવાની ઘણીવાર કોશિશો કરી! પણ એમને બંધ ન કરાવી શકી! લગ્નજીવનમાં સાથે રહીને અલગ-અલગ લાગણીઓ જીવતાં બે શરીરોએ સમયાંતરે બે બાળકોને જન્મ આપ્યો! એ કદાચ મને પ્રેમ કરવાની કોશિશ કરતાં, પણ કરી ન શકતાં! પણ એ મારી હંમેશાં ઘણી કાળજી રાખતાં! દરેક બાબતે!! સુવિધાઓને સુખમાં ફેરવવામાં આવે, તો ઘણી સુખી હતી! દરેક વાતે! પણ એ પ્રેમ પામવાની ઈચ્છા હંમેશા અધૂરી હતી! એ એક અદ્રશ્ય દિવાલથી ઘેરાઈને રહેતાં! એમની એ અદ્રશ્ય દીવાલને તોડવાની મારી શક્તિ પણ અને હિંમત પણ ધીરેધીરે ઓછી થઇ રહી હતી!

અને બીજી તરફ સિગારેટના ધુમાળાઓ એમનાં શરીરને પોતાની અંદર સમેટી રહ્યાં હોય, એમ લાગી રહ્યું હતું!

એ દિવસે સવારે ચાર વાગે જાગી ગયેલી, એ ભયાવહ સ્વપ્નથી! એ અગ્નિની વચ્ચે ઉભા રહીને હળવા સ્મિત સામે મારી સામે જોઈ રહ્યા હતા, અને હાથ હલાવીને મારાથી દૂર જઈ રહ્યા હતા! હું સફાળી જાગી ગઈ! અને પછી સૂઈ જ ન શકી! એને ગુમાવવાની એ કલ્પના પણ હું સહન ન કરી શકી!

એ સપનું ન જાણે કેમ વાદળોની જેમ ધીરે ધીરે અમારાં જીવનને ઘેરવા તરફ આગળ વધી રહ્યું હતું.

ઘણી દવા કરવાં છતાં ન મટતી એમની ઉધરસ અને ઘટતાં વજનને લઈને અમારાં ફેમીલી ડોકટરે સ્પેશ્યાલિસ્ટને બતાવવાનું કહ્યું. અને ઘણાં બધાં મેડિકલ રિપોર્ટ પરથી નિદાન થયું ‘કેન્સર’!

એક અનિષ્ટ મારાં જીવનમાં અને એમનાં શરીરમાં ફેલાઈ ચૂક્યું હતું. એ અનિષ્ટ કે જે હવે જઈ શકે એમ નો’તું, જીવનને પોતાની સાથે લીધા વિના!

મારી આંખો ખુલી! આંખોમાં ભીનાશ હતી અને હું હોસ્પિટલના આઇ.સી.યુ.ની બહારના બાંકડા પર હતી! ડોકટરો અને નર્સની અવરજવર થઈ રહી હતી!

કદાચ રોજની ઘટના હતી એમનાં માટે, એટલે કોઈ જ પ્રકારની લાગણીઓ કે ભાવનાઓની કોઈ લકીરો પણ એમનાં ચહેરા પર ફરકતી પણ ન હતી! સંવેદનાહીન તો નહી થઈ ગયાં હોય, પણ સંવેદનાને સાચવીને પણ શું કરે!

એકાદ વિચાર આવી ગયો કે, મારો શું વાંક?

જેમને ઘરે મૂકીને અહી હોસ્પિટલમાં બેઠી છું, એ બાળકોનો શું વાંક?

પણ અંદર ભરાયેલ શ્વાસની સાથે એ પ્રશ્ન પણ બહાર નીકળી ગયો!

અને તરત બીજો શ્વાસ અંદર આવ્યો અને એક વિચાર પણ!

“મારી જ નિયતિ એવી!”

અને સાવ શૂન્યમનસ્ક થઈને આઈ. સી. યુ. નાં બંધ દરવાજા તરફ નજરો મંડાયેલ હતી!!

-©નયન નિમ્બાર્ક

....

"લાગણીઓનું કેન્સર"

દરેક જીવનનો અંત નિશ્ચિત છે. એમ મારી નજરો સામે પડેલું એક શરીર પોતાનામાંથી જીવન નામનું કૈક ગુમાવીને પછી સદાયને માટે ફક્ત એક નામ – એક સ્મરણ બનીને રહી જવા માટે હવે કદાચ કલાકો, કે પછી મિનિટો ગણી રહ્યું છે. અમે બધા ન જાણે શું કરીએ છીએ, એ શરીરની સામે જોઇને, કે જ્યાં હવે જીવનની કે ચમત્કારની પણ કોઈ આશા પણ નથી.

જીવનની ચાલીસીમાં જે શરીરને જોઈ રહ્યો છું, એ મારો કોઈ લોહીનો સંબંધી નથી, પણ કદાચ એનાથી વિશેષ છે. લગભગ અમારા બંનેની દસેક વર્ષની ઉંમરથી એટલે કે પાંચમાં-છઠ્ઠા ધોરણમાં ભણતા હોઈશું, ત્યારથી જાણે કેવી રીતે મિત્રતા બંધાઈ ગઈ. અને પછી એ મિત્રતા ચાલતી ગઈ, અને ઉંમરની સાથે વધતી ગઈ. પછી તો કદાચ ઘણા દોસ્તો-મિત્રો બનતા ગયા, મળતા ગયા, વધતા ગયા અને ઓછા પણ થતા ગયા, એમ ભૂલતા પણ ગયાં! પણ અમે આજદિન સુધી – આ ક્ષણ સુધી હજુ સતત મિત્ર બનીને રહ્યા છીએ !!

એનાં અને મારાં જીવનની એક એક ક્ષણ અમારી વચ્ચે વહેચાતી. કાંઇ કેટલીએ ખુશીઓ અમારી વચ્ચે વહેચાઈને બે ગણી –ત્રણ ગણી થઇ હશે, ને કાંઇ કેટલીએ નિરાશાની, હતાશાની, દુ:ખની ઘડીઓ અમારી વચ્ચે વહેચાઈને અડધી થઇ હશે. એની જીવનનાં હર પાનાંઓ મેં વાંચેલા છે, એમ મારાં જીવનની કિતાબના હર એક અક્ષરને એ જાણતો હતો.

એટલે જ આજે કદાચ એ શરીરની નહી પણ એની અંદર રહેલું જે કાંઇ પણ ધીરે ધીરે બુઝાઇ રહ્યું હતું , એ હું મારાં મન:ચક્ષુથી જોઈ શકતો હતો, અને અંતરનાં ઊંડાણથી અનુભવી શકતો હતો.

દિવાલ પર લટકેલી ઘડિયાળમાંની કઈ ક્ષણે નશ્વરતાની પળ સામે આવશે તે ખબર નથી. પણ આ ક્ષણે મારાં મન:પટલ ઉપર સામે આવેલી ઘટના જ એ શરીરને અહી આ સ્થિતિમાં લાવવા માટેનાં નિમિત્ત તરીકે ઉભરી રહી છે.

સ્કૂલિંગ સાથે કર્યા પછી, અમે એન્જીનીયરીંગ કોલેજમાં પણ સાથે હતાં. એ વર્ષોમા લાગણીઓનો ઉછળતો સમંદર ક્યાંક કિનારો શોધતો હોય છે! એમ એ દિવસોમાં એને શાબ્દિક અનુભૂતિનો કીડો સળવળ્યો, ને કવિતા લખવા માંડ્યો. પણ એ ફક્ત લખવા ખાતર લખાતી કવિતાઓથી વિશેષ હતું. ભાવાનુભૂતિ તથા લાગણીની નજાકતતા યુવા હૈયાઓને સ્પર્શી જાતી. અને એટલે જ એક વિશેષ ગ્રુપ રચાતું ગયું, એની કવિતાઓનું ચાહક બનતું ગયું. એમાં 'કવિતા' પણ

હતી. ‘કવિતા’ને જોયાં પછીની હર રચનાઓમાં લાવણ્ય, લાગણી, સ્પંદન, ઘેલછાં જેવી અભિવ્યક્તિઓની વણઝાર સર્જાતી ગઈ. અમારાં વચ્ચેની વાતોનો એકમાત્ર વિષય એ ‘કવિતા’ બનતી ગઈ. ‘કવિતા’નું નામ આવતાં જ એનાં ચહેરાં પર લાલિમા છવાઈ જતી. ઉત્કટ થઇ જાતો એ ‘કવિતા’ને પ્રેમ પ્રસ્તાવ કરવા. પણ પોતાની આર્થિક પરિસ્થિતિ નજરો સામે રાખીને એ હતાશ પણ થઇ જાતો. એની હતાશા ન માત્ર ચહેરાં પર, પણ એની આંખોમાં અને શબ્દોમાં પણ દેખાઈ આવતી. પોતાની અંદર ચાલતું એ કશ્મકશ એની લાગણીઓને અને શબ્દોને ઘમરોળી નાખતું. એની એ વેદના હું જોઈ શકતો, અનુભવી શકતો. હમેશા એને કહેતો કે, ‘કવિતા’ને એકવાર પૂછી તો જો, એની ઈચ્છા શું છે?

એક દિવસ કે જયારે એની સાથે હું હતો, અને ત્રીજી એ ‘કવિતા’, ક્લાસરૂમમાં એટલાં જ હતાં. ત્યારે એણે ‘કવિતા’ને પોતાની પાસે બોલાવીને ‘પ્રેમપ્રસ્તાવ’ મુક્યો. એ શબ્દો હજુ યાદ છે, કે એણે કહ્યું હતું કે, “‘કવિતા’ તને મારી રચનાઓ ગમે છે. એમાં ઘણીખરી રચનાઓ એ મારી તારા માટેની લાગણીઓ છે. એ લાગણીઓ એ મારો તારા માટેનો પ્રેમ છે. મારાં કુટુંબની આર્થિક પરિસ્થિતિ અત્યારે કાઈ એટલી સારી નથી કે હું તને બધા જ સુખ અને સગવડો આપી શકીશ. આમ છતાં, મારાં હ્યદયમાં તારા માટે પ્રેમ છે. અને તારી સાથે લગ્ન પણ કરવા માંગું છું.” એ પ્રેમની પ્રસ્તુતિ વખતે એનાં હ્યદયના ધબકારાઓનો થડકાટ હું સ્પષ્ટ અનુભવી શકતો હતો. પણ સામે ઉભેલી ‘કવિતા’ મંદમંદ મુસ્કાઈ રહી હતી, શરમાઈ રહી હતી. જાણે એ રાહ જોઈ રહી હતી, આ જ પ્રસ્તાવની.

‘કવિતા’ એ હ્યદયની લાગણીનો જવાબ ‘હા’ માં આપવા મથી રહી હતી. પણ જાણે શબ્દો નો’તા મળી રહ્યાં. ‘કવિતા’ એ કહ્યું હતું, “જો, મને તારી જેમ બોલતાં કે લખતાં નથી આવડતું, પણ મને એ ખબર છે કે, “હું તને પ્રેમ કરું છું.”

એ ક્ષણ સહરાનાં વિશાળ રણમાં મેઘનાં અમી છાંટણા થઈ જાતા ધરતીની જે સોડમ, જે તૃપ્તતા, જે પુલકીતતા છવાઈ જાય, તદ્દન એવી હતી. મરુભૂમિ જેવું જીવન હવે વનરાઈઓથી લીલુંછમ થવા થનગની રહ્યું હતું. પછી તો કવિ અને કવિતાની જુગલબંધી એ શબ્દોને નવું પરિમાણ આપ્યું. હવે એની રચાતી હર રચનાઓ જાણે ઉપવનની જેમ મ્હેકી ઉઠતી!! એ સંબંધ પવિત્રતાથી આગળ વધતો ગયો. યુવા હૈયાઓનો થનગનાટ મર્યાદાની સીમાઓની અંદર રહીને વિકસતો ગયો. આજીવન સાથે હોવાનાં કોલ-વાયદાઓ અને પરસ્પરનાં બની રહેવાની કસમો!! એ દરેક બાબતોનો હું સાક્ષી!!

એણે પોતાનાં ઘરે ‘કવિતા’ની વાત કરી! એનાં માં-બાપ દ્વારા એ સંબંધનો સ્વિકાર થયો. ‘કવિતા’ એ એનાં ઘરે વાત કરી. એને કહેવામાં આવ્યું કે, “બોલાવો એને, પછી આગળનો નિર્ણય લેવામાં આવશે.” અને એક દિવસ કવિતાનાં અતિ આગ્રહથી એ અને હું, ‘કવિતા’ નાં બંગલામાં ગયા. ‘કવિતા’ના માં-બાપ અને મામા એનાં સ્વાગત માટે સજ્જ હતાં. થોડીવારમાં પ્રેમની દુનિયાની અંદર પ્રવેશ કરવા જઈ રહેલ અરમાનભર્યા યુવાન હૈયાનાં અરમાનોનું જીવતેજીવત પોસ્ટમોર્ટમ થઇ રહ્યું હતું. ત્યાં ઉભેલી ‘કવિતા’ ની આંખોમાં આંસુઓનું ઝરણ વહી રહ્યું હતું. પણ શબ્દો જાણે વિલોપાઈ ગયા હતાં. એ ઘરમાં સપનાઓ લઇને પ્રવેશેલો એક ‘માણસ’ અરમાનોની લાશ ખભે નાખીને એ ઘરનો ઉંબરો ઓળંગીને વાસ્તવિકતાથી ભરેલી નિષ્ઠુર દુનિયામાં પાછો આવ્યો!!

બીજા દિવસે એ, ‘કવિતા’ની સાથે એક ગાર્ડનમાં બાંકડા ઉપર બેઠો હતો. અને બંને વચ્ચે સર્જાયેલી ખાઈ મૌન દ્બારા બંને અનુભવી રહ્યાં હતાં. બંનેની અંદર સમંદર ઘૂઘવાઈ રહ્યો હતો. પણ કાચની કોઈ અદ્દશ્ય દીવાલ એ સમંદરને થામીને ઉભી હતી. એક જરા સરીખો ધક્કો વાગતાં જ તૂટી પડે એવી નાજુક એ કાચની દીવાલને સ્પર્શવાની પણ બંનેમાંથી કોઈની ઈચ્છા ન હતી. એકાદ કલાક પછી ‘કવિતા’ ઉભી થઇ અને પાછું વળીને જોયાં વિના ચાલી ગઈ.

એ દિવસ પછી ‘કવિતા’ કોલેજ ન આવી. ‘કવિતા’ વિના જ ભણવાનું પૂરું થયું. એ દરમ્યાનની એની કવિતાઓમાં લાવણ્ય, લાગણી અને સ્પંદનનું સ્થાન હવે વિરહ, બેવફાઈ, જુદાઇ, આંસુઓ, દુખ, નિરાશા અને શૂન્યતાએ લઈ લીધું. એની રચનાઓનું દર્દ સાંભળનારના હૈયામાં ઉતરતું, તો એ આંગળીઓ જે લખતી હશે, કેટલું દર્દ અનુભવતી હશે! પણ હવે ‘કવિતા’ ન હતી, અને એ જ હકીકત હતી! ‘કવિતા’ કવિમાંથી જીવન લઈ ગઈ હોય એમ લાગતું હતું! એ જીવતો હતો, હસતો પણ હતો, હરતોફરતો પણ હતો, પણ હવે એ ‘એ’ ન હતો!

થોડાં સમય સુધી કોલેજનાં મિત્રો મળતાં હતાં. એમાં ખબર પડી કે ‘કવિતા’ના લગ્ન છે! અને બધાં મિત્રોને કંકોતરી આપવામાં આવી હતી, સિવાય એને!!

અમુક મિત્રો ‘કવિતા’નાં લગ્નમાં ગયા પણ હશે! કોણ ગયું એ ખબર રાખવાની ન તો ઈચ્છા હતી, અને ન તો આકાંક્ષા!! પણ એ ખબર છે, એ દિવસે સાંજે મારો દોસ્ત એકલો બગીચાનાં અંધારા ખૂણામાં બેઠો હતો. એનાં એક હાથમાં માચીસ હતી, અને બીજા હાથમાં સિગારેટનું પેકેટ. એક પછી બીજી જલતી ગઈ!! એક-એક કરીને બધી સિગારેટ રાખ બનતી ગઈ!! એ સીગારેટનો ધુમાડો ફેફસાઓમાં ભરતો ગયો!! સિગારેટનાં હર કસની સાથે ન જાણે શું શું

સળગીને- રાખ થઈને ફેફસાઓનાં ઊંડાણમાં કાયમ માટે ભરાઈ રહ્યું હતું!! ‘કવિતા’નાં લગ્નની વેદીની પ્રજ્વલિત અગ્નિમાં જાણે કવિ અને એનાં સમગ્ર અરમાનોની લાશો સળગીને સાવ ભસ્મ થઇ હતી! એ દિવસથી એણે પોતાની જાતને એક નવી આદત આપી, સિગારેટના ધુમાડાની!! કે હવે જયારે પણ ‘કવિતા’ યાદ આવશે, ત્યારે સિગારેટના ઉનાં ધુમાડાને ફેફસાઓમાં ભરીને, હ્રદયમાંથી એની યાદો ધૂંધળી કરી નાખીશ!! પણ એ યાદ હર ક્ષણ આવતી, અને એટલે સીગારેટના ધુમાડાના કડવા ઘૂંટ પણ ફેફસા સુધી હરક્ષણે પહોચતાં!!

કોલેજની ડીગ્રી અને તેની પોતાની ટેલેન્ટથી મલ્ટીનેશનલ કંપનીમાં નોકરી મળી. વૈચારિક ઉન્નતીથી પ્રમોશન પણ મળતાં. પણ ખાલીપો હતો. એણે નક્કી કર્યું કે, ‘કવિતા’ નહી તો હવે કોઈ નહી!! ‘કવિતા’ નું સ્થાન એનાં જીવનમાં કોઈ નહી લઈ શકે! એનાં માં-બાપ થાકી ગયાં એનાં માટે જીવનસાથી શોધીને, પણ ક્યાંય એનું મન માનતું નો’તું. પાંચેક વર્ષ વિતી ગયાં આમને આમ!! પછી તો એનાં મમ્મી પણ જીદ ઉપર આવી ગયાં!! એક સુકન્યા ‘માં’ ને ખુબ પસંદ આવી. પરંતુ આદત મુજબ એનું મન માનતું ન હતું. પણ આ વખતે ‘માં’ની જીદ હતી. અને એ જીદ સામે વર્ષોથી ઉભેલી લાગણીઓનાં તુમુલયુધ્ધમાં ‘માં’ની જીદ જીતી. એ કન્યા સાથેનાં લગ્નની ‘હા’ પછીની પહેલી મુલાકાતમાં હું પણ સાથે હતો. ત્યારે પણ એણે પ્રયાસ કર્યો કે, એ સુકન્યા એની સાથે લગ્ન માટે નાં પડી દે!! પણ સુકન્યા સાંભળતી રહી! અને જવાબ આપ્યો કે, લગ્ન તો હું તમારી સાથે જ કરીશ!! એ ખુબ ભાર અનુભવતો હતો કે, જેને હું આજીવન પ્રેમ નહી આપી શકું, કે પ્રેમ નહી કરી શકું, એની જીંદગી હું કેવી રીતે બરબાદ કરી શકું?

પણ લગ્ન થયાં !! બાળકો પણ થયાં !! આર્થિક સદ્ધરતા પણ આવી!! પણ ‘કવિતા’ની યાદો સીગારેટનો કાળો ધુમાડો બનીને ફેફસામાં ભરાતી ગઈ!!

જેમ એ વિકસતો ગયો, એમ એ પોતાની અંદર સંકોચાતો ગયો!!

એનાં બાળકો મોટા થઇ રહ્યાં હતાં!! પત્ની તરીકે આવેલ સુકન્યાને ખુશ અને સુખી રાખવાનાં દરેક પ્રયત્નો કરી રહ્યો હતો!! પણ એની અંદરની એકલતા, વિરહ, લાગણી અને શૂન્યતા આજપણ જીવતાં હતાં!! હર શ્વાસે ધબકતાં હતાં!!

એનાં ફેફસાઓમાં ધુમાડો બનીને ભરાતી ગયેલ ‘કવિતા’નું એક દિવસ નિદાન થયું, ફેફસાનું કેન્સર!! અને એ પણ અંતિમ તબક્કાનું!!

કોઈ ખોફ નહી, એનાં ચહેરાં પર મરવાનો!!

પૂરતી આર્થિક વ્યવસ્થા બાળકો અને પત્ની માટે કરી ચૂક્યો હતો!!

એની કંપની સારવારનો ખર્ચ ઉઠાવતી હતી!!

પણ ધીરે ધીરે એ ધુમાડામાં ખોવાઈ રહ્યો હતો!!

ડોક્ટરે આજે કહી દીધું હતું, કે હવે બસ થોડાં કલાકો કે થોડી મિનિટો!!

અને મારી નજરો સામે આજે એક શરીરની સાથે લાગણીઓ, સ્પંદન, લાવણ્ય, નિરાશા, હતાશા, દુખ, વિરહ બધું જ ખતમ થઇ જાશે!!

-© નયન નિમ્બાર્ક

****
**

‘એ નજરો - ૨’

આમ તો આવો ઉચાટ તમારા જેવા ભગવાધારીને શોભે નહી! પણ છેલ્લા ઘણાં સમયથી તમારું મન ઉચાટ અનુભવી રહ્યું હતું. રહી રહીને એ યાદો, એ પ્રસંગ, એ ચહેરો, એ ઉદાસીનતા મનચક્ષુની સામે આવતાં રહ્યા હતા.

ન જાણે કેમ?

અને

ન જાણે કેમ આટલા વર્ષો પછી??

એનાં કારણે નથી ધ્યાનમાં ચિત્ત લાગી રહ્યું કે નથી તમે આશ્રમનાં કોઇ કામમાં મન દઇને કામ કરી શકતાં!!

એ દિવસે તો તમારાથી ન જ રહેવાયું અને ગુરુજીનાં ધ્યાનકક્ષમાં જઇને ધ્યાનસ્થ ગુરુજીનાં ચરણો પાસે હાથ જોડીને બેસી રહ્યાં!

ભગવા વસ્ત્રો સાથે દગો થઇ રહ્યાનો અંતરમનનો ભાવ બોજ બનીને જાણે તમને દબાવી રહ્યો હતો અને તમારા ચહેરા પર વ્યગ્રતાની સાથે આંખોમાં આંસુઓની ધાર વહી રહી હતી.

ધ્યાનસ્થ ગુરુજીની સફેદ દાઢી અને જટા વચ્ચે છુપાયેલ હોઠો જાણે તમારી વ્યગ્રતાને સમજીને મંદ મંદ સ્મિત ફરકાવી રહ્યાં હોય લાગતું હતું.

આમ તો જ્યારે પણ ગુરુજી ધ્યાનના સમયે તેમનાં ધ્યાનખંડમાં ધ્યાનસ્થ હોય, ત્યારે તેમનાં ધ્યાનખંડમાં કોઇને પણ પ્રવેશવાની મનાઇ હોય છે. અને તમારા સહિતનાં દરેક શિષ્યો એ નિયમનો આદર પણ કરતાં આવ્યા છો. પણ આજે તમારી મનસ્થિતિ તમને એ નિયમ પાલનની ઉપર લઇ આવી.

લગભગ કલાકેક પછી ગુરુજી પોતાની ધ્યાનસ્થ અવસ્થામાંથી પાછા ફર્યા અને તમને સામે બેઠેલા જોઇને એ જ મોઘમ સ્મિત સાથે બોલ્યા, “જે પણ આવી રહ્યું છે, એ આવવા દો. ઉચાટનું કારણ એ સ્મરણ નથી. જીવન એ સ્મરણોથી પણ વધુ કઠિન પરિક્ષા લઇ શકે છે!!”

તમને જાણ હતી કે ગુરુજી સિધ્ધપુરુષ છે અને તમારા તપસ્વી જીવનનાં વર્ષોમાં ઘણીવાર તમને અને અન્ય શિષ્યોને અનુભવ થાતો રહ્યો છે. એટલે તમને તમારા ગુરુજીનાં એ શબ્દો ઉપર ભરોસો હતો.

ક્ષણાર્ધમાં જ એમ લાગ્યું કે, દિવસોનો બોજો જાણે વરાળ બનીને ઉડી ગયો.

એ જ સાંજે ગુરુજીએ યજ્ઞશાળામાં બોલાવીને શિષ્યગણોને કહ્યું કે, થોડા દિવસો સુધી આપણી સાથે રહેવા માટે થોડાં મહેમાનો આવવાનાં છે. કદાચ આપ સર્વેને થોડી તકલીફ પડી શકે છે. પણ એ મહેમાનો આ હિમાલયની કંદરાઓની સાથે આશ્રમજીવનની યાદગાર ક્ષણોને પોતાનાં જીવનમાં મઢીને લઇ જાય, એ જોવાની જવાબદારી આપણાં સૌની છે!!

અને તમારી તરફ નજરો સ્થિર કરીને બોલ્યા, "જ્યારે પણ કોઇ આપણને મળે છે, કાંઇક આપીને જાય છે. એમ કાંઇક લઇને પણ જાય છે. અને ઇશ્વર ખુદ પણ જો મોકો ચૂકી જાય, તો આપણી ગરિમા જાળવવાનો અને વધારવાનો મોકો અચૂક આપણને દરેકને આપે છે."

તમને બધાને થોડું સમજાયું અને ઘણું બધું ન સમજાયું. પણ એક વાત સ્પષ્ટ થઇ કે, આશ્રમમાં મહેમાનો આવવાના છે, અને એમનું યથોચિત સ્વાગત અને મહેમાનગતિ તમારે-શિષ્યોએ કરવાની હતી.

એ દિવસે સવારની ધ્યાનસભા પૂરી થતાંની સાથે જ ગુરુજીએ દરેક શિષ્યોને કહ્યું કે, તમને જે જણાવેલ કે અમુક મહેમાનો આવવાના છે, એ મહેમાનો આજે સાંજે આવી પહોંચશે. અને આપણે સૌ એમનાં સ્વાગત માટે હાજર રહેશું. ત્યારબાદ દરેક શિષ્યોને જોડી બનાવીને એ મહેમાનોની રહેવાની, જમવાની, સુખાકારીની તથા અન્ય બાબતો માટે જવાબદારી સોંપી. પણ તમને કોઇ જવાબદારી ન આપી. તમને ઘણું આશ્ચર્ય થયું. પણ ગુરુજી તમારી □□□ખોનાં આશ્ચર્યનાં ભાવોને સમજતાં હોય, એમ તમારી નજરોમાં ડોકીયું કરીને મુસ્કુરાઇ રહ્યાં હતાં.

ઢળતી સાંજે મહેમાનો ગાડીઓમાં આશ્રમનાં દરવાજે આવી ચૂક્યાં હતાં. એમની ગાડીઓની ઘરરાટી કુદરતની ક્યાંય સુધી પથરાયેલી શાંતિને ભંગ કરતી હતી. એ ગાડીઓમાંથી મહેમાનો તરીકે આવેલાં સ્ત્રીઓ-પુરુષો અને તરુણોનાં સ્વાગત માટે આશ્રમનાં મુખ્ય દરવાજા પાસે ગુરુજી ઉભા હતાં. અને ગુરુજીની પાછળ તમે શિષ્યગણો. ત્યારે મહેમાનોમાંની એક વ્યક્તિ પર તમારી નજર પડતાં જ જાણે તમે અંદરથી ધ્રુજી ઉઠ્યાં. એ કંપનો વિસ્તરતાં વિસ્તરતાં જાણે એ વ્યક્તિ સુધી પહોંચ્યા અને એ વ્યક્તિની નજરો અને તમારી નજરો બસ એકાદ ક્ષણ માટે એક થઇ અને એ ક્ષણ તમને જાણે અનંત અને અફાટ ભૂતકાળમાં ખેંચી ગઇ.

ચહેરા પર અને શરીર પર વર્ષોની જામેલી સમયની ધૂળ જો થોડી સાફ કરી નાખવામાં આવે તો કદાચ વધુ કાંઇ નહોતું બદલાયું એનામાં!! એ જ આંખોનું

ઉંડાણ, એ જ સ્મિતની નજાકતતા, એ જ ચહેરાની નિર્દોષતા, કોમળતા અને ઋજુતા પણ હજુ એ જ લાગી રહી હતી.

એ જ વ્યક્તિ જે તમારા માટે બધુ હતી. એનું નામ તમારા માટે તમારા હ્યદયનું સ્પંદન હતું. એની લાગણીઓ તમારો શ્વાસ. જ્યારે પણ તમે એનું નામ પોકારતાં, ત્યારે જાણે હ્યદયમાંથી પ્રેમનું ઝરણું નીકળીને હોઠો સુધી આવી જતું અને એ બુંદોમાં વિસ્તરીને સ્વરૂપ ધારણ કરીને તમારી સામે ખડું થઇ જતું. જ્યારે પણ તમારો હાથ એ હાથોમાં હોય, જાણે અનંત ક્ષિતીજે આકાશ, ધરાને સ્પર્શી રહ્યો હોય એમ લાગતું. તમારૂં એનાં ખોળામાં માથું મુકીને સુવૂં એટલે ધરતીથી વિસ્તરતું મેઘધનુષ જાણે આકાશને આંબવા દોડી જતું હોય, એમ લાગતું.

એ પ્રેમ નહોતો, લાગણીનો અસ્ખલિત ધોધ હતો. ક્યારે થયો, કેવી રીતે થયો, એ વાતોનો ક્યાં કોઇ અર્થ જ રહેતો!!

પરસ્પર વિનાંની જગ્યા તો સપનાંમાં પણ તમારા માટે શક્ય નહતી!!

પણ હાય રે નિયતી!!

આદમની ગમે તેટલી મહેચ્છાઓ હોય, નિયતીનાં પૈડાં હેઠળ બધું જ ક્રુરતાથી કચડાઇ જતું હોય છે!!

પછી ભલે એ પ્રેમ હોય, લાગણી હોય, સપનાંઓ હોય કે પછી કાંઇ પણ હોય!!

એનાં લગ્ન બીજે ક્યાંક નક્કી થઇ ગયાં અને લગ્ન થઇ પણ ગયાં..

એનાં લગ્નની પ્રજ્વલિત વેદીમાં કાંઇ કેટલુંય સળગી રહ્યું હતું!!

અને છેવટે સળગીને બધુંય રાખ થઇ ગયું અને એ રાખ નીચેનાં અંગારાઓ પણ ઠરી ગયાં.

એ રાતે ખૂબ વરસાદ આવેલો. એ વરસાદી રાતમાં તમે બહુ પલળેલાં. એમ કહેવાય છે કે વરસાદનાં પાણીમાં આંસુઓ છુપાઇ જતાં હોય છે!!

વહી રહેલાં વરસાદી પાણીમાં ન જાણે ક્યારે વૈરાગ્ય જાગી ગયો!!

કદાચ એ સ્મશાન વૈરાગ્ય નહતો!!

અને એટલે આજ પર્યંત ટકી રહ્યો હતો, તમારી નિયતી બનીને!!

ને એ ક્ષણ તમને ફરી પાછી વર્તમાનમાં મૂકી ગઇ. કેટલાં વર્ષો તમે એ ક્ષણમાં જીવી ગયાં!!

આજે ફરી એ ચહેરો તમારી નજરો સામે હતો. કોઇ'દિ વિચાર્યું પણ ન હતું, એ રીતે!!

શું એ જ તમારા ઉચાટનું કારણ હતું??

તમારા માટે ત્યાં ઉભું રહેવું મુશ્કેલ થઇ રહ્યું હતું. તમે એ આંખોમાં ડોકાઇ રહેલી ઉત્સુકતા, અપરાધભાવ, લાગણી, પ્રેમ, ઉત્કંઠતા અને બીજું કેટલું બધું એ ક્ષણોમાં જોઇ શક્યા હતા!

મહેમાનોનાં આશ્રમ પ્રવેશ બાદ તમે સીધા જ તમારી ધ્યાનકુટીરમાં ગયા! આંસુઓ પોતાનો બંધ તોડીને ક્યારથી વહી રહ્યા હતાં, એ તમને પણ નો'તી ખબર!! અને કેટલી વાર સુધી વહેતાં રહ્યાં, એની પણ નો'તી ખબર!!

તમે વિચાર કરી રહ્યાં હતાં કે શું સંન્યાસી માટે આ લાગણી યોગ્ય છે? અને એ પ્રશ્ન લઇને એ જ રાતે ફરી તમે ગુરુજી સમક્ષ હતાં!

તમારો પ્રશ્ન સાંભળીને પણ ગુરુજીનાં ચહેરાં પર એ જ શાંતિ અને સ્મિત હતાં. ગુરુજી બોલ્યાં કે, માની લો કે આ નિયતિની પરિક્ષા છે અને એ પરિક્ષાને તમારે કેવી રીતે પાર કરવી છે, એ નક્કી કરો!! અને જે થશે એ પણ નિયતિ છે!! તમારે ફક્ત ધીરજ ધરવાની છે. શાંત રહેવાનું છે. અને આટલાં વર્ષો સુધીની સાધનામાંથી તમને જે કાંઇ મળ્યું છે, એનો ઉપયોગ કરવાનો છે!!

ગુરુજીનાં ચરણો પાસે તમે બેઠાં હતાં અને ગુરુજીનો હાથ તમારા મસ્તક પર પસરાઇ રહ્યો હતો. જાણે કોઇ દિવ્ય ઉર્જા અને દિવ્ય શાંતિ તમારામાં સંચિત થઇ રહી હતી.

થોડી ક્ષણો બાદ તમે ગુરુજીને પૂછ્યું કે તમે આશ્રમથી દૂર જંગલની ગુફામાં જઇને એકાંતમાં યૌગિક અનુષ્ઠાન કરવા માંગો છો, જો ગુરુજી રજા આપે તો!!

અને ગુરુજીએ એ જ દિવ્ય શાંતિ અને સ્મિત રાખીને તમને અનુષ્ઠાનની રજા આપી. પણ એ અનુષ્ઠાન તમારે આશ્રમમાં રહીને, તમારી જ ધ્યાનકુટીરમાં કરવાનું હતું.

ગુરુજીએ કહ્યું કે તમારી અનુષ્ઠાન માટેની તમામ જરુરિયાતો પૂરી થઇ જશે. પણ તમારે તમારી સામે આવેલી પરિસ્થિતીથી ભાગવાનું નથી.

અને ગુરુજીનાં આર્શિવાદ લઇને તમે તમારી કુટિરમાં આવ્યા. બીજા દિવસે પ્રાત: કાલથી તમારું યૌગિક અનુષ્ઠાન તમારા ધ્યાનકક્ષમાં શરુ થયું.

કદાચ તમારા મન અને આત્માનાં શુધ્ધિકરણની પ્રકિરયા!!

દિવસોથી ચાલી રહેલો ઉચાટ શાંત થવા તરફ જઇ રહ્યો હતો!! વિચારોમાં સ્થિરતા, નિરવતા અને શૂન્યાતા હતી!!

એક જ આશ્રમ પરિસરમાં કદાચ કુટિરની બહાર તમને શોધતી આંખોથી તમારી જાતને બચાવવા અને છૂપાવવા માટે નહી, પણ તમારી જાતને ઉન્નત કરવા માટેની સફર શરૂ થઇ ચૂકી હતી!!

શૂન્ય થઇ રહેલાં અસ્તિત્વને હવે કોઇ સરવાળા, બાદબાકી, ગુણાકાર કે ભાગાકારનાં ગણિતની કાંઇ પડી ન હતી!!

એ જ સવારે આશ્રમનાં બગીચાનાં એક ખૂણામાં વાંસનું બીજાંકુરણ થઇ રહ્યું હતું!!!

-©નયન નિમ્બાર્ક

#——#——#——#——#

‘એ નજરો - ૧’

આશ્રમમાં પગ મુકતાંની સાથે કાંઇક અજીબ પ્રકારની અનુભૂતિ થઇ રહી હતી તમને. અને આવી અનુભૂતિ માટે તમને સઆનંદ આશ્ચર્ય પણ થઇ રહ્યું હતું.

આમ તો તમારા લગ્ન થયાનાં પાંચ વર્ષ પછી જાણે એક વણલખ્યો ક્રમ જ બની ગયો કે તમારા પતિ તથા તેમનાં હમઉમ્ર મિત્રોનાં પરિવાર સાથે દર વર્ષે ઉનાળાની ધખતી ગરમીમાં ગુજરાતનાં એ મહાનગરની ધખતી ધરાને છોડીને આખા ભારતમાં ક્યાંય પણ, તમારા ઘરથી કોઇ દૂર-સૂદૂરનાં છેવાડાની ધરતી પર પહોંચી જવાનું અને પંદર-વીસ દિવસનો વેકેશનનો એ ગાળો વ્યતિત કરવાનો. ઉંમરની ચાલીસીમાં પણ એ અજાણ્યા મુલકની હવાઓ જાણે દર વર્ષે છેલ્લાં વીસેક ઉનાળાથી તમારી ટીમને આકર્ષતી હતી.

પણ આ ઉનાળાની ગરમી કોઇ હોટલ કે હિલ સ્ટેશન કે પહાડોની તળેટી કે નદી-નાળાં કે કંદરા અને દરિયાની ઉછળતી છોળોથી દૂર વિતાવાનું તમારી પ્રવાસી ટીમ દ્વારા નક્કી કરવામાં આવ્યું અને ઉત્તર ભારતમાં હિમાલયની તળેટીનાં કોઇ રાજ્યમાં કોઇ અગોચર ખૂણામાં આવેલ કોઇ જિલ્લાનાં છેવાડામાં વનરાઇઓની વચ્ચે આવેલ આ આશ્રમમાં રહેવાનું નક્કી કર્યું. અને તમારી ટીમનાં એક વ્યક્તિનાં ગુરુ એવા એ આશ્રમનાં સ્થાપક અને કર્તાહર્તા સંતની પરવાનગી લઇ લેવામાં આવેલી અને આજની ઢળતી સંધ્યાએ તમે અને તમારી આખી ટીમે આ આશ્રમમાં પગ મૂક્યો હતો.

તમારા સ્વાગતમાં આવેલ એ સંત તથા તેમનાં શિષ્યો તમને એમનાં આશ્રમમાં આવકારવા ઉભા હતા. પ્રાચીન ઋષિઓ, તેમનાં શિષ્યગણો અને આશ્રમો કેવાં હશે, એની તમારા લોકોની કલ્પના જાણે તમારી નજર સામે સાકાર સ્વરૂપમાં હતી. અને તે ‘હકીકત’ માં તમે અત્યારે ઉભા હતાં. અને હવે પછીનાં પંદર દિવસ સુધી માત્ર પાયાની સુવિધાઓ ધરાવતાં પ્રાચીનતમ યુગમાં તમે આશ્રમનાં નિયમો પાળીને રહેવાનાં પણ હતાં.

ત્યારે તમારી નજર એ સંતની પાછળ શિસ્તબધ્ધ ઉભેલાં ‘શિષ્યગણ’માંના એકની સાથે મળી. અને જાણે તમારો આત્મા ધ્રુજી ઉઠ્યો!! કાંઇક ગજબ હતું એ ઉંડી આંખોમાં. નિર્દોષ, પ્રેમાળ, હેતાળ, કરુણા નિતરતી એ આંખો જાણે દરેક લાગણીઓથી વિરક્ત થઇ ચૂકી હોય એમ લાગી રહ્યું હતું. પરંતુ કોણ જાણે કેમ તમને એ આંખો ખૂબ જ જાણીતી લાગી. તમને લાગી રહ્યું છે કે, તમે એ આંખોને જાણો છો.

આ આંખો એ જ છે કે જેમાં તમારી યુવાનીનાં ઉંબરે તમે ડૂબી જવા આતુર હતા. અને એ આંખોમાંથી તમારી સામે એક ચહેરો કંડોરાતો ગયો. એ હસતી આંખો, ને ખુલેલાં હોઠોની વચ્ચે દાડમની કડીઓ જેવા દાંતની વચ્ચે રહેલી જીભમાંથી ઝરતાં શબ્દોને સાંભળવા તમે આતુર રહેતાં હતાં. જ્યારે પણ એ શબ્દો તમારા નામમાં ઢળતાં અને તમારું નામ પોકારાતું, ત્યારે જાણે ઉછળતી હરણી હોય એમ તમે એ આંખોનાં માલિક પાસે પહોંચી જવા આતુરતાથી દોડી જતાં.

એ માત્ર તમારા માટે વ્યક્તિ નો’તો, પણ એનામાં તમારું જીવન ધબકતું!! એનાં પ્રત્યેની તમારી લાગણીનો સમંદર એટલો ઘૂઘવતો કે એની બાંહો સિવાય તમે કોઇની સાથે જીવન વિતાવી પણ શકશો, એ કલ્પના પણ તમે નો’તાં કરી શકતાં. અને આવી દિવાનગી પાછી બંને તરફે હતી. તમારી સમંદરસમી લાગણીની સામે એની લાગણીઓ જાણે નભોમંડળ હતું!! તમને અને તમારા પ્રેમને પામવા માટે પોતાની જાતને વિસ્તારીને તમને પોતાનામાં આવકારવા, ને સ્વિકારવા માટે જાણે હરક્ષણે તૈયાર..

પરંતુ પ્રેમની આ લાગણીઓને કોઇની નજર લાગી ગઇ, કે પછી પરસ્પર પ્રત્યે બસ તમે આટલી જ લાગણીઓ વહેંચી શકો, એવું તમારા નસીબમાં હશે!! એ ગોઝારા દિવસથી તમે છૂટા પડ્યા. એકબીજાને મળ્યા વિનાં. પરસ્પરનાં ચહેરાને જોયાં વિનાં. ન તો આંખો, ન તો નજરો, ન તો પરસ્પર સુધી શબ્દો પહોંચ્યા. તમારાં શબ્દો અને લાગણીઓ આંસુઓનો ધોધ બનીને તૂટી પડ્યાં, ને તમે ખાલી થાતાં રહ્યાં. એક દિવસ એવો આવ્યો કે તમે સાવ ખાલી થઇ ગયાં. તમારાં માઁ-બાપ અને હિતેચ્છુઓની લાગણી તમને કોઇનાં જીવનમાં દોરી ગઇ!!

તમારાં લગ્ન, કુટુંબ, બાળકો, જવાબદારીઓ અને પ્રસંગોમાં કદાચ તમે નામી-અનામી ઘણું બધું ભૂલી ગયા હતા. અને સમય એની ઉપર રેત સરકાવતો જ ગયો.

પણ ન જાણે કઇ રીતે એ આંખો આજે તમારી સામે હતી. અને એ ક્ષણાર્ધ પૂરતી મળેલી નજરોમાં જાણે તમે વિતેલાં વર્ષોની હરપળ જીવી ગયાં.

તે પછી એ આશ્રમજીવનમાં જીવેલાં પંદર દિવસો સુધી નિરંતર એ આંખોને તમે શોધતાં જ રહ્યાં. પરંતુ એ આંખો તમને ક્યાંય ન મળી!! ક્યારેય ન મળી!! અને આજે સોળમા દિવસની સવારે જ્યારે તમે તમારા કુટુંબ તથા ટીમ સાથે આશ્રમ છોડી રહ્યા હતાં, ત્યારે તમારી આંખોને બસ એકવાર- કદાચ છેલ્લી વાર જોઇ લેવાની ગજબની તલપ તમને વ્યાકુળ બનાવી રહી હતી. એમ લાગતું હતું કે, એ આંખો મને રોકી લ્યે!! અને હું રોકાઇ જાઉં. પરંતુ એ આંખો ક્યાંય ન હતી. અને તમને ક્યાંય ન મળી.

અને, ફરી પાછા એ આંખો અને આશ્રમને છોડીને તમે તમારા રોજિંદા જીવન સંસારમાં પ્રવેશવા માટે તમારા 'અંગત' લોકોની સાથે, તમારા 'ઘર' તરફ આગળ વધી રહ્યા હતા...!!

-© નયન નિમ્બાર્ક

‘અકબંધ કવર’

આજ ફરી એ નામ અને સરનામું લખ્યા વિનાનું કવર તમારા હાથમાં લીધું. અને સમય જાણે હાથ પકડીને ખેંચી ગયો તમને ચૌદ વર્ષ પહેલાંની ક્ષણોમાં....

ઢોલ ઢબકી રહ્યા હતાં, ને જાનડીઓ લગ્નગીતો અને ફટાણાઓની મોજ માણી રહી હતી. લગ્નનો પૂરો માહોલ જામેલો હતો. તમારી બાજુમાં બેઠેલ ‘રૂપ’ પાનેતરમાં ઝબકી રહ્યું હતું. એ નીચી નમેલી આંખો ક્યારેક તમને જોઇને મલકી જતી ત્યારે તમારે સાતેય કોઠે જાણે દિવાળી દીપી ઉઠતી. ને વારંવાર તમારી નજરો તમારી શરમની ઝંઝીરોને તોડીને પાનેતરમાં છુપાઇને બેઠેલા એ ‘રૂપ’ ને સ્પર્શી આવતું. અને હસ્ત મેળાપની એ ક્ષણો, જ્યારે તમે અનુભવેલું કે, “છે આજ મારા હાથમાં મહેંદી ભરેલ હાથ, મારોય હાથ આજ તો સુંદર બની ગયો...”. એ ક્ષણનો એ પ્રથમ સ્પર્શ, જાણે સમય એ સમયે તમારી હર લાગણીઓનાં સિતારને છંછેડી રહ્યો હતો. એ વિધિ-વિધાન પૂરાં થયા અને એ ‘રૂપ’ તમારાં ઘરમાં આવ્યું, જાણે લક્ષ્મી રુમઝુમતાં તમારા આંગણાંમાં આવ્યા!! એ રીતે તમારા ‘એરેન્જડ મેરેજ’ થયેલાં. તમારા પિતાનાં બાળપણનાં ઓળખાણને એમ સામાજિક દરજ્જો મળેલ. તમારી ઇચ્છા પૂછ્યા વિનાં થયેલા સંબંધમાં તમારી હામી તમારો ખીલેલો ચહેરો જ વ્યક્ત કરી દેતો હતો..

આંગણે આવેલ એ ‘રૂપ’ની સાથે શરૂ થયેલું તમારું જીવન-સહજીવન એ સ્વર્ગને ધરતી પર ઉતારી દેનારું હતું. એ ‘રૂપ’ જેટલું લાવણ્યસભર હતું, એ ‘રૂપ’માં ગુણ એટલાં જ અદભૂત હતાં. ક્યારે એ ‘રૂપ’- ગુણ તમારામાં અને તમારાં કુટુંબીજનોમાં ઓતપ્રોત થઇ ગયું એ ખબર જ ન પડી!!

હા ... સિવાય કે...

સિવાય કે તમારા જીવનમાં ઝંઝાવાત બનીને આવેલ એ પ્રસંગ. તમારા ‘રૂપ’ સાથે જોડાયાને હજુ સમય જ કેટલો થયો હતો!! કોઇ દેખીતા કારણ વિનાં કે તમારાં સંબંધથી નજાણે ના-ખુશ એવા ‘રૂપ’નાં મામાએ સર્જેલ તોફાન.. ‘રૂપ’નાં એ મામા સાથે થયેલી તમારી વાતચીત! એ ‘રૂપ’ નાં મામાનાં અવાજનો એ ટોન, એ શબ્દો, એ તીખાશ, એ વ્યંગ!! અને તમારી સહનશક્તિનું કવચ તૂટી જાય ત્યાં સુધી કરવામાં આવેલો શબ્દોનો મારો!! અને ત્યારે નાછૂટકે તમે પ્રત્યુત્તરમાં છોડેલાં એ શબ્દતીર!!

ત્યારે કહેવાયેલ એ અંતિમ શબ્દો, “અમને એમ હતું કે કુમારનાં મોઢામાં તો જીભ જ નથી!!”

ત્યારે ત્યાં હાજર રહેલ 'રૂપ' નીચી નજરો રાખીને રોઇ રહી હતી. ઘણી અંગત વાતો ચર્ચાઇ તમારી આગળ, જે માત્ર તમારી અને 'રૂપ' ની વચ્ચેની હતી! અને એ દુર્ઘટના પછી, એ જ દિવસે મળેલા એકાંતમાં તમે 'રૂપ' ની સાથે બેઠાં હતાં. કોઇ શબ્દો ન હતાં તમારી અને 'રૂપ' ની વચ્ચે. જાણે મોટી ખાઇ સર્જાઇ ચૂકી હતી. સ્વાભિમાન-અભિમાનની અદ્રશ્ય દિવાલો તમારી વચ્ચે હતી. તમને અંદાજ પણ ન હતો કે દિવાલો દરિયા જેટલી મોટી થાતી જાશે, અને તમને એક કિનારો બનાવી દેશે!!

તમને બિલકુલ યાદ છે એ ૧૩ ડિસેમ્બરની રાતનાં ૯.૩૦ નો સમય. એનાં મામાનો આવેલ ફોન-સંદેશો. 'રૂપ' હવે તમારી સાથે રહેવાની 'ના' પાડે છે. તમારો પરિવાર જમવા બેસવાની તૈયારીમાં હતો, અને પછી એ રાતે તો બધાની ભૂખ મરી ગઇ!!

બીજા દિવસે તમે તમારાં મામીજીને ફોન કર્યો. ત્યારે બહુ જ ઉદ્દત જવાબ હતો, "કુમાર! તમે મારા દિકરા જેવા છો! પણ હોય હવે! તમે દુનિયામાં પહેલાં વ્યક્તિ થોડાં છો કે જેનાં લગ્ન તૂટતાં હોય!"

તમને વિશ્વાસ નહોતો આવતો એ શબ્દોની ઉપર કે જે તમે સાંભળી રહ્યા હતાં!! તમારી સતત આજીજી, એ 'રૂપ' ની સાથે વાત કરાવવા માટેની, અને સામેથી મળતો જવાબ, "એ તમારી સાથે વાત જ કરવા નથી માંગતી", "એની ઇચ્છાથી જ ના પાડી છે", "હવે કાંઇ થઇ શકે એમ નથી." અને બધું જ ખતમ!!!

અને એ રાતે, તમારા રુમનાં એકાંતમાં તમે લખેલ શબ્દો! તમે લખતાં જ ગયાં! તમારી કલમમાં શ્યાહી ખૂટી ગઇ ત્યાં સુધી તમે લખતાં ગયાં! તમારી આંખોમાંથી આંસુઓ ટપકતાં રહ્યાં, ત્યાં સુધી તમે લખતાં ગયાં! શબ્દોએ તડપીને દમ તોડી દીધો, ત્યાં સુધી તમે લખતાં ગયાં! લાગણીઓ ગૂંથાતી-ગૂંથાતી તમારા હ્રદયનાં ભારને એક પત્રનો આકાર આપી રહી, ત્યાં સુધી તમે લખતાં ગયાં! પાનાંઓ ભરાતાં ગયાં!!

હવે??

એ બધા જ કાગળો લઇને તમે એક કવરમાં બંધ કરી દીધાં અને ગુંદર લગાવી દીધું એ કવર ઉપર..

હવે બાકી રહ્યું નામ અને સરનામું લખવાનું. જે હવે ક્યારેય લખાવાનું ન હતું. કારણ કે એ કવર તમે 'રૂપ'ને ક્યારેય પહોંચાડવા માંગતા જ ન હતાં!!

એ દિવસથી એ પત્ર તમારી લાગણીઓનો ખજાનો બની ગયો. જેમ ટાઇટેનીક ડૂબીને મહાસાગરનાં તળીયે બેસી ગયું એમ એ દિવસથી એ પત્રમાં સંઘરાયેલી

તમારી લાગણીઓ, એ ‘રૂપ’નાં નામ અને સરનામાં વિનાનાં એ કવરમાં છુપાઇને બેસી ગઇ!!

‘રૂપ’ એ પાછાં મોકલેલાં તમારા સામાનમાં કઇ વસ્તુઓ હતી કે નો’તી, એ જોવાની પણ તમને ક્યારેય દરકાર ન થઇ!! કારણ કે એ પાછું મોકલનાર ‘રૂપ’ હતી! એ સામાન નહી, તમારી કચડાયેલી, છુંદાયેલી અને તાર-તાર થયેલી લાગણીઓ પાછી આવેલી!! છુટાછેડાનાં મોકલેલ કાગળો ઉપર ‘રૂપ’ની સહી જોઇને, કાંઇપણ બોલ્યા વિનાં તમે સહી કરી આપેલ!!

એ વાતને ત્રણેક મહીનાં જેટલો સમય વિત્યો હશે, કે તમારાં કાનોમાં વાત પહોંચી કે એ ‘રૂપ’નાં આજે લગ્ન છે!! એ રાતે તમારા રુમનાં અંધારામાં એ કવરને છાતીએ દબાવીને તમે વહાવેલાં આંસુઓથી થયેલી તમારા ઓશિકાની ભીની કોર અને લાલ આંખો, તમારી માઁથી છુપાવી ન શકેલાં! પણ એ માઁની આંખોની થઇ ગયેલ ભીની કોર તમે જોઇ ન શકેલાં! તમારો જાહેર કરેલો નિર્ણય કે હવે મારા લગ્નની કોઇવાત આ ઘરમાં ન કરવી! એ નિર્ણયનાં કિલ્લાનાં પથ્થરો ખેરવવાનો અથાગ પ્રયત્ન તમારા માઁ એ કરેલો. પાંચ વર્ષનાં એ અથાગ પ્રયત્ન સામે નહી, પણ તમારી માઁનાં આંખોનાં આંસુઓ તમારાં નિર્ણયને પીગળાવી ગયાં!!

આજે તમારાં ઘરમાં બે બાળકોની કિલકારીઓ ગૂંજી રહી છે!! અને ‘સુંદરતા’ પાંચ વર્ષથી તમારા ઘરને રોશન કરી રહી છે!! પણ તમારા હસતા હોઠો પાછળ તમારી છુપાયેલી લાગણીઓ આજેય કોઇ વાંચવા સક્ષમ નથી!!

તમારા અગત્યનાં કાગળોની નીચે હંમેશા માટે તમે સાચવીને રાખેલ એ નામ અને સરનામાં વિનાનું કવર- તમારું ડૂબેલું ટાઇટેનીક, જ્યારે પણ એ ‘રૂપ’ નાં સ્મરણનાં વાદળો તમારા મન, હ્યદય અને આત્મામાં ઘેરાઇ જાય છે તેવા હર પ્રસંગે આજપણ તમે ચોક્કસ હાથમાં લ્યો જ છો!! એ કવર પર ક્યાંક જામેલી ધૂળ આંખોમાં આંજીને, થોડી લાલાશ આંખોમાં ભરીને ફરી પાછું એને એ જ રીતે તમારાં પ્રેમની કબર પર ફૂલ ચઢાવતાં હોવ એમ સાચવીને કબાટમાં મૂકીને એ કબાટ બંધ કરો છો!!

-©નયન નિમ્બાર્ક

“માવઠું”

પડોશીની બૂમ સાંભળીને ‘પૂર્ણા’ ગેલેરીમાં તાર ઉપર સુકાતાં કપડાં લેવા દોડી. આમ તો બે-ત્રણ દિવસથી વાતાવરણ ઘેરાયેલું હતું જ, અને આજે તો વરસી જ ગયો આ વિણ મોસમ વરસાદ.

કપડાં બેડરૂમમાં બેડ ઉપર મૂકીને બેડરૂમની ગેલેરીનાં દરવાજે અઢેલી ઉભી ‘પૂર્ણા’ બહાર જોઇ રહી હતી વરસતા ફોરાંઓને, પલળતાં ઝાડને, ધોવાતાં રસ્તાઓને, દોડાંદોડી કરતાં રાહદારીઓને.. અને કોણ જાણે કેમ, કોઇપણ કારણ વિનાં મનમાં ‘એ’ ડોકાઇ ગયો. એનો એ હસતો ચહેરો યાદ આવી ગયો.

જાણે કહેતો હોય, “લે! આજે તો હું પણ આવી ગયો છું, આ માવઠાની જેમ!!”

અને એ સાથે જ ‘પૂર્ણા’ જાણે ડૂબકી મારી ગઇ યાદોનાં સરોવરમાં..

લગભગ વીસેક વરસની જ એ હશે કે જ્યારે એને જોવા માટે ‘એ’ આવ્યો હતો. એય પણ આમ તો તમારો હમઉમ્ર જ હતો ને!! ખબર નહી શું ગમવા જેવું હતું એનામાં! પણ એવું કાંઇક જરૂર હતું જે આકર્ષી જાય! એને જ્યારે તમે ‘ચ્હા’ આપવા ગયેલા, ત્યારે ક્ષણાર્ધ માટે તમારી નજરો મળેલી. ને કદાચ ત્યારે જ તમે નક્કી કરી નાખેલું કે, “બસ, હવે તો આ જ હશે મારો માણીગર.”

અને પછી તમે બંને જોડાયા સગાઇથી. એકાદ વર્ષનો સમયગાળો કાંઇ નાનોસૂનો તો નથી જ હોતો! કેવી કેવી યાદો મૂકી ગયો છે ને એ સમય!!

એકમેકની બાજુમાં હાથમાં હાથ પકડીને બેઠા હતાં એ દરિયાની રેતમાં, ને આથમતાં સૂરજને જોતાં ગૂજરેલી એ સાંજ! ત્યારે દરિયાની રેતમાં તમારા ખોળામાં એનું માથું મુકીને એનું સૂવું, અને દૂરથી આવતો દીવાદાંડીનો પ્રકાશ બતાવીને એનું તમને કહેવું,”મારું જીવન હવે તારા જ સહારે છે! હું મારા જીવનમાં ક્યાંય અને ક્યારેય કોઇ ખરાબે ન ચઢી જાઉં એટલે તું હંમેશા મારી દિવાદાંડી બની રહેજે!”

અને એ પછીની મુલાકાતોમાં તમારું એનાં ઘરે જવું, રોકાવું. એનું તમારા ઘરે આવવું, રોકાવું. તમારી એ મુલાકાતોમાં એનું કોઇ વાતોમાં ગુસ્સે થાવું, અને તમારું એને સોરી કહેવું. તરત જ એનું હસીને તમને આંખ મીચામણા કરવું!! એ જોઇને તમારું મોઢું ખીલતા ગુલાબ જેવા સ્મિતથી ભરાઇ જવું.

એનું એની જિંદગીમાં કાંઇક બનવા માટેની ગડમથલ, સંઘર્ષ. એનું એમાં હારવું, થાકવું, નિરાશ થવું! પણ ક્યારેય એ નિરાશા તમારા સુધી ન જ પહોંચી હોત,

જો એ દિવસે પોતાનાં આંસુઓને રોકી શક્યો હોત. પણ તમારા સાંત્વને એનામાં જાણે નવું જોશ ભરી દીધું હતું. તમારું બસ એટલું કહેવું કે, "તમે એક હજાર લાવશોને, તો એમાંય હું ચલાવી લઇશ. તમે કોઇ ચિંતા ન કરો."

અને એનું તમને વચન કે, "હું તને ખુશ રાખવા મારાથી બનતું બધું જ કરી છૂટીશ. બસ તારો હાથ મારા હાથમાં રાખજે!"

પણ એ હાથ તમે જ છોડાવેલો.

બદલાતા સંજોગોમાં તમે એક નિર્ણય લીધો કે, "હવે મારી જિંદગીમાં એ ન જ જોઇએ." તમારી આંખોમાંય આંસુઓ તો હતાં જ ને એ વખતેય!

તમે એની સાથે વાત કરવાનું પણ ઉચીત ન માન્યું, એ નિર્ણય લેતાં પહેલાં.. કદાચ એની કોઇ વર્તણૂંક જ તમને મજબૂર કરી ગઇ હતી આવો કોઇ નિર્ણય લેવા માટે! જો કે, "એનાં ઉપર શું વિતશે?" અરે! "વિતશે કે નહી?" એવો કોઇ વિચાર કર્યા વિનાં તમે પથ્થર દિલ થઇ ગયેલાં. ત્યારે મધ્ય ડિસેમ્બરમાં આવો જ અણધાર્યો વરસાદ વરસી ગયેલો! અને કદાચ એ માવઠું નો'તું! પણ... કોને પરવા હતી?

એ પછીનાં લગ્નની મોસમમાં તમારા લગ્ન લેવાઇ ગયાં. તમે હ્યદયનાં કોઇ અંધારિયાં ખૂણાંમાં એને પૂરી ચૂક્યાં હતાં. તમે જિંદગીમાં ક્યાંય આગળ વધી ચૂક્યાં છો આટલાં વિતેલાં વર્ષોમાં.. અને બે બાળકો તથા પતિ સાથે સુખેથી જાણીતાં શહેરનાં પોશ વિસ્તારમાં વૈભવી ફ્લેટમાં જીવન જીવી રહ્યાં છો!

તમે આજદિન સુધી એ જાણવાની કોઇ દરકાર પણ નથી લીધી કે, એ ક્યાં છે? શું કરે છે?

પણ ખબર નહી કેમ આજે એનો ચહેરો હ્યદયનાં અંધારિયાં ખૂણાંમાંથી છટકીને કેમય કરીને આંખો સુધી પહોંચી શક્યો હતો!

ત્યાં જ દોડી આવેલી નાની આશ્કાએ તમને પૂછ્યું. "મમ્મી! આજે વરસાદ કેમ આવ્યો?" અને તમે કીધું કે,"બેટા, આ વરસાદ નથી. આને માવઠું કહેવાય! વિણ-મોસમનો વરસાદ!! એનાં આવવાની કોઇને રાહ ન હોય, એમ ચાહ પણ ન હોય! આ પાણીમાં ભીજાઇએ તો બસ બિમાર જ થવાય! કોઇ કામનો નથી આ મેહ! કારણ કે એની મોસમ ચાલી ગઇ છે! હવે એ ના આવે એ જ સારું, સૌનાં માટે!!"

આટલું બોલતાં બોલતાંય તમારી નજર રસ્તા પર વરસાદી પાણીનાં ભરાઇ રહેલાં ખાબોચીયાં પર સ્થિર હતી. નાનકડી આશ્કા તમારી પાસેથી ક્યારે ચાલી ગયેલી, એની પણ તમને કોઇ ખબર ન હતી.

પણ સાચી હકીકત પણ એ જ હતી કે, આ વરસાદની કોઇને કદર ન હતી. કારણ કે એનો કોઇને ઇંતઝાર ન હતો. પણ મનમાં કોઇ ખૂણાની જેમ હવામાનમાં કોઇ ડિસ્ટબર્ન્સને કારણે ઘેરાયેલાં આ વાદળો કોઇ મોકો જોયાં વિનાં વરસી રહ્યાં હતાં..

પોતાનાં જ વજનથી ભારેખમ થઇ ગયેલાં પાણીની બુંદો આજે ગડગડાટ કરતી તૂટી પડી હતી, કોઇ દેખીતાં કારણ વિનાં!!

પણ ફરી પાછા આ વાદળો વિખેરાશે. સૂરજ આવશે. તપશે. લોક ફરી પોતાની રોજિંદી જિંદગીમાં પરોવાઇ જાશે. અને ભૂલી જાશે કોક'દિ જીવનમાં વરસેલાં એ 'માવઠા'ને!!

-© નયન નિમ્બાર્ક

'સમય'

નજર સામેથી કાંઇ કેટલાય ચહેરાઓ, વાહનો, દૃશ્યો, મકાનો રોજ સવારનાં તમારા 'મોર્નિંગ વોક' નાં રસ્તામાં આવે છે, અને કાંઇ સ્પેશિયલ ધ્યાને આવ્યા વિનાં એ ચહેરાઓ, વાહનો, દૃશ્યો, મકાનો દુનિયાની ભીડમાં ખોવાઇ જાય છે. આજે સાતેક વર્ષથી અનિવાર્ય સંજોગો સિવાય તમારો એ મોજીલો 'મોર્નિંગ વોક'નો સીલસીલો ચાલી રહ્યો છે. અને આ સાતેક વર્ષોનાં ગાળામાં કેન્દ્ર અને રાજ્યની સરકારો તો ઠીક, તમારા શહેરની મ્યુનિસિપાલીટીનું શાસન પણ બે-ત્રણ વખત બદલાઇ ગયું. મેરાથોન અને સાઇક્લોથોન જેવી 'વર્લ્ડ ક્લાસ' ઇવેન્ટો પણ આ વર્ષોમાં તમારી નજર સામે તમારા રોજિંદા રસ્તા પર જોવાઇ ગઇ. સીગલ પટ્ટીનાં રસ્તાથી મહાનગરનો બદલાતો મિજાજ બી.આર.ટી.એસ. માં ફેરવાવો, એ પણ તમારી નજર સામેની ઘટનાઓમાંની એક હતી. એ જ રીતે રસ્તામાં મકાનોનાં આકારો અને પ્રકારો બદલાવા, એ પણ તો મહાનગરની બદલાતી તાસીર બતાવતું હતું. ચાલતા જતાં બાળકો સાઇકલ પર અને હવે પીળાં રંગી બસોમાં પોતાનાં સ્કૂલો અને કોલેજોમાં જવા લાગ્યા, એય તો આ મહાનગરમાં થાતો બદલાવનો દાખલો હતો.

પરંતુ આ સાતેક વર્ષોમાં તમારા મોર્નિંગ વોકનાં એ છ કિલોમીટરનાં રસ્તામાં તમે રોજ અજાણતાં જ તમારા મનચક્ષુમાં જે નોંધતા રહેતા, એ ઘરની બહાર આજે કોઇ બિલ્ડરનું એક મોટું બોર્ડ લાગી ગયું હતું. આમ તો કોશેટોમાંથી પતંગિયા બને એમ આ આધુનિક નગરનાં જંગલમાં ટેનામેન્ટો એપાર્ટમેન્ટોમાં પરિવર્તિત થવા એ ખૂબ જ સ્વાભાવિક હતું. પરંતુ સાતેક વર્ષ પહેલાં તમે મોર્નિંગ વોકમાં જવાનું શરુ કર્યું ત્યારથી ફક્ત ગ્રાઉન્ડ ફ્લોરનું એ ટેનામેન્ટ હંમેશા તમારી નજર ખેંચતું. પાંસઠી ઉંમરનું દંપતિ અને લગભગ પચ્ચીસેક વર્ષનો છોકરડો એ ઘરનાં વરંડાની અંદરની દુનિયામાં નજર આવતાં. એ વૃદ્ધ દંપતિ હાથમાં કપ લઇને કિચુડ કિચુડ કરતાં એ હિંચકાને ધીમા પગે ઠેલતું, ત્યારે મધનો પ્યાલો મોઢે માંડતું હોય એમ મલકાતું,

પરસ્પરની વાતોમાં તલ્લીન બનેલું જોવા મળતું.અને એ છોકરડો એ દંપતિની સામે લાકડાની ખુરશીમાં એક હાથમાં છાપું અને એક હાથમાં સ્ટીલનાં ગ્લાસમાં બોર્નવીટાનાં દૂધ જેવો જ ટેસડો મારતો બેઠો હોય. ક્યારેક ત્રણેય જણાં વાતોએ વળગ્યાં હોય. લગભગ આવો જ રોજનો ક્રમ. દિવાળી જેવાં તહેવારે એ ઘરમાં થોડી ભીડભાડ લાગતી. ત્રીસેક વર્ષની આસપાસની લાગતી ત્રણેક બહેનો અને પાંચ-છ છોકરડાંઓની બૂમાબૂમથી ઘરમાં ખરેખર ઉજાસ પથરાયેલ લાગતો. એ

જ ચહેરાઓ દિવાળીનાં પાંચ-છ દિવસો પછી ઉનાળાનાં વેકેશન જેવા ગાળામાં પંદર-વીસ દિવસો સુધી જોવાં મળતાં. અને પછી પાછી ફેલાઇ જતી નિરવ શાંતિ ત્રણ જણનાં એ માળામાં. ત્યાં એક દિવસ એ ઘરનો સામાન બહાર હતો. અને કલરનાં ડબલાંઓ પણ બહાર પડેલાં હતાં. નવાં કલેવર સજીને ઘર કાંઇક અલગ જ રીતે દિપી રહ્યું હતું. વળી થોડાં દિવસો પછી એ ઘર આગળ માંડવો હતો. ઢોલ ઢબુકી રહ્યા હતા. મહેમાનોનો કોલાહલ અને છોકરાંવની દોડાદોડી હતી. બે-ત્રણ દિવસનાં આવા ધમધમાટ પછી પાછી શાંતિએ ઘરમાં ડોકું કર્યું અને પાછી આવીને રહી ગઇ. હવે એ ઘરમાં બે સફેદ પારેવડાંઓની સાથે મોરલાંની જોડીનો પણ થનગનાટ થઇ રહ્યો હતો. હિંચકા ઉપર બેસીને હિંચકતા એ વૃદ્ધ દંપતિની સામે હવે પ્લાસ્ટિકની બે ચેરમાં બીજા બે કપમાં મધનો ઘૂંટડો ભરતાં નવયુવાન દંપતિ હતા. એક દિવસ એક ગાડી એ ઘર આગળ ઉભી હતી, ને એમાં સામાન મુકાતો હતો. એ વૃદ્ધની આંખોમાં આંસુઓ છૂપાતાં નહતાં, એમ એ વૃદ્ધા ઝાંપો પકડીને ઉભા હતા, સાવ જ ભાવશૂન્ય થઇને!! એ ઘટનાંને બીજે દિવસે સવારે એ જ ઘર હતું, એ જ વૃદ્ધો હતાં. પણ ન તો હિંચકો ચાલી રહ્યો હતો કે ન તો એ દંપતિનાં હાથમાં કપ હતો. બંને સફેદ પારેવડાંનો ઘૂઘવાટ એકદમ શાંત હતો. એનું કારણ કદાચ એ હતું કે સામે કોઇ ખુરશી પણ ન હતી. અને ખુરશીમાં બેસવાવાળાઓ પણ ન હતાં. રોજની જેમ સવારો વિતતી જ જતી. ધીરે ધીરે ફરી એ જ દંપતિ-એ જ હિંચકો-એ જ કપ. ફરી એક સવારે ઘર પાસે સફેદ કપડાં પહેરેલાં સજ્જનો અને સન્નારીઓની ભીડ હતી. હિંચકો ખાલી હતો. અને ઘરમાંથી રડવાનો અવાજ આવી રહ્યો હતો. થોડાં દિવસો એ ઘર સામે નજર કરવાની પણ હિંમત ન ચાલી. પરંતુ દિવસો પછી જ્યારે નજર પડી ત્યારે વૃદ્ધ નજર નીચી રાખીને ગુમસુમ, એ હિંચકા ઉપર બેઠા હતા. ન તો હિંચકો ચાલી રહ્યો હતો, ન તો એ હાથમાં કપ હતો. એ સવાર પછી તો ક્યારેય એ હિંચકો હાલતો ન જોયો. કે ન જોયો એ હાથોમાં કપ. દિવાળીનાં બે-ચાર દિવસોમાં ઘર સવારથી કલબલાટથી ઉભરાતું જોવા મળ્યું, એમાં એક નાનકાનો ઉમેરો હતો, જે હિંચકા ઉપર બેસવા માટે જિદ કરતો હતો અને એ ‘મોરલી’ એ નાનકાને તેડીને રસ્તાનાં વાહનો બતાવવામાં મશગૂલ હતી. પણ પાછું એ ઘર સન્નાટાને સમાવીને બેઠું હતું. એક સવારે એ હિંચકો પણ ખાલી હતો. સફેદ કપડાંમાં સજ્જનો કોઇ ‘બેસણાં’ની તૈયારીઓ કરી રહ્યા હોય, એમ લાગતું

હતું. થોડાં દિવસ એ વેકશનીયા ચહેરાઓ સફેદ કપડાંમાં દેખાયા અને પછી ઘરનાં દરવાજા ઉપર, ઝાંપા ઉપર લટકતું તાળું દેખાયું. હિંચકો હતો. પણ ખાલી.

અને થોડાં દિવસોમાં એ ઘરની બહાર એક મોટું બોર્ડ જોવા મળ્યું. “4 BHK Luxurious Flat”. એ ઘરને કેટલાંક દિવસો પછી પતરાંઓ વીંટી વળ્યા. હવે એ હિંચકો પણ દેખાતો ન હતો. અને હવે ક્યારેય દેખાવાનો પણ નહતો.

-©નયન નિમ્બાર્ક

[redacted]

"દોઢીયું"

આજે તમારા ભાઇ માટે આવેલી લગ્નની વાતમાં સામેવાળા તરફથી કન્યાની કુંડળી મોકલવામાં આવી હતી. અને તમારા મમ્મી-પપ્પાએ એક ઓળખીતા જ્યોતિષીને ઘરે કુંડળી મેળાપક માટે બોલાવ્યા હતા. આમ તો તમારા લગ્નને આઠ વર્ષ જેટલો લાંબો ગાળો વિતી ચૂક્યો છે. પણ ઘરની મોટી દીકરી હોવાનાં નાતે તમારા માતા-પિતા ઇચ્છતા હતા કે દરેક શુભ પ્રસંગમાં તમારી હાજરી હોવી જ જોઇ. અને એટલે આજે શુભ પ્રસંગની શરૂઆત થવાની શક્યતામાં પણ તમારી હાજરી ઇચ્છીત હતી..

તે જ્યોતિષી તમારા ભાઇ અને કન્યાની કુંડળી જોવામાં વ્યસ્ત હતા અને તમે તમારા માતા-પિતા અને ભાઇ-બહેનની સાથે વાતે વળગેલા હતા, હસી મજાકનો દોર ચાલી રહ્યો હતો. ઘણાં લાંબા સમયે તમે આજે તમારા ભાઇ અને બહેનની સાથે આવી હળવાશમાં હશો, નહી!!

ત્યાં જ તમારા મમ્મીને કાંઇક યાદ આવ્યું અને ઉભા થયા. તિજોરી ખોલી અને કાંઇક શોધી રહ્યા હતા. થોડીવારની મથામણ અને ગૂંચવણ બાદ ચહેરા પર કાંઇક મળ્યાના વિજયી સ્મિત સાથે પાછા આવેલા તમારા મમ્મીનાં હાથમાં બીજી બે કુંડળીઓ પણ હતી. એક તમારી અને બીજી તમારી નાની બહેનની. તમારા ભાઇનાં મેળાપક જોઇને બેઠેલા જ્યોતિષીનાં હાથમાં એ કુંડળીઓ આપતા તમારા મમ્મીએ બંને કુંડળીઓ વિષે પણ કાંઇક કહેવા કહ્યું અને તમારું બધું જ ધ્યાન જ્યોતિષીનાં ચહેરા અને હોઠો પર આવીને અટકી ગયું. હર ઇંસાનની જેમ પોતાનું ભવિષ્ય જાણવાની તાલાવેલી જ સ્તો!! થોડીવારે એ ચોકઠાઓ જોઇ રહેલા જ્યોતિષી, કે જે તમારી કુંડળી જોઇ રહ્યા હતા, થોડાં વિષાદનાં, વિચારનાં અને મૂંઝવણનાં ભાવ સાથે નજર ઊંચી કરીને તમારા મમ્મી તરફ જોઇને બોલ્યા કે, આ કુંડળીમાં તો 'દોઢીયું' છે. તમારા મમ્મીનાં ચહેરા પર થોડો વિષાદ આંટો મારી ગયો. તમારી સાથે એકાદ ક્ષણ નજર મળી અને ફરી તમારી મમ્મીની નજરોએ જ્યોતિષી ઉપર સ્થિર થઇ અને બોલ્યા, 'હા'. એકવાર એની સગાઇ થઇ'તી, ને તૂટી ગઇ છે. અને હવે લગન કરીને પોતાનાં ઘરે સુખી છે.

તમારા માટે 'દોઢીયું' શબ્દ નવો ન હતો, પણ એ તમારી જ કુંડળીમાં હતો, અને એ કુંડળીનાં ચોકઠાઓમાંથી નીકળીને તમારા જીવનને ઘમરોળી ચૂક્યો હતો. એ અનુભવ અને દર્દનું લખલખું ઘડીકમાં તમારા અસ્તિત્વમાંથી ફરી ગયું. અને તમો ભૂતકાળમાં ખોવાઇ ગયા.

કોઇ નવયુવાન તમને જોવા આવેલો, એની સાથે તમારી મરજી પૂછીને સગાઇ કરવામાં આવેલી. એ આત્મિયતાનો દોઢ વર્ષ જેટલો લાંબો ગાળો, પ્રેમની ઉત્કટતા, હોઠોનું ભીંજાવું એ હોઠોથી, સ્વપ્નોમાં મળવાનાં કોલ, દિવસોની મુલાકાતો, એ હાથોમાં હાથ રાખીને કલાકો બેસવું, તમારા ખોળામાં માથું મૂકીને એનું સૂઇ રહેવું વિગેરે વિગેરે. અને અચાનક કારણોનું તોફાન ચડ્યું અને સપનાઓનો એ માળો પીંખાઇ ગયો. તમે સગાઇ રાખવાની ‘ના’ પાડી અને એ યુવાને તમને કોઇ કારણ પણ ન પૂછ્યું. એને તમે કાયમ માટે જુદા થઇ ગયા. હ્યદયમાં એક કબર પોતાનાં હાથે ખોદીને તમે તમારા પ્રેમને દાટી દીધો અને ઉપર મસમોટો પથ્થર મુકી દીધો. તમારા મમ્મી-પપ્પા અને સગા સંબંધીઓની ઇચ્છા, દબાણ અને લાગણીની સામે ઝુકીને તમે એ સગાઇ તૂટવાનાં ખૂબ જ ટૂંકાગાળામાં સગાઇ માટે- લગ્ન માટે ‘હા’ પાડી. અને પછી તમારા લગ્ન, બાળકો અને તમે સંસારમય બની ગયા. તમારા હ્યદયમાં રહેલી એ કબર પણ વિસરાઇ ચૂકી હતી.

અને આજે આ ‘દોઢીયા’’ શબ્દએ તમને એ કબર ફરીથી યાદ દેવડાવી દીધી. આટલા વર્ષો પછી એક સવાલ તમારા મગજમાં આંટો મારી ગયો કે, ફક્ત મારી જ કુંડળીમાં દોઢીયું હશે, કે એની કુંડળીમાં પણ હશે? કે મારી કુંડળીનાં ‘દોઢીયા’ નાં કારણે એણે ભોગવવું પડ્યું હશે?

વિચારોનાં વંટોળમાં ફસાયેલાં તમને તમારા મમ્મીએ તમારા નામનો રસોડામાંથી પાડેલો સાદ બહાર ખેંચી લાવ્યો. એ તમને જ્યોતિષી માટે કાંઇક ઠંડુપીણું બનાવવાનું કહી રહ્યા હતા. એ લીંબુ શરબત બનાવતી વખતે તમારી આંખમાંથી ગુપ્ત રીતે ટપકેલું આંસુ ખૂલેલી મીઠાની બરણીમાં પડ્યું અને મીઠામય બની ગયું.

પણ....

તમને કદાચ ખબર નથી. તમારી કુંડળીમાં રહેલાં દોઢીયાની અસર એ યુવાન ભોગવી રહ્યો છે. તમારી સાથેની તમારી સાથેની તૂટેલી સગાઇ પછી આજીવન લગ્ન ન કરવાનાં નિર્ણયને ‘એ’ આજે આઠ વર્ષ પછી પણ વળગી રહ્યો છે!!

કાશ! તમારાં ભાઇનાં મેળાપક જોવાય છે, એમ તમારી એ યુવાન સાથેની સગાઇ કરવાની તમારી ‘હા’ પહેલા તમારા મમ્મી-પપ્પાએ તમારા મેળાપક કરાવ્યા હોત!

એક યુવાનની જિંદગી તો બચી જાત!

....

‘સ્મરણ’

આખા અઠવાડિયામાં તમારા વ્યવસાયથી બસ એક રવિવારે જ તમે આ રીતે સાંજે ઘરે હોવ અને એ પણ ટી.વી. ની સામે !!

આવા જ એક આજનાં રવિવારે ચાહની ચુસકીઓની સાથે બિસ્કીટની મહેફિલ માણતા તમે લેપટોપ લઇને ઇન્ટરનેટની દુનિયાની સફરને માણી રહ્યા છો.

વાહ! ખરેખર આ રીતે આખો પરિવાર રવિવાર સિવાય સાથે જોવો એ રજાનાં દિવસ સિવાય તો એક લ્હાવો જ છે, હોં !

સેન્ટર ટિપોઇ ઉપર તમારા લંબાવેલા પગ ઉપર બિરાજી રહેલું લેપટોપ અને લેપટોપનાં કિ-બોર્ડ પર ફરી રહેલી અને ક્યારેક અટકીને કાંઇક વિચારતી અને ફરી કાંઇક ટીકટીક કરતી આંગળીઓ અટકી ગઇ.

“બહોત સાલ હો ગયે હમેં મિલે!”

“પંદરહા સાલ ચાર મહિને દસ દિન!”

આવો સંવાદ ન જાણે ક્યાંથી આવીને ગરમગરમ મીણની જેમ કાનમાં ઉતરી ગયો અને એક ક્ષણમાં તો છેક હ્રદય સુધી પહોંચી ગયો..

ક્યારે તમારી નજર ઉઠીને ચાલી રહેલા ટી.વી. પર ગઇ એની તમને પણ ખબર ન રહી.

સોની ટી.વી. પર બસ આ જ ડાયલોગને કારણે તમે જોવા ધારેલું ‘દિલવાલે’ ચાલી રહ્યું હતું. અને તમારી લેપટોપની દુનિયામાં ખોવાયેલા તમને બસ આ જ ડાયલોગ તમારી નજર સામેની દુનિયાથી બસ આવા જ કાંઇક ચૌદ વર્ષ, આઠ મહિના અને અઢાર દિવસ પહેલાની દુનિયામાં લઇ ગયો.

તમારી આસપાસની આ દુનિયા બસ ઓગળી ગઇ અને નજર સામે એ ચહેરો આવી ગયો.

એ આંખો, એ નાક, એ હોઠો, એ સ્મિત, એ તોફાની નજર..

એ મહેંદી ભરેલો હાથ તમારા હાથમાં હતો અને તમે ગણગણેલી એ જાણીતી પંક્તિઓ,

“છે આજ મારા હાથમાં મહેંદી ભરેલ હાથ,

મારોય હાથ આજ તો સુંદર બની ગયો !”

તમારું એ ખોળામાં માથું મુકીને સૂઇ જવું અને એ કોમળ હાથોનું તમારા ઝુલ્ફામાં ફરવું ને ફરતા જ રહેવું..

એ નરમ નરમ હોઠોમાં ગરમ ગરમ શ્વાસો..

અને બસ કોઇ એક ક્ષણે એ બધું જ ખતમ થઇ ગયું.

જાણે કોઇ સ્વપ્ન પૂરું થયું ને કોઇએ તમને લાત મારીને જગાડી દીધા. એ પણ વિચારવા ન દીધું કે એ સ્વપ્ન હતું કે હકીકત !!

ક્યાંય પણ આજેય ગૂંજતું એ નામ, ન માત્ર તમારા કાનોને ચમકાવી દે છે, પરંતુ તમારા હ્યદયનાં તારને પણ ઝણઝણાવી દે છે!!

અને પછી તો દિવસો ઉગતા ગયા, મહિનાઓમાં ફેરવાતા ગયા. એ મહિનાઓને વર્ષો બનતાં વાર ન લાગી.

વર્ષોનાં સમયનાં તોફાને તમને એક સામાન્ય કારકૂની નોકરીથી આજે પ્રતિષ્ઠત વ્યવસાય સુધી પહોંચાડ્યા. સુંદર પત્ની, તેજસ્વી બાળકો સાથે આર્થિક રીતે ઠીક ઠીક સંપન્ન કર્યા.

છતાંય આ બધુંય ક્યારેય તમારા સંતોષનું કારણ ન બની શક્યું.

આજ પણ એ વરસતા વરસાદમાં તમારી આંખોનું વહી જવું કોઇને દેખાતું નથી!

એ જ રીતે ‘દિલવાલે’નાં એ ડાયલોગે તમારી અંદરનાં એ આંસુઓને કાંઇક એ રીતે આજે વિનાં વરસાદે બહાર ખેંચી કાઢ્યા. પણ લેપટોપનાં કી-બોર્ડ પર ફરતી તમારી આંગળીઓન જાણે ક્યારે આંખોનાં ખૂણા સુધી પહોંચી ગઇ, ને વિદ્રોહ પર ઉતરેલાં એ આંસુઓનાં વિદ્રોહને દબાવી દેવામાં આવ્યો.

એક નાનો સરખો નિસાસો ભરઉનાળાની આ મદમસ્ત ગરમ સાંજમાં ફેફસામાંથી ક્યારે નીકળીને હવામાં વિલીન થઇ ગયો, એ તમારા સિવાય કોઇને ખબર પણ ન પડી.

ને ત્યાં જ તમારી નજર પડી તમારી સામેના સોફા પર. જ્યાં તમારી સુંદર પત્ની હજુ ‘દિલવાલે’માં ખોવાયેલી હતી, ને તમારા બાળકો પર, જે હજુ એમની મસ્તીમાં મસ્ત હતા.

એક મસમોટું વાવાઝોડું આવ્યું, તમારાથેર ભટકાયું, ને તમારામાં શમી ગયું.

પણ તમને ખબર નથી, જેનાં માટે એ વાવાઝોડું સર્જાયું હતું એ પણ આ જ ક્ષણે દુનિયાનાં કોઇ ખૂણામાં ‘દિલવાલે’ જોઇ રહી છે. અને આ જ રીતે એની આંખોનાં ભીનાં ખૂણાને કોરી લાગણીઓનાં દુપટ્ટાથી લુછી રહી છે!!

-©નયન નિમ્બાર્ક

લેખકનો પરિચય



નયનકુમાર મનોહરલાલ નિમ્બાર્ક. જન્મ અને ઉછેર અમદાવાદમાં. ઈલેક્ટ્રીકલ એન્જિનિરીંગમાં ડીપ્લોમાં કર્યા બાદ બી.એ. તથા એમ.એ. મનોવિજ્ઞાન વિષય સાથે કર્યું. ત્યારબાદ એલ.એલ.બી.. અત્યારે અમદાવાદમાં વકીલાતનાં વ્યવસાય સાથે સંકળાયેલ છે.

લેખનની શરૂઆત જીવનનાં શરૂઆતના વર્ષોમાં થઈ હતી. લગભગ પંદર વર્ષની ઉંમરે અમદાવાદ છોડીને બીજા શહેરમાં જવાનું અને રહેવાનું થયું, ત્યારથી ઘરેથી દૂર જવાનાં પ્રસંગો, ઘર અને કુટુંબીજનો પ્રત્યેની લાગણીથી શબ્દો આવતાં ગયા અને કાગળ ઉપર ઉતરતા ગયાં. ધીરેધીરે શબ્દોને દિશા મળવાની શરૂઆત થઇ. પરમમિત્ર કૌશિક રાવતનું લેખન માટેનું માર્ગદર્શન અને સહકાર લેખનના કાર્ય માટે દિશાદર્શક બની રહ્યાં. જીવનની ઘટનાઓ કલમને અને લાગણીઓને ધાર આપતી ગઈ, એ ચોટ અને નિશાનીઓ શબ્દોમાં અવતરતી ગઈ.

શરૂઆતથી ઘણા સમય સુધી લખતી હર રચનાઓ કાગળ ઉપર લખાતી અને કાગળના પાનાંઓ વચ્ચે સમાતી ગઈ. ત્યારબાદ ‘ફેસબુક’ પેજ ‘સ્પંદન’ બન્યું. એ જ રીતે ‘અ-પૂર્ણવિરામ’, ‘શૂન્યાવકાશ’ અને ‘અનંત-એક અંત’ બનતાં ગયા. રચનાઓ રચાતી ગઈ. લાગણીઓ વધાવાતી ગઈ. પ્રેમ અને લાગણીઓ મળ્યાં અને મળતાં જ ગયાં.

એક વિચાર જન્મ્યો – રચનાઓને પુસ્તક સ્વરૂપ આપવાનો. ઘણાં સમય સુધી વિચાર બીજ બનીને સમયની ભૂમિમાં સચવાઈ રહ્યો. આખરે રચનાઓ પુસ્તક સ્વરૂપે પ્રકટી – લોકડાઉનનાં સમયમાં. એ રીતે એક પછી એક પુસ્તકો આકાર પામતા ગયાં અને e-Book સ્વરૂપે પ્રકટતા ગયાં.

હર વિચારો માટે, હર રચનો માટે એ અનંત ઈશ્વરનો આભાર. હર રચનાઓને આવકાર માટે તથા સતત પ્રોત્સાહન આપવા માટે હર વાચકગણનો આભાર..

લેખકના પુસ્તકો :





